# Educational Research Monograph

# શૈક્ષણિક સંશોધન સારાંશ

# (2022-24)




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

સંલગ્ન

## શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**NAAC- B** ગ્રેડ કોલેજ કોડ- **280**


શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર

ગોબરી રોડ, કરણાવત શાળા સંકુલ, જિ. બનાસકાંઠા, ગુજરાત-385001

ટે.નં- 02742-257322, મો – 9408057410

**Web - www.bkkpsm.org E-mail – bkpsrkdmed@gmail.com**

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Matrushree S. S. Govinda and Shrimati
R. K. D. Khanushiya College of Education
Palanpur, Dist. Banaskantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.16 on four point scale
at B grade
valid up to April 30, 2020

Date : May 01, 2015

Director

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

(2022-24)

## CHIEF EDITOR

Dr. Pinakshiben B. Patel (Professor& Head)

## SUB EDITORS

Mr. Piyushkumar K. Pancholi (Asst. Professor)
Mr. Jayantibhai V. Patel (Asst. Professor)
Dr. Jyotsanaben L. Barad (Asst. Professor)
Mr. Chetankumar J. Raval (Asst. Professor)
Mrs. Rajuben J. Patel (Asst. Professor)

**SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR**

**Affiliated with**

**HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**

**Managed By**

SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR

**Copyright @ RKDMED**

**Composed By:**
Smt. R.K.D. Khanushiya M.Ed. College, Palanpur
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Printer:**
Network Print
1, Old Market Yard,
Palanpur-385001
M: 9426004741

**Publisher:**
Shri BKKPSM TRUST,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Edition: Third (5, August 2024)**

**ISBN NO: 978-93-340-7767-4**
**Price: Rs. 430/-**

# પ્રમુખશ્રીનો સંદેશ



શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુરના અધ્યાપકો દ્વારા સંપાદિત **"શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2022-24)"** નામક પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે જાણીને ગૌરવ અનુભવું છું.

એમ.એડ્. વિભાગના અધ્યાપકો અધ્યાપન ઉપરાંત અધ્યયનના પરિપાક સ્વરૂપે થયેલા સંશોધનોને સમાજ ઉપયોગી બનાવવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તે ખુબ જ સરાહનીય છે. વર્તમાન સમયમાં જ્યારે શિક્ષા ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે ત્યારે તેના નવા આયામ તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી છે. શિક્ષણ પદ્ધતિમાં નવી તકનીકી સંરચનાઓ અને શિક્ષણ દરમિયાન લેવાનારી પરીક્ષા અને મૂલ્યાંકન જેવી બાબતો સમયાંતરે પરિવર્તન માગે છે, પરંતુ આ પરિવર્તન પણ ભારતીય તત્વજ્ઞાનના મૂલાધાર અને ભારતીય સામાજિક મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં હોવું ઘટે.

મને એ વાતનો આનંદ છે કે એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન પટેલ અને અધ્યાપક મિત્રો સર્વશ્રી શ્રી પિયુષકુમાર પંચોલી, શ્રી જયંતીભાઈ પટેલ, અને ડૉ. જ્યોત્સનાબેન બારડ,રાવલ ચેતનકુમાર,પટેલ રાજુબેન જેવા પરિવર્તનના પ્રહરી આ ભગીરથ કાર્યમાં સહયોગી બન્યા છે. મને લાગે છે કે સંશોધન એ માત્ર ઉપાધિ મેળવવાનો ઉપક્રમ નથી પરંતુ તે રાજ્યના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના ઘડતરમાં ઉપયોગી બને તો જ શિક્ષણ સંસ્થાનું ખરું પ્રદાન ગણાય.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ તરીકે આ પ્રયાસને બિરદાવતાં મને હર્ષની લાગણી અનુભવાય છે અને સમગ્ર મંડળ આ કાર્યને કારણે વધુ પ્રતિષ્ઠિત થશે તેવી મને ખાતરી છે. આ પ્રકાશનના સર્વ યશભાગી વ્યક્તિઓને અભિનંદન અને શુભેચ્છા.

**શ્રી ઇશ્વરભાઇ એ. કર્ણાવત**

પ્રમુખ

શ્રી બ.કાં.ક.પા.સંસ્કાર મંડળ,પાલનપુર

# આચાર્યશ્રીનો આવકાર નિવેદન



શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એમ.એડ્ વિભાગ દ્વારા **શૈક્ષણિક સંશોધનોના સારાંશ 2022-24** નું અત્યંત મૂલ્યવાન પ્રકાશન થવા જઈ રહ્યું છે. જે અત્યંત પ્રસન્નતા અને ગૌરવપૂર્ણ બાબત છે. આ મુજબના શૈક્ષણિક પ્રકાશન માટે સતત કાર્યરત અને જાગૃત એમ.એડ્ વિભાગનો પરિવાર વિશેષ અભિનંદનને પાત્ર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષણ વિદ્યાશાખાનું સ્થાન કેન્દ્રનું છે. આ વિદ્યાશાખાના માધ્યમથી સંશોધનાત્મક પદ્ધતિઓ, અભિગમ, તેના વિવિધ આયામો, આંતર વિદ્યાશાખાકીય સંબંધો વગેરેથી માંડીને સંશોધનના વિવિધ ક્ષેત્રોના વિશાળ વ્યાપ પર ઝીણવટભર્યું અને અભ્યાસપૂર્ણ સંશોધન તથા તેના ફળ સ્વરૂપ તારણ એ માત્ર એક જ વિદ્યાશાખાને નહીં પરંતુ શૈક્ષણિક ક્ષેત્રોની અનેક વિદ્યાશાખા માટે ઉપયોગી બની શકે તે સ્વાભાવિક છે.

એમ.એડ્. વિભાગની 15 વર્ષની અવિરત સંશોધન યાત્રા અંતર્ગત 501 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે, જે પૈકી વર્ષ 2022-24 માં તૈયાર થયેલા લઘુશોધ નિબંધોના સમગ્રતયા વિશ્લેષણાત્મક અભિગમ સાથે જે સારાંશ તૈયાર કરવામાં આવેલ છે તેનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. તે માત્ર એમ.એડ્. વિભાગ માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે સીમાચિહ્ન રૂપ ઘટના છે. સંશોધનાત્મક ક્ષેત્રની ગૌરવગાથાની રચના અને તેના પ્રત્યક્ષીકરણ માટે એમ.એડ્ કોલેજના બધા જ અધ્યાપકો અભિનંદનને પાત્ર છે. આ ભગીરથ કાર્યો માટે તે તમામને સવિશેષ ધન્યવાદ પાઠવું છું. સમગ્ર પ્રકલ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ.

**ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ**
પ્રોફેસર એન્ડ હેડ
શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા.
એમ.એડ્. કોલેજ, પાલનપુર

# સંપાદકીય

શિક્ષણ, સંશોધન, માર્ગદર્શન અને વિસ્તરણ એ અનુસ્નાતક શિક્ષણ કક્ષાએ અધ્યયન-અધ્યાપન માટેનાં મુખ્ય ચાર ધ્રુવ છે. જેમાંથી માર્ગદર્શન અને વિસ્તરણ એ એમ.એડ્.ના સંશોધન આધારિત લઘુશોધ નિબંધ માટે અનિવાર્ય બની રહે છે.

સંશોધનો હાથ ધરાય, તેનાં અહેવાલો લખાય, તાલીમાર્થીઓ ડિગ્રી મેળવી લે અને અહેવાલો ગ્રંથાલયનાં કબાટમાં કેદ થઇ જાય તેનાથી ભાવિ તાલીમાર્થીઓને કંઇ જ ફાયદો ન થાય. આથી, એમ.એડ્. વિભાગનાં અધ્યાપકોએ વિચાર કર્યો કે અગાઉનાં વર્ષ એટલે કે વર્ષ **2022-24** નાં તાલીમાર્થીઓ દ્વારા હાથ ધરાયેલાં અમુલ્ય સંશોધનો ગ્રંથાલયનાં કબાટોમાં પુરાઇ ગયા છે તો તેના સાચા ઉપભોક્તા- શિક્ષકો અને ભાવિ સંશોધકો સુધી સરળતાથી પહોંચે તેવું કંઇક કરવું જોઇએ.

આ પુસ્તકમાં વર્ષ **2022-24 માં** હાથ ધરાયેલા તમામ સંશોધનોને સંશોધન ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી દરેકને એક પ્રકરણ સ્વરૂપે રજૂ કર્યા છે. આ ભગીરથ કાર્યને પાર પાડવામાં નિષ્ણાત, કાર્યક્ષમ અને મહેનતું એવા એમ.એડ્. વિભાગના તમામ અધ્યાપક મિત્રોનો ફાળો અનન્ય રહ્યો છે.

આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં જરૂરી પ્રોત્સાહન અને મંજૂરી આપવા માટે શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજના આદરણીય પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ ડો. પિનાક્ષીબેન પટેલનાં ઋણી છીએ. સન્માનનીય પ્રમુખશ્રી ઇશ્વરભાઇ કરણાવતના આભારી છીએ.

**તારીખ**:- 05/08/2024

**સ્થળ**: પાલનપુર

**સંપાદક સમિતિ**

શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા

એમ.એડ્. કોલેજ, પાલનપુર

# 2022-24 સંશોધન સમીક્ષાત્મક પરિચય

શ્રીમતી રેવાબેન કરસનભાઇ દેવાભાઇ ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુરની સ્થાપના 2008માં થઇ ત્યારથી શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના 501 લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે. જે પૈકી અહીં વર્ષ 2022-24 માં હાથ ધરાયેલાં લઘુશોધ નિબંધોનો જ સમાવેશ કરાયો છે. **N.C.E.R.T.** દ્વારા પ્રકાશિત **– Fifth Survey of Educational Research Volume 1 & Sixth Survey of Educational Research (1993-2000) Volume-2** માં કુલ 39 સંશોધન ક્ષેત્રો દર્શાવ્યાં છે. એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ- **2022-24** માં  અનુક્રમણિકામાં દર્શાવેલ સંશોધનક્ષેત્રો આવરવામાં આવ્યા છે.

## સંશોધનક્ષેત્ર અનુસાર સંશોધન વર્ગીકરણ અનુક્રમણિકા (1-195)

| વર્ષ | મુખ્ય પ્રકરણ | પેટા પ્રકરણ | સંશોધન ક્ષેત્ર | સારાંશ | કુલ સારાંશ |
|---|---|---|---|---|---|
| **2022-24** | **પ્રકરણ-1** | **પ્રકરણ-1** | શિક્ષણનું તત્વજ્ઞાન | 15 | 01 |
| | | **પ્રકરણ-2** | શિક્ષણનું મનોવિજ્ઞાન | 3,17,22,26,30,31,33, 37,39,45 | 10 |
| | | **પ્રકરણ-3** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | 14,32,36,41,47,51 | 06 |
| | | **પ્રકરણ-4** | શૈક્ષણિક ટેકનોલોજી | 01,04,10,11,13,35,44 46 | 08 |
| | | **પ્રકરણ-5** | તુલનાત્મક શિક્ષણ | 02,52 | 02 |
| | | **પ્રકરણ-6** | વ્યક્તિ અભ્યાસ | 20,49 | 02 |
| | | **પ્રકરણ-7** | માર્ગદર્શન અને સલાહ દર્શન | 05,25 | 02 |
| | | **પ્રકરણ-8** | શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ | 07,8,9,23,48 | 05 |
| | | **પ્રકરણ-9** | વિજ્ઞાન શિક્ષણ | 34 | 01 |
| | | **પ્રકરણ-9** | ભાષા શિક્ષણ | 06,18,24,28,42,50 | 06 |
| | | **પ્રકરણ-10** | શિક્ષણનું સંગઠન,વહીવટ અને સંચાલન | 16 | 01 |
| | | **પ્રકરણ-11** | શિક્ષણનું સમાજશાસ્ત્ર | 12,21 | 02 |
| | | **પ્રકરણ-12** | પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષક-પ્રશિક્ષણ | 19,27 | 02 |
| | | **પ્રકરણ-13** | મૂલ્ય શિક્ષણ | 29,38,43,53 | 04 |
| | | **પ્રકરણ-14** | ગણિત શિક્ષણ | 40 | 01 |
| | | કુલ | | **53** | **53** |

| Sr. No. | Name of Students | Research Area | Research Title |
|---|---|---|---|
| 1 | **Bulbul Kumari Mohan Kumar Paswan (Smt.T.S.Bhargava)** | શૈક્ષણિક ટેકનોલોજી | **Impact Of Virtual Learning On Students' Academic Performance In The Accounts Subject Of Higher Secondary School Palanpur** |
| 2 | **Patel Anjaliben Nareshbhai (Dr.J.L.Barad)** | તુલનાત્મક શિક્ષણ | પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીઓનો શિક્ષણ ક્ષેત્રે તુલનાત્મક અભ્યાસ<br>**A Comparative Study Of Ancient And Modern Schooling Systems** |
| 3 | **Thakor Arvindji Dansangji (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | ધો-11 ના વિદ્યાર્થીઓ માટે તત્વજ્ઞાનના હકારાત્મક મનોવલણ કાર્યક્રમની રચના અને અસરકારકતા<br>**Design And Effectiveness Of Philosophy Positive Attitude Program For Class 11Students** |
| 4 | **Chauhan Basitali Imdadali (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક ટેકનોલોજી | ધો-12 ના નામાના મૂળતત્વો વિષયના ‘ભાગીદારના હિસાબો’ એકમના અધ્યાપન માટે કમ્પ્યુટર આસિસ્ટેડ ઇન્સ્ટ્રકશન(CAI) કાર્યક્રમની સંરચના અને અસરકારકતા<br>**Construction And Effectiveness Of Computer Assisted Instruction Programme For The Teaching Of "Partnership Account" Of Elements Of Account Subject Of Std. 12** |
| 5 | **Belam Bhikhaji Cheharaji (Dr.J.L.Barad)** | માર્ગદર્શન અને સલાહ દર્શન | ધો-11 ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ<br>**Construction And Effectiveness Of Corruption Eradication Awareness Programme For Std.-11 Students** |
| 6 | **Parmar Chetankumar Nagarbhai (Dr.J.L.Barad)** | ભાષા શિક્ષણ | ગુજરાતી વિષયમાં સેમિનાર પદ્ધતિની અસરકારકતા<br>**A Study Of The Effectiveness Of Seminar Method in Gujarati Subject** |
| 7 | **Patel Dipaliben Dineshbhai (Dr.C.M.Trivedi)** | શારીરિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ | ધો-7 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની આરોગ્યને લગતી ટેવોનો અભ્યાસ<br>**A Study Of Health Related Habits Of The Students Study In Standard-7** |
| 8 | **Parmar Gayatriben Babulal (Dr.C.M.Trivedi)** | શારીરિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ | યોગ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પર અસરકારકતા<br>**Effectiveness Of Yoga Programme On Academic Achievement** |
| 9 | **Bhatiya Govindkumar Tulshibhai (Smt.T.S.Bhargav)** | શારીરિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ | કોલેજના વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની રચના અને અસરકારકતા<br>**Construction And Effectiveness Of Dengue Awareness Programme For College Students** |
| 10 | **Chaudhary Hetalben Haribhai (Dr.J.L.Barad)** | શૈક્ષણિક ટેકનોલોજી | ધો-10 નાં વિજ્ઞાન વિષયનાં " નૈસર્ગિક સ્ત્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે ઈ-લર્નિંગ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા<br>**Construction And Effectiveness Of E-Learning For Teaching The Unit " Natural Resource Management" Of Std X In Science Subject** |
| 11 | **Trivedi Himanshiben Mahendrakumar (Dr.P.B.Patel)** | શૈક્ષણિક ટેકનોલોજી | ધો-8 ના ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમના અધ્યાપનમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસરકારકતા<br>**Effectiveness Of Content Atteinmentmodel In The Teaching Of Square And Square Root Unit Of Mathematic Subject Of Standard-8** |
| 12 | **Trivedi Hiralben Kirtilal (Dr.P.B.Patel)** | શિક્ષણનું સમાજશાસ્ત્ર | વાલીના શૈક્ષણિક દરજ્જાની બાળકની શાળામાં હાજરીનો કેટલાંક ચલોનાં સંદર્ભમાં અભ્યાસ<br>**A Study In Relation To Some Variable Of Parent's Educational Status Of Children's School Attendance** |

| | | | |
|---|---|---|---|
| 13 | **Ansari Iqbalali Sanvarhusen (Dr.P.B.Patel)** | પ્રાથમિક શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી | પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષક ન હોવાથી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ<br>**A Study Of Difficulties Faced By Students Due To Lake Of Computer Teacher In Primary Schools** |
| 14 | **Parmar Jaiminiben Rajanibhai (Dr.P.B.Patel)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન કરાવવામાં આવતી પ્રવૃત્તિઓનો અભ્યાસ<br>**A Study Of The Activities Conducted During Substitute Period To Secondary School Students Of Unjha Taluka** |
| 15 | **Jaganiya Jalpaben Laxmanbhai (Mr.J.V.Patel)** | શિક્ષણનું તત્વજ્ઞાન | સાવિત્રીબાઈ ફૂલેનાં વિચારોમાંથી પ્રગટ થતું શિક્ષણ દર્શન<br>**A Philosophy Of Education Emerging From The Thoughts Of Savitribaiphule** |
| 16 | **Patel Jinalben Bharatkumar (Smt.T.S.Bhargava)** | શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન | બી.એડ્. કોલેજનાં તાલીમાર્થીઓની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **2020** વિશેની જાગૃતિનો અભ્યાસ<br>**A Study On Awareness Of National Education Policy 2020 Amongst B.Ed. College Student** |
| 17 | **Patel Kaminaben Ramajibhai (Dr.P.B.Patel)** | શિક્ષણનું મનોવિજ્ઞાન | પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોનો અભ્યાસ<br>**A Study Of Attitude Of Higher Secondary Students Of Palanpur Taluka Studying In General Stream Towards Elements Of Account Subject** |
| 18 | **Parmar Kanjibhai Virabhai (Dr.P.B.Patel)** | ભાષા શિક્ષણ | માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ<br>**A Study of the Attitudes of Secondary School Students towards the Subject of Sanskrit** |
| 19 | **Thakor Mahendra Rameshji (Dr.J.L.Barad)** | પ્રાથમિક શિક્ષણ | બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ<br>**A Study Of Problem Of The Primary Teacher Trainess Of The Banaskantha District** |
| 20 | **Modh Mihirkumar Nileshkumar (Dr.C.M.Trivedi)** | વ્યકિત અભ્યાસ | શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ પાલનપુર સંચાલિત એકમોનો સંસ્થાકિય વ્યકિત અભ્યાસ<br>**An Institutional Case Study Of Educational Institutions Managed By Shree Banaskantha Anjana Patel Kelavani mandal Palanpur** |
| 21 | **Rod Mukeshkumar Devchandbhai (Dr.J.L.Barad)** | શિક્ષણનું સમાજશાસ્ત્ર | વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ<br>**A Study Of Consumer Protection Awareness In The Students Of Secondary Schools Of Vadgam Taluka** |
| 22 | **Solanki Narendra Laxmanbhai (Dr.C.M.Trivedi)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | ધો-૮ ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિનાં કારણોનો અભ્યાસ<br>**A Study Of The Reasons For Aversion In Students Of Std 8th In Subject Social Science** |
| 23 | **Taral Nareshkumar Dhanabhai (Dr.P.B.Patel)** | શારીરિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ | વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ<br>**A Study Of Expectations Of Secondary School Teachers From Parents In Relation With Student's All-Round Development** |
| 24 | **Vaghela Nishaben Viramabhai (Dr.J.L.Barad)** | ભાષા શિક્ષણ | ધો-6 નાં ગુજરાતી વિષયમાં વાંચનમાં થતી ભૂલો નિવારણ માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ<br>**Diagnostic And Remedial Teaching For Prevention Of Reading Errors In Gujarati Subject Of Class 6** |

| | | | |
|---|---|---|---|
| 25 | **Patel Nitaben Becharbhai (Mr.J.V.Patel)** | માર્ગદર્શન અને સલાહદર્શન | પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ<br>**A Study Of The Causes To Select The Educational Stream Of Higher Secondary School Students Of Palanpur Taluka** |
| 26 | **Modi Pankajkumar Dineshbhai Smt.T.S.Bhargav** | શિક્ષણનું મનોવિજ્ઞાન | દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોનો અભ્યાસ<br>**A Study Of Scientific Attitudes Of Students Of Secondary Schools Of Deodar Taluka** |
| 27 | **Chaudhary Pinalbahen Pachanbhai (Dr.P.B.Patel)** | પ્રાથમિક શિક્ષણ | બનાસકાંઠા જિલ્લામાં કે.જી.બી.વી. સંસ્થાઓનું કન્યા કેળવણીમાં પ્રદાન<br>**Contribution Of K.G.B.V. Institutions In Girl Education In Banaskantha District** |
| 28 | **Makwana Poorveshkumar Umeshbhai (Dr.J.L.Barad)** | ભાષા શિક્ષણ | ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયના શબ્દભંડોળનો અભ્યાસ<br>**Vocabulary Study Of English Subject Of Students Studying In Class-9** |
| 29 | **Raval Pradipkumar Kantilal (Mr.P.K.Pancholi)** | મૂલ્ય શિક્ષણ | ધોરણ - ૧૧ સંસ્કૃત પાઠયપુસ્તકમાંથી પ્રાપ્ત થતા મૂલ્યોનો અભ્યાસ<br>**Study Of Values Derived From Class 11 Sanskrit Textbook** |
| 30 | **Rana Priyankbhai Chandanbabu (Mr.J.V.Patel)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-12 ની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યા<br>**The Adjustment Problems Of The High Achievers In Standard Xii Annual Examination Of Banaskantha District** |
| 31 | **Purohit Rajubhai Trikmabhai (Dr.C.M.Trivedi)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ<br>**Behavioural Problems Of Students Studying In Secondary School** |
| 32 | **Bubadiya Rakshaben Virmabhai (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધો-12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ<br>**A study of frustration among Eklavya model school students of std-12 of B.K. district** |
| 33 | **Chaudhary Rekhaben Velabhai (Mr.J.V.Patel)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | ધોરણ-**8** ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ<br>**On Struction And Tryout Of An Educational Programme Through Perception In Science & Technology Subject Of Std. VIII** |
| 34 | **Parmar Rimpalben Karsanbhai (Mr.J.V.Patel)** | વિજ્ઞાન શિક્ષણ | ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ<br>**Study Of The Difficulties In Experiment Work In Chemistry Subject For Standard 11 Stream** |
| 35 | **Patel Sadhanaben Amaratbhai (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક ટેકનોલોજી | ધોરણ-**8** નાં અંગ્રેજી વ્યાકરણના 'Conjuction' એકમના અધ્યાપન માટે CAI અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ<br>**A Comparative Study Of CAI And Traditional Method In Teaching English Grammar 'CONJUNCTION ' Unit Of Standard-8** |
| 36 | **Dave Sagarkumar Dineshchandra (Dr.C.M.Trivedi)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | ધોરણ-૧૦ ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના<br>**Construction Of Question Bank Based On Syllabus Of Science Subject Of Standard-**10 |
| 37 | **Purohit Sahadevbhai Jesaji (Smt.T.S.Bhargav)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | લાખણી તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પનાનો અભ્યાસ<br>**A Study Of Self-Discipline Concept In Secondary School Students Of Lakhani Taluka** |

| | | | |
|---|---|---|---|
| 38 | **Panchal Sandip Jayantilal (Mr.J.V.Patel)** | મૂલ્ય શિક્ષણ | ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ **2019-20**ના વર્ષથી ધો-**10**માં અમલી બનેલ **N.C.E.R.T** સામાજિક વિજ્ઞાનપાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ<br>**A Study of Opinions of the Students, Teacher and Parents Regarding NewSocial Science N.C.E.R.T. Textbooks of 10th Standard in force From Academic Year 2019-20 in Gujarat State** |
| 39 | **Barot Sanjaybhai Parthibhai (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | ધો-9 ના વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિયોગ્યતા વિકસાવવાના કાર્યક્રમનો અભ્યાસ<br>**A Study Of Appitude Development Program In Social Science Subject Of Standard 9th Subject** |
| 40 | **Chaudhari Shaileshkumar Ishvarbhai (Dr.C.M.Trivedi)** | ગણિત શિક્ષણ | ધોરણ-8 ના ગણિત વિષયના શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા<br>**A Review Of The Current Situation Of Education In Mathemetics Subject Of Standard-VIII** |
| 41 | **Dharmani Sonalben Rameshkumar (Smt.T.S.Bhargava)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ અને વાલીઓના વલણોનો અભ્યાસ<br>**A Study Of The Attitude Of Students And Parents Toward Competitive Examinations** |
| 42 | **Parghi Surataben Harshanbhai (Mr.P.K Pancholi)** | ભાષા શિક્ષણ | ધોરણ-૮ ના ગુજરાતી વિષયના એકમોના સંદર્ભમાં નાટયીકરણ પદ્ધતિની અસરકારકતા<br>**Effectiveness of Dramatization Method with Reference to Subject of Gujarati of the 8th Standard** |
| 43 | **Pegatar Sureshkumar Valabhai (Dr.J.Lbarad)** | મૂલ્ય શિક્ષણ | ધોરણ - ૯ ગુજરાતી વિષયમાં વ્યાકરણના એકમ સંજ્ઞા અને તેના પ્રકારોના શિક્ષણ કાર્ય માટે આગમન નિગમન પદ્ધતિની અસરકારકતા<br>**Effectiveness Of Arrival Incorporation On Teaching Of The Unit Noun And Types In Gujarati Grammer For 9th Standard Students** |
| 44 | **Bhil Tejalben Manabhai (Mr.J.V.Patel)** | શૈક્ષણિક ટેકનોલોજી | ધો-**9** ના સામાજિક વિજ્ઞાન વિષયમાં કુદરતી વનસ્પતિ એકમના અધ્યાપન માટે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયન સાહિત્યની અસરકારકતા<br>**Effectiveness Of Ppt And Self Learning Material For The Teaching Unit Natural Plant of Social Science Subject Of Standard 9th** |
| 45 | **Joshi Truptiben Devrambhai (Mr.P.K Pancholi)** | શૈક્ષણિક મનોવિજ્ઞાન | બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિનો તેમની આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિના સંદર્ભમાં અભ્યાસ<br>**A Study Of Intelligence Of B.Ed. Trainees In Context To Their Spiritual And Emotional Intelligence** |
| 46 | **Moga Trushnaben Raghabhai (Dr.P.B.Patel)** | શૈક્ષણિક ટેક્નોલોજી | ધોરણ-11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયનની અસરકારકતા<br>**Effectiveness Of Ppt And Self-Learning Material For The Teaching Unit Demand Of Economics Subject Of Standard 11th** |
| 47 | **Parmar Urmilaben Bhikhabhai (Mr.P.K.Pancholi)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | ધોરણ-**10** ના સામાજિક વિજ્ઞાન વિષયના નવા પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંકની સંરચના<br>**Construction Of Question Bank Based On New Syllabus Of Social Science Subject Of Std-10** |
| 48 | **Solanki Vinodbhai Mirkhanbhai (Mr.P.K.Pancholi)** | શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ | ધો-11 ના વિદ્યાર્થીઓ માટે વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા |

| | | | |
|---|---|---|---|
| | | | **Construction and Effectiveness of additional Eradication Awareness Programme for Students of Standard -XI** |
| 49 | **Jadav Virmabhai Methabhai (Dr.P.B.Patel)** | વ્યક્તિ અભ્યાસ, | લોકનિકેતન ટ્રસ્ટ રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ |
| | | | **An Organizational Person Study Of Lokniketan Ratanpur Managed Educational Institutions** |
| 50 | **Rajput Vishnuba Pratapsinh (Dr.P.B.Patel)** | ભાષા શિક્ષણ | ધોરણ- 5 માં અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની રચના અને અસરકારકતા |
| | | | **Construction And Effectiveness Of English vocabulary Development Program For The Students Of Standards – 5** |
| 51 | **Dave Rutu Madhusudanbhai (Dr.J.L.Barad)** | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | ધોરણ-10 ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના |
| | | | **Construction of Question Bank Based on Syllabus of Gujarati Subject of Std.10** |
| 52 | **Bhatiya Palak Karsanbhai (Dr.C.M.Trivedi)** | તુલનાત્મક શિક્ષણ | પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ પર વિદ્યાર્થીઓના અભિપ્રાયપરનો તુલનાત્મક અભ્યાસ |
| | | | **A Comparative Study of student opinion on-traditional teaching methods and online teaching Methods** |
| 53 | **Bhatiyayamini Karsanbhai (Dr.P.B.Patel)** | મૂલ્ય શિક્ષણ | બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના અંગ્રેજી વિષય શીખવતા શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ અંગેનો અભ્યાસ |
| | | | **A study of vocabulary in English for the teachers teaching Englishsubject in primary school of banaskantha district** |

## સંશોધન સારાંશ

**1.સશોધકનું નામ- BulbulKumari  MohanKumar Paswan**

**માર્ગદર્શકનું નામ- Smt.T.S.Bhargava**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**Impact Of Virtual Learning On Students' Academic Performance In The Accounts Subject Of Higher Secondary School Palanpur**

**સંશોધનનું ક્ષેત્ર -** The area of research is related to educational technology and learning.

**સંશોધનના હેતુઓ-**

- To study the impact of virtual learning on the academic performance of students in the Accounts subject at the Higher Secondary School of Palanpur.
- To study the impact of virtual learning on the academic performance of girls and boys (gender-wise) in Accounts subject at the Higher Secondary School of Palanpur.
- To analyse the academic performance results of students in the Accounts subject at the Higher Secondary School of Palanpur who have learned from virtual classes.
- To develop lesson plans for selected topics of Accounts based on virtual classes.
- To prepare an Accounts achievement test.
- To determine the outcomes of the Accounts achievement test.
- To compare the academic achievement of groups with high and low achievements.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- There will be no significant difference between the mean score of the experimental group and the control group with virtual learning.
- There will be no significant difference between the mean scores of genders of Higher Secondary School students with virtual learning.
- There will be no significant difference between the mean score of achievement of the experimental group and the control group with virtual learning.
- There will be no significant difference between the area and the impact of virtual learning on Higher Secondary School students.

**સંશોધનના ચલ-** Independent variable: The independent variable in the given problem is virtual learning.
Dependent variable: The dependent variable in the given problem is students' academic performance, gender and area.

**સંશોધનનો પ્રકાર-** Quantitative Research of Basic type of research

**સંશોધનની પદ્ધતિ-** Experimental method was adopted by the researcher to interpret the research

**વ્યાપવિશ્વ અને નમૂનો-** In this study, the population comprises students attending higher secondary schools in Palanpur taluka, Banaskantha district, during the academic year 2023-2024.it focuses on higher secondary schools in palanpur Sample: In this study, a sample of 60 students representing both genders, was randomly selected from 11 &12 std. at a private secondary school in Palanpur.

**ઉપકરણ-** A self-made achievement test in Accounts was prepared by the researcher to collect the required data

**પૃથક્કરણની રીત-**Two groups of students were divided into as experimental group and a control group and instructions were given by the researcher to these groups. The experimental group received instructions by virtual classes and the control group was given instructions by the traditional method. Lesson plans were made accordingly.

**સંશોધનના તારણો-**

- Students rendered with the intervention of virtual collaborative learning strategy showed the highest mean achievement scores.
- The performance of the experimental group is better in the post-test as compared to the control group.
- The virtual instructional materials were equally affected on boys and girls in terms of understanding.
- The impact of virtual learning was positive irrespective of some challenges faced by some learners.
- The boys in the experimental group scored higher than the girls in the experimental group.
- The achievement level of the post-test was quite different among boys and girls. Some students have high achievement levels while some have low achievement levels.
- The scope of virtual learning is wide as it is more flexible than traditional learning.

**સંશોધનના ફલિતાર્થો-**

The impact of virtual learning on students' academic performance was good. Today's modern world is shifting from traditional ways of learning to new modern ways of learning. But still, there are some challenges that need to be overcome as it depends on several factors. And also we can not neglect the importance of face-to-face, physical classroom learning.

**ઉપસંહાર-**

This study has shed light on the impact of virtual learning on students' academic performance in the accounts subject. The findings suggest that virtual learning can be a valuable tool for enhancing students' understanding and proficiency in accounting principles, with many students reporting increased flexibility and convenience in accessing learning materials.However, the study also revealed challenges associated with virtual learning, such as technological barriers and difficulties in maintaining motivation and focus. These challenges have been shown to harm students' academic performance in the accounts subject. Despite these challenges, the study highlights the potential of virtual learning to improve students' academic performance in accounts. Recommendations for improving virtual learning experiences include providing adequate technological support, enhancing interactive and engaging virtual learning environments, and offering additional support for students to maintain motivation and focus.Overall, this study contributes to the growing body of literature on virtual learning and its impact on academic performance. By addressing the challenges and leveraging the benefits of virtual learning, educators and policymakers can enhance the quality of accounting education and better prepare students for success in the field.Method: A post-test only control group design of true experimental method was adopted by the researcher.

**ચાવીરૂપ શબ્દો-** Virtual learning, internet, app, impact, academic performance, accounts subject.

**2.સશોધકનું નામ- Patel Anjaliben Nareshbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી) -**

પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીઓનો શિક્ષણ ક્ષેત્રે તુલનાત્મક અભ્યાસ

**A Comparative Study of Ancient and Modern Schooling Systems**

**સંશોધનનું ક્ષેત્ર –** શિક્ષણનો ઇતિહાસ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીનો શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરવો.
- પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીના સંદર્ભમાં શિક્ષક અને વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણ ચકાસવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.
- પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીના સંદર્ભમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના દ્રષ્ટિકોણના અભિપ્રાયની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાચીન શાળાકીય શિક્ષણ પ્રણાલી અને આધુનિક શાળાકીય શિક્ષણ પ્રણાલીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાય વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ–પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલી પરતંત્ર ચલ - અભિપ્રાયો અંકુશિત ચલ - શાળા, શાળાનું વાતાવરણ, વિસ્તાર આંતરવર્તી ચલ- રસ, રુચિ, વલણ અને ક્ષમતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાની દાંતા તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ 11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકો વ્યાપવિશ્વ, તેમજ 100 વિદ્યાર્થીઓ અને 20 શિક્ષકો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

**ઉપકરણ-** સ્વરચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત –** કાઈ - વર્ગ

**સંશોધનના તારણો-**

- વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના મતે પ્રાચીન પ્રણાલીથી ચાલતી શાળા પ્રકૃતિ સાથે વધુ સબંધ ધરાવે છે. તેમજ આધુનિક ઢબથી ચાલતી શાળા ઓછો સબંધ ધરાવે છે. પ્રાચીન શાળામા પ્રકૃતિ વિશેનું જ્ઞાન, પ્રકૃતિની જાળવણી તમામ બાબતો શીખવવામાં તેમજ અમલ કરવામાં આવે છે. આધુનિક શાળામાં સંપૂર્ણ અમલ જોવા મળતો નથી.
- વિદ્યાર્થીઓ શાળામાં રહીને જ અભ્યાસ કરે તો તે વધુ સારી રીતે અભ્યાસ કરી શકે તે માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને સંમત હતા.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મત મુજબ આધુનિક સમયમાં પણ પ્રાચીન ભાષા, વિષયોનું શિક્ષણ આપવું યોગ્ય છે. જેથી બાળકો આપણી જૂની પરંપરા, જ્ઞાન, સંસ્કૃતિ, વ્યવસ્થાપન જેવી બાબતોથી અવગત થાય.
- પ્રાચીન પ્રણાલીના વિષયો ભણવામાં વિદ્યાર્થીઓને વધુ રસપ્રદ લાગે છે. તેમજ શિક્ષકોને પણ પ્રાચીન વિષયો ભણાવવામાં વધુ રસપ્રદ લાગે છે. આધુનિક શિક્ષણની તુલનામાં પ્રાચીન વિષયો પ્રત્યે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને હકારાત્મક વલણ ધરાવે હતા.
- આધુનિક સમયમાં વેદો આધારિત જ્ઞાન આપવું તેમજ સાથે સાથે ટેકનોલોજીનું પણ જ્ઞાન આપવું યોગ્ય માનવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને સંમત હતા.
- પ્રાચીન પ્રણાલી તેમજ આધુનિક પ્રણાલી થી ચાલતી શાળાનું મૂલ્યાંકન એક જ દ્વારા થાય તે યોગ્ય માનવામાં આવી રહ્યું નથી. તેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ નકારાત્મક વલણ દર્શાવે હતા.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મત મુજબ આધુનિક પ્રણાલીની શાળાનું સમયાંતરે થતું મૂલ્યાંકન યોગ્ય માનવામાં આવી રહ્યું છે. જેથી વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતા તેમજ માનસિક વિકાસ યોગ્ય રીતે થાય છે. તેમજ તાસ પદ્ધતિ દ્વારા દરેક વિષયને યોગ્ય સમય આપી શકાય છે અને શિક્ષણની ગુણવત્તા જળવાય હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલીની મદદથી પ્રાચીન પ્રણાલીથી ચાલતી શાળા અને આધુનિક પ્રણાલીથી ચાલતી શાળા અંગેના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં.આમ અભિપ્રાયવલીની મદદથી કોઈ પણ સંસ્થા, શાળા વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને આચાર્યોના અભિપ્રાય મેળવી શકાય છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીઓનો શિક્ષણ ક્ષેત્રે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીનો શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરવો.પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીના સંદર્ભમાં શિક્ષક અને વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણ ચકાસવા અભિપ્રાયાવલીની સંરચના કરવી. પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાની દાંતા તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ 11 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકો વ્યાપવિશ્વ બન્યાં હતાં તેમજ 100 વિદ્યાર્થીઓ અને 20 શિક્ષકો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.આ સંશોધનમાં સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને નિષ્ણાતો પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટેના ઉપકરણની રચના કરી તથા તેનું સંચાલન કર્યું ઉપકરણ દ્વારા એકત્ર કરેલી માહિતીનું વર્ગીકરણ કરીને તેનું કાઈ-વર્ગ દ્વારા પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું. તેના આધારે મળતા તારણો વિદ્યાર્થીઓ શાળામાં રહીને જ અભ્યાસ કરે તો તે વધુ સારી રીતે અભ્યાસ કરી શકે તે માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને સંમત હતા.

**ચાવીરૂપ શબ્દો-** પ્રાચીન, આધુનિક, પ્રણાલી, શિક્ષણ

**3.સશોધકનું નામ- Thakor Arvindji Dansangji**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-11 ના વિદ્યાર્થીઓ માટે તત્વજ્ઞાનના હકારાત્મક મનોવલણ કાર્યક્રમની રચના અને અસરકારકતા

**Design And Effectiveness Of Philosophy Positive Attitude Program For Class 11 Students**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-11 ના વિદ્યાર્થીઓએ માટે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ-11 ના વિદ્યાર્થીઓના નકારાત્મક મનોવલણો જાણવા માટે પૂર્વકસોટી અને ઉત્તરકસોટીની રચના કરવી.
- ધોરણ-11 ના વિદ્યાર્થીઓમાં હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.
- ધોરણ-11 ના વિદ્યાર્થીઓમાં હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમની અસરકારકતા જાતિના સંદર્ભમાં ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-11 ના કુમારોએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ–11 ની કન્યાઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-11 ના કુમાર અને કન્યાઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - હકારાત્મક મનોવલણ કાર્યક્રમ   પરતંત્ર ચલ- હકારાત્મક મનોવલણ પરની અસર
પરિવર્તક ચલ - જાતીયતા અંકુશિત ચલ-ધોરણ, પ્રવાહ અને શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વડગામ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા હતા. ઉપરોક્ત નમુના તરીકે વડગામ તાલુકાની જ્યોત્સનાબેન જે. જાડેજા ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વરચિત મનોવલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** : ટી- કસોટી

**સંશોધનના તારણો-**

- ધોરણ-11 ના વિદ્યાર્થીઓની પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે અને પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી કરતા ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વધુ છે. આથી કહી શકાય કે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમ અસરકારક રહ્યો છે.
- ધોરણ-11 ના કુમારોની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. કુમારોની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વધુ છે. આથી કહી શકાય કે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમથી કુમારોનાં શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રનાં નકારાત્મક મનોવલણોનાં અસરકારક સુધારો રહ્યો છે.
- ધોરણ-11 કન્યાઓની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. કન્યાઓની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વધુ છે. આથી કહી શકાય કે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમથી કન્યાઓનાં શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રનાં નકારાત્મક મનોવલણોનાં અસરકારક સુધારો રહ્યો છે.
- ધોરણ-11 ના કુમારની ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી અને ધોરણ-11 કન્યાઓની ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી અને કુમારની ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની

સરાસરી અને કન્યાઓની ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી લગભગ સરખી જોવા મળે છે. આથી કહી શકાય કે નકારાત્મક મનોવલણ નિવારણ કાર્યક્રમની કુમારો અને કન્યાઓ પર અસર સમાન રહી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

તરુણાવસ્થાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રનાં નકારાત્મક મનોવલણ દૂર કરવા માટે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમનો ઉપયોગ શિક્ષકે કરવો જોઈએ.ધોરણ-11 ના વિદ્યાર્થીઓનાં નકારાત્મક મનોવલણ દૂર કરવા પ્રાર્થના સભામાં યોગ, ધ્યાન, આલ્ફા મ્યૂઝીક જેવા ઘટકો પ્રયોજવા જોઈએ.ધોરણ-11 ના વિદ્યાર્થીઓનાં નકારાત્મક મનોવલણો દૂર કરવા માટે શાળામાં કાઉન્સેલીંગ કલબની રચના કરવી જોઈએ. જેમાં વિદ્યાર્થીઓ સાથે મુકત જૂથચર્ચા કરવી જોઇએ અને માર્ગદર્શન આપવું જોઈએ.ધોરણ-11 ના વિદ્યાર્થીઓનાં નકારાત્મક મનોવલણો દૂર કરવા માટે શાળાનાં સંચાલક મંડળે અને આચાર્યશ્રી એ વિદ્યાર્થીઓનાં વાલી સાથે ચર્ચા કરવી જોઈએ અને તેમને પણ જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ તેમના મનમાં ઉદ્દભવતા નકારાત્મક મનોવલણો ઝડપથી દૂર કરી અને હકારાત્મક મનોવલણો વિકસાવવા પ્રયત્ન કરશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણાવસ્થાના વિદ્યાર્થીઓમાં નકારાત્મક મનોવલણો જાણવા અને તે દૂર કરવા માટેનો આ એક નાનકડો પ્રયાસ છે. જેનો હેતુ ધોરણ-11 ના વિદ્યાર્થીઓએ માટે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યક્રમની રચના કરવી અને ધોરણ-11 ના વિદ્યાર્થીઓના નકારાત્મક મનોવલણો જાણવા માટે પૂર્વકસોટી અને ઉત્તરકસોટીની રચના કરવી.જેની ઉત્કલ્પના ધોરણ-11 ના કુમાર અને કન્યાઓએ ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય રચવામાં આવી હતી.પ્રસ્તુત અભ્યાસમાં વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિ હાથ ધરવામાં આવી હતી.વ્યાપવિશ્વ તરીકે વડગામ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા હતા.નમુના તરીકે વડગામ તાલુકાના જ્યોત્સનાબેન જે. જાડેજા ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના વિદ્યાર્થીઓને નમુના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.જેમાં સ્વરચિત મનોવલણ માપદંડ કસોટી અને ટી- કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના તારણોમાં ધોરણ-11 કન્યાઓની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે.કન્યાઓની પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી કરતાં ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વધુ છે. આથી કહી શકાય કે હકારાત્મક મનોવલણ વિકાસ કાર્યકમથી કન્યાઓનાં શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રનાં નકારાત્મક મનોવલણોનાં અસરકારક સુધારો રહ્યો હતા.

**ચાવીરૂપ શબ્દો**- મનોવલણ

**4.સશોધકનું નામ- Chauhan Basitali Imdadali**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-12 ના નામાના મૂળતત્વો વિષયના 'ભાગીદારના હિસાબો' એકમના અધ્યાપન માટે કમ્પ્યુટર આસિસ્ટેડ ઇન્સ્ટ્રકશન(**CAI**) કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

**Construction and Effectiveness of Computer Assisted Instruction Programme for the Teaching of "Partnership Account" Of Elements of Account Subject of Std. 12**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ–૧૨ ના વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્વો વિષયના "ભાગીદારીના હિસાબો" એકમ શીખવવા માટે CAI કાર્યક્રમ તૈયાર કરવો.
- કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશન (CAI ) કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની અજમાયશ કરવી.

- CAI  કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા તપાસવા માટે ભાગીદારીના હિસાબો પર શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.
- કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશન કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથનાં કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથનાં કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના અને નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથની કન્યાઓ અને નિયંત્રિત જૂથની કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ –અધ્યાપન પદ્ધતિ      પરતંત્ર ચલ – શૈક્ષણિક સિદ્ધિ  પરિવર્તક ચલ – જાતિયતા
અંકુશિત ચલ –ધોરણ-12 વાણિજ્ય,નામનાં મૂળતત્વો,  વિષયવસ્તુ- ભાગીદારીના હિસાબો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-**  પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર તાલુકાના ધોરણ-૧૨ માં વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી ટી. ડી. શાહ વિદ્યાલય, સગ્રોસણામાંથી ધોરણ-૧૨ ના કુલ ૬૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** એકમ આધારિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી, અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-**  t- કસોટી અને કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-**

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં CAI  કાર્યક્રમની ધનાત્મક અસર જોવા મળી હતી.
- CAI કાર્યક્રમ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવામાં સમાન અસરકારક જોવા મળી હતી.
- વ્યાખ્યાન પદ્ધતિ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સમાન અસરકારક જોવા મળી હતી
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં CAI કાર્યક્રમએ વ્યાખ્યાન પદ્ધતિની તુલનામાં કુમારોમાં વધુ અસરકારક જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં CAI કાર્યક્રમએ વ્યાખ્યાન પદ્ધતિની તુલનામાં કન્યાઓમાં વધુ અસરકારક જોવા મળી હતી.
- અન્ય પદ્ધતિ કરતાં CAI  દ્વારા શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ ગમે છે. તેથી તે પસંદગીને પાત્ર છે.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ CAI  પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવું જોઈએ.શિક્ષણ વિષયવસ્તુના મુદ્દાઓમાં એકથી વધુ ઉદાહરણો લઈ શકે છે.વર્ગખંડમાં શિક્ષણને કા.પા. કાર્યમાંથી છૂટકારો મળે છે. તથા બીજી વખત શીખવતી વખતે બીજી વખતે કા.પા. કાર્ય કરવું પડશે નહીં. વિદ્યાર્થીઓ શાળામાં ગેરહાજર રહે તો કમ્પ્યૂટર સી.ડી.ની મદદથી જાતે અભ્યાસ કરી શકાશે.કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશનની લીધે વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન ટેવનો વિકાસ જોવા મળશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ–૧૨ ના વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્વો વિષયના "ભાગીદારીના હિસાબો" એકમ શીખવવા માટે CAI  કાર્યક્રમ તૈયાર કરવો. CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક

સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા તપાસવા માટે ભાગીદારીના હિસાબો પર શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી હતી. જેની ઉત્કલ્પના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય રચવામાં આવી હતી. વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર તાલુકાના ધોરણ-૧૨ માં વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન કોમર્સ પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી ટી. ડી. શાહ વિદ્યાલય, સગ્રોસણામાંથી ધોરણ-૧૨ ના કુલ ૬૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિ હતી. જેમાં એકમ આધારિત શૈક્ષણિક સિદ્ધિ કસોટી, તેમજ અભિપ્રાયાવલિ, t- કસોટી અને કાઈ-વર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું. જેનું મુખ્ય તારણ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં CAI કાર્યક્રમએ વ્યાખ્યાન પદ્ધતિની તુલનામાં કુમારો અને કન્યાઓમાં વધુ અસરકારક જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો**- વાણિજ્ય, નામાનાં મૂળતત્વો, ધોરણ-૧૨, CAI

**<u>5.સશોધકનું નામ- Belam Bhikhaji Cheharaji</u>**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-૧૧ ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ

**Construction and Effectiveness of Corruption Eradication Awareness Programme for Std.-11 Students**

**સંશોધનનું ક્ષેત્ર** – માર્ગદર્શન અને સલાહ, શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ-**

- ધો-11 ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની સંરચના કરવી.
- ધો-11 ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર સભાનતા માપન (પૂર્વ કસોટી અને ઉતર કસોટી) ની સંરચના કરવી.
- ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.
- ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમની અસરકારકતા પર જાતિયતાના તફાવતોની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધો-11 ના વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (પૂર્વ કસોટી) અને ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (ઉતર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-11 ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (પૂર્વ કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-11 ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (ઉતર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ- ભ્રષ્ટાચાર મુક્તિ કાર્યક્રમ પરતંત્ર ચલ- ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કસોટી અંકુશિત ચલ- ધો-11 ના વિદ્યાર્થીઓ, શાળાનું વાતાવરણ, વિષયવસ્તુ પરિવર્તક ચલ- જાતિયતા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓ પૈકી શ્રી આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા,પાલનપુર સહેતુક નમૂના પસંદગીથી ધો-11 ના 50 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત**- સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

- કુમારો  કન્યાઓ કરતાં પહેલેથી જ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા વધુ ધરાવતા હતા.
- કાર્યક્રમની અજમાયશ બાદ કુમાર અને કન્યાઓ સમાન ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા ધરાવતા જોવા મળ્યા હતા.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉતર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો હતો. જે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમને આભારી હતો.

**સંશોધનના ફલિતાર્થો-**

વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ સમૂહ પ્રવૃતિ આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન  આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓને તજજ્ઞો દ્વારા કલમો અને વિષયની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ જાગૃત થયા હતા તેથી  ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. ધો-11 ના વિદ્યાર્થીઓને ટ્રાન્સફરન્સી દ્વારા ભ્રષ્ટાચારના પ્રકારોની સમજ આપવામાં આવી. તેથી ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. આમ ઉપરોક્ત તારણ અંતર્ગત એવું સૂચવી શકાય કે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા લાવવા માટે આ કાર્યક્રમનો સમાજના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરી શકાય તેમજ સમાજમાં ભ્રષ્ટાચાર નાબૂદી માટેની માહિતી આપીને લોકોને જાગૃતિ લાવી શકાય તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમનો અમલ કરવો જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધો-૧૧ ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ કરવાનો હતો. જેની ઉત્કલ્પના ધો-11 ના વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (પૂર્વ કસોટી) અને  ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા માપન (ઉતર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય રચવામાં આવી હતી.પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓ પૈકી શ્રી આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા,પાલનપુર સહેતુક નમૂના પસંદગીથી ધો-11 ના 50 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકારનું તેમજ  સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. ઉપકરણ તરીકે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કસોટીની સંરચના કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીનું સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.જેના તારણો પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉતર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો હતો. જે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમને આભારી હતો. વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ સમૂહ પ્રવૃતિ આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓ પાવર પોઈન્ટ પેઝન્ટેશન આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો-** ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા

**6.સશોધકનું નામ- Parmar Chetankumar Nagarbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક (ગુજરાતી-અંગ્રેજી) -**

ગુજરાતી વિષયમાં સેમિનાર પદ્ધતિની અસરકારકતા

**A Study of the Effectiveness of Seminar Method in Gujarati Subject**

**સંશોધનનું ક્ષેત્ર** - ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- શિક્ષણ પ્રશિક્ષણના તાલીમાર્થીઓને ગુજરાતી વિષયના પસંદિતા એકમો શીખવવા માટે સેમિનાર પદ્ધતિ કાર્યક્રમનું આયોજન કરવું.
- સેમિનાર પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા પસંદિત એકમો આધારિત શૈક્ષણિક

સિદ્ધિ કસોટીની રચના કરવી.

- સેમિનાર પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ચકાસવી.
- સેમિનાર પદ્ધતિ અંગે તાલીમાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –** પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્રચલ : અધ્યાપન પદ્ધતી, પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ કસોટી, અંકુશિત ચલ : ગુજરાતી પદ્ધતિ શાસ્ત્ર

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન નારાયણી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્) કોલેજમાંથી સહેતુક નમુના પદ્ધતિની રીતે ગુજરાતી વિષયના 50 તાલીમાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન (SED) તથા t– ગુણોત્તર

**સંશોધનના તારણો-**

- પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક એ નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક કરતાં ઊંચો હતો.
- પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે. પરિણામે સેમિનાર પદ્ધતિની અસરકારકતા વ્યાખ્યાન પદ્ધતિ કરતાં વધારે છે.
- ઉપરોકત તારણ પરથી પ્રસ્તુત સંશોધનમાં નીચેની ઉત્કલ્પના પુરવાર થાય છે. સેમિનાર પદ્ધતિથી શીખતા તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક વ્યાખ્યાન પદ્ધતિથી શીખતા તાલીમાર્થીઓએ મેળવેલ ઉત્તર આંક કરતાં ચઢિયાતો હતો.

**સંશોધનના ફલિતાર્થો-**

સેમિનાર પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવું જોઈએ.શૈક્ષણિક પરિણામની સફળતા માટે શિક્ષકે પોતાની શીખવવાની પદ્ધતિનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ. શિક્ષકે સેમિનાર પદ્ધતિના એકમ વિષયવસ્તુ દ્વારા આચાર્યશ્રી તેમજ અધ્યાપકોનો કૌશલ્ય લક્ષી સહકાર પૂરો પાડવો જોઈએ.સ્વ નિમિત્તે હાથ ધરેલ સેમિનાર પદ્ધતિમાં સંચાલકો તેમજ આચાર્યશ્રી તથા તાલીમાર્થીઓ યોગ્ય સાથ સહકાર મળવો જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ ગુજરાતી વિષયમાં સેમિનાર પદ્ધતિની અસરકારકતા ચકાસવાનો હતો.જેમાં ઉત્કલ્પનાની રચના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ ઉત્તર કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય રચના કરવામાં આવી હતી.પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકારનું તેમજ પ્રાયોગિક સંશોધન પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર શહેરની નારાયણી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્) કોલેજમાંથી સહેતુક નમુના પદ્ધતિની રીતે ગુજરાતી વિષયના 50 તાલીમાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે સ્વ રચિત અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરાસરી, પ્રમાણ વિચલન (SED) તથા t– ગુણોત્તર દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રાયોગિક જૂથના તાલીમાર્થીઓ અને નિયંત્રિત જૂથના તાલીમાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે.

**ચાવીરૂપ શબ્દો-** વ્યાખ્યાન પદ્ધતિ, સેમિનાર પદ્ધતિ

**7.સશોધકનું નામ- Patel Dipaliben Dineshbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્
**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**
**ધો-7 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની આરોગ્યને લગતી ટેવોનો અભ્યાસ**
A Study of Health Related Habits of the Students Study In Standard-7

**સંશોધનનું ક્ષેત્ર –** પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ
**સંશોધનના હેતુઓ-**

- વિદ્યાર્થીઓની વ્યાયામ સંબંધિત ટેવોની જાણકારી પ્રાપ્ત કરવી.
- વિદ્યાર્થીઓની આરોગ્ય સંબંધિત ટેવોની જાણકારી પ્રાપ્ત કરવી.
- વિદ્યાર્થીઓની સ્વચ્છતા સંબંધિત ટેવોની જાણકારી પ્રાપ્ત કરવી.
- વિદ્યાર્થીઓની આહાર સંબંધિત ટેવોની જાણકારી પ્રાપ્ત કરવી.

**સંશોધનના પ્રશ્નો–**

- વિદ્યાર્થીઓની વ્યાયામ સંબંધિત ટેવો કેવા પ્રકારની હશે?
- વિદ્યાર્થીઓની આરોગ્ય સંબંધિત ટેવો કેવા પ્રકારની હશે?
- વિદ્યાર્થીઓની સ્વચ્છતા સંબંધિત ટેવો કેવા પ્રકારની હશે?
- વિદ્યાર્થીઓની આહાર સંબંધિત ટેવો કેવા પ્રકારની હશે?

**સંશોધનના ચલ-** -------------------
**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન
**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાના 26 ક્લસ્ટરની કુલ 372 પ્રાથમિક શાળાઓના વર્ષ 2023- 24 દરમિયાન ધોરણ-7 માં અભ્યાસ કરતાં સરકારી શાળાઓમાંથી 3 શાળા અને ખાનગી શાળાઓમાંથી 3 શાળાઓના 350 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ-** સ્વ- રચિત પ્રશ્નાવલિ
**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ
**સંશોધનના તારણો-**

- વ્યાયામ સંબંધિત ટેવોમાં સાઈકલ ચલાવવી, રમત રમવા જવું જેવી બાબતોમાં હકારાત્મક ટેવો અને સવારે ચાલવા કે દોડવા જવું, નિયમિત કસરત કરવી જેવી બાબતોમાં નકારાત્મક ટેવો ધરાવે હતા.
- આરોગ્ય સંબંધિત ટેવોમાં સવારે વહેલા ઉઠવાની, દાંત સાફ કરવાની જેવી બાબતોમાં હકારાત્મક ટેવો અને બીડી કે સીગરેટ પીવાની, તમાકુ ખાવાની જેવી બાબતોમાં નકારાત્મક ટેવો ધરાવે હતા.
- સ્વચ્છતા સંબંધિત ટેવોમાં દાતણ કે બ્રશ કરવું, દરરોજ સ્નાન કરવું જેવી બાબતોમાં હકારાત્મક ટેવો અને ગંદા હાથે આંખો ચોળવી, મેલાં કપડાં પહેરવા જેવી બાબતોમાં નકારાત્મક ટેવો ધરાવે હતા.
- આહાર સંબંધિત ટેવોમાં સવારે નાસ્તો કરવો, સવારે ચા કે દૂધ પીવું જેવી બાબતોમાં હકારાત્મક ટેવો અને ભોજન સાથે દહીં ખાવું, ભોજન વધારે ગળ્યું ખાવું જેવી બાબતોમાં નકારાત્મક ટેવો ધરાવે હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

વ્યાયામ અને આહાર સંબંધિત ટેવોમાં કેટલાક વિધાનોમાં વિધાનોને અનુરૂપ હકારાત્મક અને નકારાત્મક પ્રતિચારો આપ્યા હતાં. જ્યારે સવારે નિયમિત ચાલવાની અને દોડવા જવાની, સાંજે સુતા પહેલા દૂધ પીવાની ટેવોમાં વિદ્યાર્થીઓએ નકારાત્મક પ્રતિચાર આપ્યા હતાં. તે માટે વાલીઓ અને શિક્ષકોએ તેનાથી થતા ફાયદા વિશે વિદ્યાર્થીઓને જણાવી તેમના માં આ ટેવ વિકસે તે માટે પ્રયત્નો કરવાં જોઈએ. આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત ટેવોમાં વિધાનોને અનુરૂપ વિદ્યાર્થીઓ એ હકારાત્મક અને નકારાત્મક પ્રતિચારો આપ્યા હતા. શિક્ષકો અને વાલીઓ દ્વારા તેમનામાં આ ટેવો જળવાઈ રહે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-7 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની આરોગ્યને લગતી ટેવોનો અભ્યાસ કરેલ છે. આ સંશોધનનું ક્ષેત્ર પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ છે. આ સંશોધનનો હેતુ વિદ્યાર્થીઓની વ્યાયામ, આરોગ્ય, સ્વચ્છતા, આહાર સંબંધિત ટેવોની જાણકારી પ્રાપ્ત કરવાનો હતો. આ સંશોધનનો પ્રકાર વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન છે. આ સંશોધનની પદ્ધતિ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પદ્ધતિ છે. આ સંશોધનમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે પાલનપુર તાલુકાના 26 ક્લસ્ટરની કુલ 372 પ્રાથમિક શાળાઓના વર્ષ 2023-24 દરમિયાન ધોરણ-7 માં અભ્યાસ કરતાં સરકારી શાળાઓમાંથી 3 શાળા અને ખાનગી શાળાઓમાંથી 3 શાળાઓના 350 વિદ્યાર્થીઓ લીધા હતાં. આ સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનમાં માહિતીનું અર્થઘટન કરી સારણી બદ્ધ રજૂ કરી તેનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરી કાઈ-વર્ગ મૂલ્યો શોધી વિધાનોની સાર્થકતાની કક્ષા નક્કી કરવામાંઆવી હતી. વિદ્યાર્થીઓએ કેટલાક વિધાનોમાં હકારાત્મક અને કેટલાક વિધાનોમાં નકારાત્મક પ્રતિચારો આપ્યા હતાં. જ્યારે નિયમિત કસરત કરવાની, જિમખાનું અથવા જિમ્નેશિયમમાં જવાની ટેવોમાં વિદ્યાર્થીઓએ નકારાત્મક પ્રતિચાર આપ્યા હતાં.

**ચાવીરૂપ શબ્દો-** આરોગ્ય, આરોગ્યને લગતી ટેવો.

**<u>8.સશોધકનું નામ- Parmar Gayatriben Babulal</u>**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)**

**યોગ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પર અસરકારકતા**

Effectiveness of Yoga Programme on Academic Achievement

**સંશોધનનું ક્ષેત્ર** - શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ 8 નાં વિદ્યાર્થીઓ માટે યોગ કાર્યક્રમની સંરચના કરવી.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ માપવા માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.
- યોગ કાર્યક્રમની શાળાનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અસર તપાસવી.
- યોગ કાર્યક્રમની જાતિયતા પર અસર તપાસવી.
- યોગ કાર્યક્રમ પરત્વે વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની સંરચના કરવી.
- યોગ કાર્યક્રમ પરત્વે વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથનાં કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથનાં કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથનાં કુમારો અને નિયંત્રિત જૂથનાં કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથનાં કન્યાઓ અને નિયંત્રિત જૂથનાં કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ–યોગ કાર્યક્રમ, પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ, અંકુશિત ચલ –ધોરણ-7 અને શાળાનું વાતાવરણ, પરિવર્તક ચલ -જાતિયતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહરિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની જસલેણી પ્રાથમિક શાળામાં વર્ષ 2023-24 દરમિયાન અભ્યાસ કરતા ધોરણ 8નાં 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સિદ્ધિ કસોટી અને અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** t- કસોટી અને કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-**

- પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓએ નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીઓ કરતાં સિદ્ધિ કસોટીમાં વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. એટલે કે પ્રાયોગિક જૂથ ચડિયાતું હતું.
- પ્રાયોગિક જૂથનાં કુમારોએ કન્યાઓની તુલનામાં શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં વધુ ગુણ મેળવ્યા છે. યોગ કાર્યક્રમ પરત્વે ધોરણ 8 નાં વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો હકારાત્મક જોવા મળ્યા હતાં.

**સંશોધનના ફલિતાર્થો-**

માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓને યોગ કાર્યક્રમ સાથે અધ્યાપન કરાવવાથી શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થાય છે. માટે યોગ કાર્યક્રમનો ઉપયોગ પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કૉલેજ કક્ષાએ શિક્ષકોએ કરવો જોઈએ. શિક્ષકોએ વિવિધ વિષયોના એકમો યોગ કાર્યક્રમ સાથે અધ્યાપન કરાવવા માટે વ્યવસ્થા મંડળની સ્થાપના કરવી જોઇએ. જેમાં યોગ કાર્યક્રમ શીખવવા અંગેની તાલીમ આપવી જોઇએ. સમયાંતરે યોગના સેમિનાર યોજવા જોઇએ. યોગ શીખવતી તાલીમોમાં શિક્ષકોએ ભાગ લેવો જોઇએ. શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં દરરોજ 15 મિનિટ યોગ કરાવવા જોઇએ. શાળાઓમાં યોગ કાર્યક્રમના આયોજન માટે શાળા સંચાલકો તેમજ આચાર્યશ્રીએ જરૂરી સુવિધા પૂરી પાડવી જોઇએ. યોગ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોગ રજૂ કરવા માટે વિદ્યાર્થીઓને તાલીમ આપી તેમનો સહયોગ મેળવવો જોઇએ.યોગ કાર્યક્રમ માટે યોગ્ય ભૌતિક સુવિધા મળી રહે તેની તકેદારી રાખવી.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ યોગ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પર અસરકારકતા તપાસવાનો હતો. પ્રાયોગિક જૂથનાં કન્યાઓ/કુમારો અને નિયંત્રિત જૂથનાં કુમારો/કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી.જેનો પ્રકાર વ્યવહરિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની જસલેણી પ્રાથમિક શાળામાં વર્ષ 2023-24દરમિયાન અભ્યાસ કરતા ધોરણ 8નાં 60 વિદ્યાર્થીઓ નમુનામાં પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં સિદ્ધિ કસોટી અને અભિપ્રાયાવલિ થકી t- કસોટી અને કાઈ-વર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું.જેના તારણો પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓએ નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીઓ કરતાં સિદ્ધિ કસોટીમાં વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. એટલે કે પ્રાયોગિક જૂથ ચડિયાતું છે.પ્રાયોગિક જૂથનાં કુમારોએ કન્યાઓની તુલનામાં શૈક્ષણિક સિદ્ધિ કસોટીમાં વધુ ગુણ મેળવ્યા છે. યોગ કાર્યક્રમ પરત્વે ધોરણ 8 નાં વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો હકારાત્મક જોવા મળ્યા હતાં.

**ચાવીરૂપ શબ્દો-** યોગ, શૈક્ષણિક સિદ્ધિ, અસરકારકતા

**9.સશોધકનું નામ- Bhatiya Govindkumar Tulshibhai**

**માર્ગદર્શકનું નામ- Smt.T.S.Bhargav**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગ્ુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**કોલેજના વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની રચના અને અસરકારકતા**

Construction and Effectiveness of Dengue Awareness Programme for College Students

**સંશોધનનું ક્ષેત્ર** - શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ, વિજ્ઞાન શિક્ષણ, શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની રચના કરવી.
- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્વ-નિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરવી.
- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ સ્વ-નિર્મિત સિદ્ધિ કસોટીના પરના પ્રાપ્તંકોને આધારે કાર્યક્રમની અસરકારકતાની ચકાસણી કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીમાં કુમારોએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીમાં કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ સિદ્ધિ કસોટીમાં કુમાર અને કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ – અધ્યાપન પદ્ધતિ અને જાગૃતતા કાર્યક્રમ, પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ,
અંકુશિત ચલ –સાયન્સ કૉલેજ, વિસ્તાર,વય જૂથ, પરિવર્તક ચલ–જાતીયતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહરિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત કોલેજો પૈકી સહેતુક નમૂના પસંદગીથી શ્રી પી. એન. કરપટિયા બી.એસ.સી. કોલેજ, પાલનપુરના કુલ 48 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** t- કસોટી

**સંશોધનના તારણો-**

- ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળી ન હતી. માટે કુમારોની બાબતમાં ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો.
- ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉપર હકારત્મક અસર જોવા મળી હતી. તેથી કહી શકાય કે કન્યાઓની બાબતમાં ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો.
- ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કુમાર અને કન્યાની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી. માટે સિદ્ધિ કસોટીની બાબતમાં કુમાર અને કન્યાઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ સમાન રીતે અસરકારક જોવા મળ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થો-**

કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ડેન્ગ્યુ જાગૃતિ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળી ન હતી. માટે કુમારોની બાબતમાં ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો. ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉપર હકારત્મક અસર જોવા મળી હતી. તેથી કહી શકાય કે કન્યાઓની બાબતમાં ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કુમાર અને કન્યાની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી. માટે સિદ્ધિ કસોટીની બાબતમાં કુમાર અને કન્યાઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ સમાન રીતે અસરકારક રહ્યો હતો.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન કોલેજનાં વિદ્યાર્થીઓ ડેન્ગ્યુ બિમારીથી જાગૃતતા લાવવા માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની રચના કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની રચના કરવી તથા ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા સ્વ નિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરી તથા સ્વ નિર્મિત સિદ્ધિ કસોટી પરનાં પ્રાપ્તાંકોનાં આધારે અસરકારકતાની સ્વ ચકાસણી કરી. સંશોધનનો પ્રકાર વ્યવહરિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન તથા પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત કોલેજો પૈકી સહેતુક નમૂના પસંદગીથી શ્રી પી. એન. કરપટિયા બી.એસ.સી. કૉલેજ, પાલનપુરના કુલ 48 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેનું ઉપકરણ સિદ્ધિ કસોટી તેમજ t- કસોટી દ્વારા પૃથક્કરણ કર્યું જેના તારણો ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમની કુમાર અને કન્યાની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી. માટે સિદ્ધિ કસોટીની બાબતમાં કુમાર અને કન્યાઓ માટે ડેન્ગ્યુ જાગૃતતા કાર્યક્રમ સમાન રીતે અસરકારક જોવા મળ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો-** વિજ્ઞાન અને ટેક્નોલોજી, અસરકારકતા, જાગૃતિ કાર્યક્રમ, કોલેજ, ડેન્ગ્યુ

**10.સંશોધકનું નામ- Chaudhary Hetalben Haribhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**ધો-10 નાં વિજ્ઞાન વિષયનાં " નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે ઈ-લર્નિંગ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા**

Construction and Effectiveness of E-Learning for Teaching the Unit "Natural Resource Management" Of STD X In Science Subject

**સંશોધનનું ક્ષેત્ર** - વિજ્ઞાન શિક્ષણ, શૈક્ષણિક ટેક્નોલોજી

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ 10 નાં વિજ્ઞાન વિષયનાં એકમ "નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" માટે ઈ - લર્નિંગ કાર્યક્રમની સંરચના કરવી.
- "નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે સિદ્ધિ કસોટીની રચના કરવી.
- "નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે ઈ - લર્નિંગ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધોરણ 10 નાં વિજ્ઞાન વિષયનાં "નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે ઈ - લર્નિંગ કાર્યક્રમ અને પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓનાં જૂથોની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ–અધ્યાપન પદ્ધતિ, પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધિ, અંકુશિત ચલ –ધોરણ અને વિષય,પરિવર્તક ચલ–જાતીયતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધો-10માં અભ્યાસ કરતાં કુલ 50 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા જેમાં 25 પ્રાયોગિક જૂથના અને 25 નિયંત્રિત જૂથના હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** t- કસોટી

**સંશોધનના તારણો-**

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પરંપરાગત વ્યાખ્યાન પદ્ધતિ કરતાં ઈ–લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શિક્ષણની હકારાત્મક (ધન) અસર જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ઈ – લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા વિદ્યાર્થીઓમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓની સાપેક્ષ વધુ અસરકારકતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ આ પ્રકારનો ઈ-લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમ રચી શિક્ષણમાં તેનો ઉપયોગ કરવો જોઇએ.શાળાના આચાર્ય શિક્ષકોને ઈ-લર્નિંગ ઉપર વધુ ભાર મુકવો જોઇએ.બદલાતા સમયની માંગને ધ્યાનમાં રાખી શૈક્ષણિક કાર્યક્રમો યોજવા માટે અને ઈ-લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમોનું સાહિત્ય તૈયાર કરવા માટે સેમિનારો યોજવા જોઈએ.વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં આવો નાવીન્યતા ધરાવતો શિક્ષણ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું શૈક્ષણિક આયોજન કરવું જોઈએ.શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે ઈ - લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.સરકાર દ્વારા પણ શિક્ષકોને શિક્ષણ કાર્યને લગતી જીવન સાથે જોડાયેલી પ્રવૃત્તિઓની ઈ – લર્નિંગ માટેની તાલીમ આપવી જોઇએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ વિજ્ઞાન વિષય ઉપર ઇ-લર્નિંગ શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા ચકાસવાનો હતો. જેની ઉત્કલ્પના ધોરણ 10 નાં વિજ્ઞાન વિષયનાં "નૈસર્ગિક સ્રોતોનાં ટકાઉ પ્રબંધન" એકમ માટે ઈ - લર્નિંગ કાર્યક્રમ અને પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યયન પામેલા વિદ્યાર્થીઓનાં જૂથોની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય રચના કરેલ હતી. પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકાર તેમજપ્રાયોગિક સંશોધન પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. અભ્યાસકે ધોરણ 10ના વિજ્ઞાન વિષયનાં નેસર્ગિક સ્રોતોનું ટકાઉ પ્રબંધન એકમ માટે શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરી સિદ્ધિ કસોટી દ્વારા પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા.જેના પરિણામો પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના સંદર્ભમાં હકારાત્મક જોવા મળ્યા હતાં.

**ચાવીરૂપ શબ્દો-** ઈ – લર્નિંગ, અસરકારકતા, વિજ્ઞાન, ધોરણ, વિદ્યાર્થીઓ

**11.સશોધકનું નામ- Trivedi Himanshiben Mahendrakumar**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-8 ના ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમના અધ્યાપનમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસરકારકતા

**Effectiveness of Content Atteinmentmodel in the Teaching of Square and Square Root Unit of Mathematic Subject of Standard-**8

**સંશોધનનું ક્ષેત્ર** - અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને ટેક્નોલોજી

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-8 ના ગણિત વિષયમાં વર્ગ અને વર્ગમૂળ માટે સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન મોડલની રચના કરવી.
- ધોરણ-8 ના ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ વિશેના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર પ્રયોગબળની અસર તપાસવી.
- ધોરણ-8 ના ગણિત વિષયમાં વર્ગ અને વર્ગમૂળ એકમના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પર અભ્યાસ હેઠળના વિવિધ ચલોની મુખ્ય અસર તપાસવી.

- ધોરણ-8 ના ગણિત વિષયમાં વર્ગ અને વર્ગમૂળ એકમના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ પર અભ્યાસ હેઠળના વિવિધ સ્વતંત્ર ચલની આંતરક્રિયા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથ અને નિમંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- બિનઅનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંક વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુદાનિત શાળાના પ્રાયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તરકસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુદાનિત શાળાના નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કંઈ સાર્થક તફાવત નહીં હોય.
- બિન અનુદાનિત શાળાના પ્રયોગિક જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- બિન અનુદાનિત શાળાના નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમની જાતિ અને શાળાના પ્રકારની કોઈ આંતરિક અસર નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર, પરતંત્ર ચલ- ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમની સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનના અધ્યાપનના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લામાં આવેલ વડગામ તાલુકાના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-8 માં વર્ષ 2022-23 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ હતા.ગ્રામ્ય વિસ્તારના 80 અને શહેરી વિસ્તારના 80 વિદ્યાર્થીઓ એમ કુલ 160 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે હતા.

**ઉપકરણ-** સ્વ રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત-** t-કસોટી

**સંશોધનના તારણો-**

- ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં અને છોકરીઓમાં ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમ શીખવવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળતી ન હતી.
- શહેરી વિસ્તારના છોકરાઓમાં અને છોકરીઓમાં ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમ શીખવવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળી ન હતી.
- ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓમાં બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.
- વિદ્યાર્થીઓનો સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓમાં બંને પદ્ધતિથી તુલનાત્મક અસર જોવા મળી ન હતી.
- ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓમાં શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ પર બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.
- ગ્રામ્ય વિસ્તારની અને શહેરી વિસ્તારની છોકરીઓ પર બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.
- શહેરી વિસ્તારના છોકરાઓમાં અને છોકરીઓમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન પદ્ધતિમાં દરેક શિક્ષકને ઉપયોગી થાય તેવું સાહિત્ય તૈયાર કરવા માટે માર્ગદર્શક રૂપ બનશે.શાળાના શિક્ષકોને પોતાના તાલીમાર્થીઓ પાસે વિવિધ શિક્ષણ પદ્ધતિઓમાં ઉપયોગી થાય તેવા શૈક્ષણિક પાઠો તૈયાર કરવા માટે પણ ઉપયોગી બનશે.ગણિત સિવાયના અન્ય વિષયોમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનનો ઉપયોગ કરવા માટે પ્રસ્તુત અભ્યાસ માર્ગદર્શક રૂપ થશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધો-8 ના ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમના અધ્યાપનમાં સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસરકારકતા માટેનો અને પ્રતિમાન મોડલની રચના કરવાનો હતો.અનુદાનિત અને બિન અનુદાનિત શાળાના નિયંત્રિત જૂથના છોકરાઓ અને છોકરીઓના ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કંઈ સાર્થક તફાવત નહીં હોય. વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકારનું અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.બનાસકાંઠા જિલ્લામાં આવેલ વડગામ તાલુકાના ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-8 માં વર્ષ 2022-24 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ હતા.ગ્રામ્ય વિસ્તારના 80 અને શહેરી વિસ્તારના 80 વિદ્યાર્થીઓ એમ કુલ 160 વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કર્યા અને સ્વ રચિત એકમ કસોટીનું પૃથક્કરણ t-કસોટી દ્વારા કરવામાં આવ્યું. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના છોકરાઓમાં અને છોકરીઓમાં ગણિત વિષયના વર્ગ અને વર્ગમૂળ એકમ શીખવવા માટેના સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાનની અસર જોવા મળતી ન હતી. ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓમાં શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓ પર બંને પદ્ધતિની તુલનાત્મક અસર જોવા મળી ન હતી.

**ચાવીરૂપ શબ્દો-** સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન, વર્ગ અને વર્ગમૂળ

**12.સશોધકનું નામ- Trivedi Hiralben Kirtilal**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

વાલીના શૈક્ષણિક દરરજાની બાળકની શાળામાં હાજરીનો કેટલાંક ચલોનાં સંદર્ભમાં અભ્યાસ

**A Study In Relation To Some Variable of Parent's Educational Status of Children's School Attendance**

**સંશોધનનું ક્ષેત્ર** - માધ્યમિક શિક્ષણ અને શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ-**

- વાલીના શૈક્ષણિક દરજ્જાની બાળકની શાળાની હાજરી પર પડતી અસરનો અભ્યાસ કરવા ઉપકરણની રચના કરવી.
- વાલીના શૈક્ષણિક દરજ્જાની બાળકની શાળાની હાજરી પર પડતી અસર વિસ્તારના સંદર્ભમાં જાણવી.
- વાલીના શૈક્ષણિક દરજ્જાની બાળકની શાળાની હાજરી પર પડતી અસર વાલીની જાતીયતાના સંદર્ભમાં જાણવી.
- શિક્ષકો અને વાલીઓનાં બાળકોની હાજરી પ્રત્યેનાં મંતવ્યો જાણવા.
- બાળકની શાળામાં હાજરી અંગેનાં કારણો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.

**સંશોધનના પ્રશ્નો–**

- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હાજરીનાં સંદર્ભમાં વાલીના શું મંતવ્યો હશે ?
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હાજરીનાં સંદર્ભમાં શિક્ષકો શું વિચારતા હશે ?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- શૈક્ષણિક દરજ્જો પરિવર્તક ચલ-જાતિ, વિસ્તાર પરતંત્ર ચલ - વિદ્યાર્થીની હાજરી પર પડતી અસરો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** વાવ તાલુકાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી મહેતા એન. એસ. વિનય મંદિર વાવ અને મોર્ડન હાઈસ્કૂલ વાવના 100-100 કુલ 200 વાલીઓની નમુનામાં પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

વાલીઓ પ્રતિકૂળ સમયમાં પણ બાળકને નિયમિત શાળાએ મોકલવામાં, વેકેશન બાદ પ્રથમ દિવસથી શાળાએ મોકલવામાં,શાળાના તમામ નિયમોનું પાલન કરવામાં, નિયમિત બાળકો ગૃહકાર્ય નિયમિત કરે છે, સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે છે, શાળાના શિક્ષકોમાં પ્રિય બને છે, હોશિયાર અને સારા મિત્રો બનાવી શકે છે, સારા મિત્રોનો સહકાર મળે છે, બાળકના વ્યક્તિત્વનો વિકાસ થતો જણાય છે, શાળામાં નિયમિત જતું બાળક સમાજની અન્ય વ્યક્તિની નજરમાં પણ પ્રશંસનીય બને છે,તથા નિયમિત રહેતું બાળક પોતાની જવાબદારી શીખે છે, બાળકને દરેક વિષયમાં ભણવામાં રસ હોય છે. આ બાબતમાં વાલીઓનો સમાન અભિપ્રાય જણાય છે.ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ પ્રતિકૂળ સમયમાં પણ બાળકને નિયમિત શાળાએ મોકલવામાં, વેકેશન બાદ પ્રથમ દિવસથી જ શાળાએ મોકલવામાં, શાળાના તમામ નિયમોનું પાલન કરવામાં,સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે છે હોશિયાર અને સારા મિત્રો બનાવી શકે છે. નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના સ્ત્રી પુરુષ વાલીઓ પ્રતિકૂળ સમયમાં પણ બાળકને નિયમિત શાળાએ મોકલવામાં, વેકેશન દરમિયાન બાદ પ્રથમ દિવસથી શાળાએ મોકલવામાં, શાળાના તમામ નિયમોનું પાલન કરવામાં, નિયમિત બાળક ગૃહકાર્ય નિયમિત કરશે.

**સંશોધનના ફલિતાર્થો-**

<u>(1)વાલીઓ અને શિક્ષકો માટેના સૂચનો</u>

- બાળકો નિયમિત શાળાએ જાય તે માટે વાલીઓ અને શિક્ષકોએ જાગૃત થવું જોઈએ.શાળા અને ગ્રામ પંચાયત દ્વારા પણ બાળક શાળામાં નિયમિત આવે એવી યોજના બનાવી જોઈએ.શિક્ષકનો વ્યવહાર સારો રાખવો જોઈએ જેથી બાળક નિયમિત બને.બાળકના વ્યક્તિત્વનો વિકાસ થાય તે માટે વાલીઓએ અને શાળાના શિક્ષકોએ જાગૃત થવું જોઈએ.

<u>(2)સરકારશ્રી માટેના સૂચનો</u>

- બાળકો નિયમિત શાળાએ આવે તે માટે વાલીઓને જાગૃત કરવા.બાળકો નિયમિત શાળાએ આવે એ માટે સારી યોજના અમલમાં મૂકવી અને તેનું ચુસ્તપણે અમલ થાય તેવો આગ્રહ રાખવો.બાળકો નિયમિત શાળાએ આવે તે માટે શાળાઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કરે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ વાલીના શૈક્ષણિક દરજ્જાની બાળકની શાળાની હાજરી પર પડતી અસર વિસ્તાર અને જાતિયતાના સંદર્ભમાં જાણવાનો હતો.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હાજરીનાં સંદર્ભમાં શિક્ષકો અને વાલીના શું મંતવ્યો હશે ?તે જાણી સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જેમાં વાવ તાલુકાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી મહેતા એન. એસ. વિનય મંદિર વાવ અને મોર્ડન હાઈસ્કૂલ વાવના 100-100 કુલ 200 વાલીઓની નમુનામાં પસંદગી કરવામાં આવી હતી.સ્વ-રચિત અભિપ્રાયાવલિનું સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કર્યું. ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વાલીઓ પ્રતિકૂળ સમયમાં પણ બાળકને નિયમિત શાળાએ મોકલવામાં, વેકેશન બાદ પ્રથમ દિવસથી જ શાળાએ મોકલવામાં, શાળાના તમામ નિયમોનું પાલન કરવામાં,સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ઉત્સાહ પૂર્વક ભાગ લે છે હોશિયાર અને સારા મિત્રો બનાવી શકે છે. નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના સ્ત્રી પુરુષ વાલીઓ

પ્રતિકૂળ સમયમાં પણ બાળકને નિયમિત શાળાએ મોકલવામાં, વેકેશન દરમિયાન બાદ પ્રથમ દિવસથી શાળાએ મોકલવામાં, શાળાના તમામ નિયમોનું પાલન કરવામાં, નિયમિત બાળક ગૃહકાર્ય નિયમિત કરે છે.

**ચાવીરૂપ શબ્દો**- વાલીઓ વિદ્યાર્થી, શૈક્ષણિક દરજ્જો

**13.સશોધકનું નામ- Ansari Iqbalali Sanvarhusen**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)**-

પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષક ન હોવાથી વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

**A Study of Difficulties Faced By Students Due To Lake Of Computer Teacher in Primary Schools**

**સંશોધનનું ક્ષેત્ર** - પ્રાથમિક શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ**-

- પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર વિષય શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ જાણવા માટે પ્રશ્નાવાલિની રચના કરવી.
- પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર વિષય શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રાયોગિક કમ્પ્યુટર શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- કમ્પ્યુટર શિક્ષણ ન મળવાના લીધે રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળામા કમ્પ્યુટરને લગતી ભૌતિક સુવિધાઓ સંબંધિત મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- વિદ્યાર્થીઓને ઓનલાઈન કાર્ય કરવામાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો–**

- કમ્પ્યુટર શિક્ષણમાં પડતી મુશ્કેલીઓને જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નિવડશે?
- પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર વિષય શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ કઈ - કઈ હશે?
- પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રાયોગિક કમ્પ્યુટર શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ કઈ - કઈ હશે?
- કમ્પ્યુટર શિક્ષણ ન મળવાના લીધે રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ કઈ હશે?
- પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરને લગતી ભૌતિક સુવિધાઓ સંબંધિત મુશ્કેલીઓ કઈ - કઈ હશે?
- વિદ્યાર્થીઓને ઓનલાઈન કાર્ય કરવામાં પડતી મુશ્કેલીઓ કઈ - કઈ હશે?

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ - કમ્પ્યુટર શિક્ષક, પરતંત્ર ચલ – વિદ્યાર્થીઓ, અંકુશિત ચલ – ધોરણ, પરિવર્તક ચલ - વિસ્તાર

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની 05 પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સહેતુક નમૂના પદ્ધતિને આધારે પાલનપુર તાલુકાની કુલ 05 પ્રાથમિક શાળાઓમાંથી ધોરણ 6 થી 8ના કુલ 200 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લીધા હતા.

**ઉપકરણ**- સ્વ રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનના તારણો**-

- 165 (82.50%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટરનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવે છે. 35 (17.50%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટરનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવતુ નથી.
- 178 (89.00%) વિદ્યાર્થીઓના મતે કમ્પ્યુટર ન શીખવાના કારણે સમસ્યાનો સામનો કરવો પડેછે.

- 140 (70.00%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઇન સમસ્યાનો સામનો કર્યો છે. 60 (30.00%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઇન સમસ્યાનો સામનો કર્યો નથી.
- 200 (100%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટર લેબ છે. 162 (81.00%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટર શિક્ષણ માટે જરૂરી એવા સાધનો છે.
- 10 (5.00%) વિદ્યાર્થીઓના મતે શાળાના કમ્પ્યુટર લેબમાં પૂરતા પ્રમાણમાં કમ્પ્યુટર છે. 190 (95.00%) વિદ્યાર્થીઓના મતે શાળાના કમ્પ્યુટર લેબમાં પૂરતા પ્રમાણમાં કમ્પ્યુટર નથી.
- વિદ્યાર્થીઓના મતે શાળામાં ઇન્ટરનેટનો ઉપયોગ કરતા શીખવાડવામાં આવતું નથી. 11 (5.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઇન ફોર્મ ભરતા આવડે છે. 189 (94.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઇન ફોર્મ  ભરતા નથી આવતું.
- વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન સંગીત, રમત, ચિત્રો, ચલચિત્રો ડાઉનલોડ કરતા આવડે છે. 09(4.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન સંગીત, રમત, ચિત્રો, ચલચિત્રો ડાઉનલોડ કરતા નથી આવડતું. 175 (87.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન ખરીદી કરે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર શિક્ષક ન હોવાથી વિદ્યાર્થીઓને કમ્પ્યુટર વિષય ભણવામાં અઘરો લાગતા હોવાથી પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર વિષય શિક્ષકની ભરતી કરવી જોઈએ.પ્રાથમિક શાળાઓમાં પૂરતા પ્રમાણમાં કમ્પ્યુટર, ઇન્ટરનેટ તેમજ વિવિધ ICT ના સાધનોની વ્યવસ્થા કરવી જોઈએપ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ટેકનોલોજી અને કમ્પ્યુટરના સાધનો વિશે વિશેષ જ્ઞાન આપવું જોઈએ.વિદ્યાર્થીઓને હાર્ડવેર અને સોફ્ટવેરનું જ્ઞાન આપવું જોઈએ તેમજ હાર્ડવેર, સોફ્ટવેર તેમજ ઓપરેટિંગ સિસ્ટમ પ્રસ્થાપિત (install) કરતા શીખવાડવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની કમ્પ્યુટર વિષયની સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો.પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રાયોગિક કમ્પ્યુટર શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ કઈ હશે?કમ્પ્યુટર શિક્ષણ ન મળવાના લીધે રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ કઈ હશે?પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરને લગતી ભૌતિક સુવિધાઓ સંબંધિત મુશ્કેલીઓ કઈ હશે?તે જાણવા પ્રશ્નોની રચના કરી.પ્રસ્તુત અભ્યાસ પાલનપુર તાલુકાની 5 પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતા 200 વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. જેમાં વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું.પ્રસ્તુત અભ્યાસમાં તેમની સમસ્યાઓ અંગે માહિતી પ્રશ્નાવલીના આધારે વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. 200 (100%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટર લેબ છે. 162 (81.00%) વિદ્યાર્થીઓના મતે શાળામાં કમ્પ્યુટર શિક્ષણ માટે જરૂરી એવા સાધનો છે.વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન સંગીત, રમત, ચિત્રો, ચલચિત્રો ડાઉનલોડ કરતા આવડે છે. 09(4.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન સંગીત, રમત, ચિત્રો, ચલચિત્રો ડાઉનલોડ કરતા નથી આવડતું. 175 (87.50%) વિદ્યાર્થીઓના મતે ઓનલાઈન ખરીદી કરે છે. વિદ્યાર્થીઓને હાર્ડવેર અને સોફ્ટવેરનું જ્ઞાન આપવું જોઈએ તેમજ હાર્ડવેર, સોફ્ટવેર તેમજ ઓપરેટિંગ સિસ્ટમ પ્રસ્થાપિત (install) કરતા શીખવાડવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** પ્રાથમિક શાળા, વિદ્યાર્થી, કમ્પ્યુટર, શિક્ષક

**14.સશોધકનું નામ- Parmar Jaiminiben Rajanibhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન કરાવવામાં આવતી પ્રવૃત્તિઓનો અભ્યાસ

**A Study of the Activities Conducted During Substitute Period to Secondary School Students of Unjha Taluka**

**સંશોધનનું ક્ષેત્ર** - માધ્યમિક શિક્ષણ અને શૈક્ષણિક માપન અને મુલ્યાંકન

**સંશોધનના હેતુઓ-**

- ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવવા પ્રશ્નાવલિની રચના કરવી.
- ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવો જાણવા.
- માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન વાતાવરણ, સંચાલન વિશે જાણવું.
- માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના આયોજનમાં પડતી મુશ્કેલીઓ જાણવી અને દુર કરવાના ઉપાયો સૂચવવા.

**સંશોધનના પ્રશ્નો–**

- અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના આયોજનમાં કઈ કઈ મુશ્કેલીઓ પડતી હશે?
- અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના સ્થળ, સમય, રજૂઆત, આયોજન વાતાવરણ અને સંચાલનમાં તફાવત હશે.
- અવેજી તાસ દરમિયાન વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે?
- અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓમાં ભાગલેનાર વિદ્યાથીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - માધ્યમિક શાળાઓ, અવેજી તાસ, પ્રવૃત્તિઓ પરતંત્ર ચલ – પ્રશ્નાવલિ
અંકુશિત ચલ- ઉંઝા તાલુકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે વ્યાપવિશ્વ તરીકે ઉંઝા તાલુકાની ગુજરાતી માધ્યમની અનુદાન લેતી (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓ પસંદ કરી. જેમાં વર્ષ 2023-24 દરમિયાન માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે પસંદ કરી ચિઠ્ઠી ઉપાડીને યાદચ્છિક નમૂના પસંદગીની રીતે કુલ 2 અનુદાન લેતી (ગ્રાન્ટેડ) સ્કૂલો પસંદ કરવામાં આવી. જેમાં અનુદાન લેતી (ગ્રાન્ટેડ) સ્કૂલના 270 વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવેશ કરેલ છે.

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- અવેજી તાસ દરમિયાન રમત-ગમત માટે. મેદાનમાં લઈ જવામાં આવે છે. પ્રસ્તુત વિધાન માટે 84.44% (228) વિદ્યાર્થીઓ હા પાડે છે અને 15.56% (42) વિદ્યાર્થીઓ ના પાડે છે. આ પરથી એમ કહી શકાય કે મહદ્અંશે વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન રમત-ગમત માટે મેદાનમાં લઇ જવામાં આવે છે,
- અવેજી તાસ દરમિયાન પાઠવાંચન કરાવવામાં આવે છે. આ વિધાન માટે 79.26% (214) વિદ્યાર્થીઓ હા પાડે છે અને 20.74% (56) વિદ્યાર્થીઓ ના પાડે છે. આ પરથી એમ કહી શકાય કે મહદ્અંશે વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન પાઠવાંચન કરાવવામાં આવે છે,
- અવેજી તાસ દરમિયાન અભ્યાસક્રમનું પુનરાવર્તન કરાવવામાં આવે છે. આ વિધાન માટે 75.19% (203) વિદ્યાર્થીઓ હા પાડે છે અને 24.81% (67) વિદ્યાર્થીઓ ના પાડે છે. આ પરથી એમ કહી શકાય કે મહદ્અંશે વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન પાઠવાંચન કરાવવામાં આવે છે.

- અવેજી તાસ દરમિયાન સામાન્ય જ્ઞાનની વાતો કરવામાં આવે છે. આ વિધાન માટે 80.37% (217) વિદ્યાર્થીઓ હા પાડે છે અને 19.63% (53) વિદ્યાર્થીઓ ના પાડે છે. આ પરથી એમ કહી શકાય કે મહદ્અંશે વિદ્યાર્થીઓને અવેજી તાસમાં સામાન્ય જ્ઞાનની વાતો કરાવવામાં આવે છે.,
- અવેજી તાસ દરમિયાન કાવ્યપઠન કરાવવામાં આવે છે. આ વિધાન માટે 66.67% (180) વિદ્યાર્થીઓ હા પાડે છે અને 33.33% (90) વિદ્યાર્થીઓ ના પાડે છે. આ પરથી એમ કહી શકાય કે મહદ્અંશે વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન કાવ્યપઠન કરાવવામાં આવે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત સંશોધન માત્ર ઉંઝા તાલુકાની માધ્યમિક શાળાઓ પૂરતું જ મર્યાદિત હતું. વધુ અભ્યાસ માટે અન્ય કોઇ તાલુકા કે જિલ્લાઓ કે અન્ય કોઇ વિસ્તારની માધ્યમિક શાળાઓ પસંદ કરી સંશોધન હાથ ધરી શકાય છે. ઉંઝા તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તાસ અને અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓનો અભ્યાસ. અવેજી તાસ પ્રત્યે શિક્ષકોનાં મનોવલણોનો અભ્યાસ.શહેરી માધ્યમિક શાળાઓ અને ગ્રામ્ય માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃતિનો તુલનાત્મક અભ્યાસ. કન્યા શાળાઓ અને કુમાર શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ. જુદા જુદા વિષય શિક્ષકો દ્વારા અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન કરાવવામાં આવતી પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવાનો હતો. જેનો હેતુ ઊંઝા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવો જાણવા તથા માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન વાતાવરણ, સંચાલન વિશે જાણવાનો હતો. જેનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું. પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે વ્યાપવિશ્વ તરીકે ઊંઝા તાલુકાની ગુજરાતી માધ્યમની અનુદાન લેતી (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળામાં વર્ષ 2023-24 દરમિયાન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી 270 વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવેશ કરેલ છે. સ્વ-રચિત પ્રશ્નાવલીનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું. અવેજી તાસ દરમિયાન સામાન્ય જ્ઞાનની વાતો અને સહ-અભ્યાસીક પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દો-** ઉંઝા તાલુકો, માધ્યમિક શાળા, અવેજી તાસ

**<u>15.સશોધકનું નામ- Jaganiya Jalpaben Laxmanbhai</u>**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

સાવિત્રીબાઈ ફૂલેનાં વિચારોમાંથી પ્રગટ થતું શિક્ષણ દર્શન

**A Philosophy of Education Emerging From the Thoughts of Savitribaiphule**

**સંશોધનનું ક્ષેત્ર** - શિક્ષણનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- સાવિત્રીબાઈ ફૂલેનાં જીવન કવનનો અભ્યાસ કરવો.
- સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરવો.
- શિક્ષણનાં ધ્યેયો વિશે સાવિત્રીબાઈ ફૂલેનાં વિચારોનો અભ્યાસ કરવો.
- સાવિત્રીબાઈ ફૂલેનાં સ્ત્રી શિક્ષણ માટેનાં પ્રયાસોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો–**

- સાવિત્રીબાઈ ફૂલેનું જીવન કવન કેવું હશે ?
- સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારો કેવા હશે ?
- સાવિત્રીબાઈ ફૂલેનાં શિક્ષણ અંગેનાં ધ્યેયો માટેનાં વિચારો કેવા હશે ?
- સાવિત્રીબાઈ ફૂલેનાં સ્ત્રી શિક્ષણ માટેનાં પ્રયાસો કેવા હશે ?

**સંશોધનના ચલ-** -----------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** સાવિત્રીબાઈ ફૂલેનાં શિક્ષક વિષયક ચાર પુસ્તકો અને અન્ય સાહિત્યનો સમાવેશ કરેલ છે. ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ (2021), પ્રથમ આવૃત્તિ, બકુલા સોલંકી, શરૂઆત પ્રકાશક જૂનાગઢ સાવિત્રીબાઈ ફૂલે કે ભાષણ (2019),બીજી આવૃત્તિ,ડૉ. સંજય ગજભિયે (અનુવાદક), સમ્યક પ્રકાશક દિલ્હી ક્રાન્તિ જ્યોતિ માઁ સાવિત્રી બાઈ ફૂલે (2017), ચોથી આવૃત્તિ, ડૉ. કુસુમ મેઘવાલ, પ્રબંધક મૂળનિવાસી પ્રકાશન ઉદયપુર રાષ્ટ્રપિતા જ્યોતિરાવ ફૂલે ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે (2019), પ્રથમ આવૃત્તિ, ગણપત પંચાલ (નાચીઝ મુસાફીર), શરૂઆત પબ્લિકેશન જૂનાગઢ

**ઉપકરણ-** નોંધ પત્રક

**પૃથક્કરણની રીત-** સાવિત્રીબાઈ ફૂલેનું સાહિત્ય વાંચન કરી,તેની નોધ કરી અને તેનું જુદા જુદા વિભાગોમા હેતુઓ અનુસાર વિભાગીકરણ કરી તાત્વિક અર્થઘટનો તારવવાનો પ્રયાસ કરેલ છે.

**સંશોધનના તારણો-**

- વિષયવસ્તુ શિક્ષણનું ધ્યેય પદ કે પ્રતિષ્ઠા માટે ન હોવું જોઈએ. શિક્ષાનું ધ્યેય પ્રાપ્ત કરી નૈતિક જીવન જીવવા માટેનું હોય છે.
- શિક્ષણ એ એક પવિત્ર સંસ્થા છે. નિશાળમાં બાળકનું મન સુસુંસ્કૃત થાય છે. શાળા એ ભાવિ સારા નાગરિકો તૈયાર કરવાનું પવિત્ર ક્ષેત્ર છે.
- શિક્ષણ જ નારી મુક્તિનો માર્ગ છે. આથી સ્વાભિમાનથી જીવવા માટે ભણવું જોઈએ.
- અસ્પૃશ્ય વર્ગોના ઉધ્ધાર માટે સાવિત્રીબાઈ ફૂલે એ ઘણાં પ્રયત્નો કર્યા છે.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકો અને અધ્યાપકોએ સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઈને અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ.વાલીઓએ પોતાનાં બાળકમાં ભારતીય સંસ્કૃતિ સચવાઈ રહે તે માટે સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારોનાં માધ્યમ દ્વારા બાળકોને સંસ્કાર આપવા જોઈએ.વિદ્યાર્થીઓએ સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઈ અધ્યયન કરવું જોઈએ.સાવિત્રીબાઈ ફૂલેનાં શૈક્ષણિક વિચારોને શિક્ષણમાં લાવવા જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ સાવિત્રીબાઈ ફૂલેનાં વિચારોમાંથી પ્રગટ થતું શિક્ષણ દર્શન જાણવા સાવિત્રીબાઈ ફૂલેનાં જીવન કવનનો,શૈક્ષણિક વિચારોનો,શિક્ષણનાં ધ્યેયોનો અભ્યાસ કરવાનો હતો.જેમાં વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. સાવિત્રીબાઈ ફૂલેનાં શિક્ષક વિષયક ચાર પુસ્તકો અને અન્ય સાહિત્યનો સમાવેશ કરેલ હતો. ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ (2021), સાવિત્રીબાઈ ફૂલે કે ભાષણ (2019), દિલ્હી ક્રાન્તિ જ્યોતિ માઁ સાવિત્રી બાઈ ફૂલે (2017) ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે (2019), નોધ પત્રકો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. સાવિત્રીબાઈ ફૂલેનું સાહિત્ય વાંચન કરી,તેની નોધ કરી અને તેનું જુદા જુદા વિભાગોમા હેતુઓ અનુસાર વિભાગીકરણ કરી તાત્વિક અર્થઘટનો તારવી જેનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ એ એક પવિત્ર સંસ્થા છે. શિક્ષણનું ધ્યેય પદ કે પ્રતિષ્ઠા માટે ન હોવું જોઈએ. શિક્ષાનું ધ્યેય પ્રાપ્ત કરી નૈતિક જીવન જીવવા માટેનું હોય છે. નિશાળમાં બાળકનું મન સુસંસ્કૃત થયું હતું. શાળા એ ભાવિ સારા નાગરિકો તૈયાર કરવા,નારી મુક્તિનો માર્ગ અને અસ્પૃશ્ય વર્ગોના ઉધ્ધાર માટેના પ્રયત્નો કર્યા છે.

**ચાવીરૂપ શબ્દો-** અભ્યાસ, જીવન શિક્ષણ, શિક્ષણ દર્શન, જીવન

**16.સશોધકનું નામ- Patel Jinalben Bharatkumar**

**માર્ગદર્શકનું નામ- Smt.T.S.Bhargava**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

બી.એડ્. કોલેજનાં તાલીમાર્થીઓની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **2020** વિશેની જાગૃતિનો અભ્યાસ

**A Study on Awareness of National Education Policy 2020 amongst B.Ed. College Student**

**સંશોધનનું ક્ષેત્ર** –શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ-**

- બી.એડ્.નાં તાલીમાર્થીઓ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 જાગૃતિ કાર્યક્રમની રચના કરવી.
- બી.એડ્.નાં તાલીમાર્થીઓ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 જાગૃતિ કસોટીની રચના કરવી.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકો પર જાતીયતાની અસર તપાસવી.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકો પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ** –

- બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતાં પ્રથમ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણનીતિ જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ –જાતિ અને વિસ્તાર, પરતંત્ર ચલ -રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંગેની જાગૃતિ,
અંકુશિત ચલ - શૈક્ષણિક કક્ષા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહરિક સંશોધન પૈકીનું સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) બી.એડ્. કોલેજના પ્રથમ વર્ષનાં 40 અને દ્વિતિય વર્ષનાં 49 તાલીમાર્થીઓ આમ કુલ 89 તાલીમાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યા હતો.

**ઉપકરણ-** સ્વ રચિત જાગૃતિ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંગેની જાગૃતિના સંદર્ભમાં બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની જાગૃતિ કક્ષા સમાન જોવા મળી હતી.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંગેની જાગૃતિના સંદર્ભમાં બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની જાણકારી સમાન જોવા મળી હતી.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંગેની જાગૃતિના સંદર્ભમાં બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતાપ્રથમ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

**સંશોધનના ફલિતાર્થો-**

શાળા – કોલેજોમાં આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમ યોજવા જોઇએ તથા વધુમાં વધુ વિદ્યાર્થી અને શિક્ષકો ભાગ લે તે સુનિચ્છિત કરવું જોઈએ. શાળાના આચાર્ય શિક્ષકોને જાગૃતિ કાર્યક્રમ યોજવા માટે અને શૈક્ષણિક કાર્યક્રમોનું સાહિત્ય તૈયાર કરવા માટે સેમિનારો યોજવા જોઈએ.વર્ગ શિક્ષણથી આગળ વધી આવા નાવીન્યતા ધરાવતા

શિક્ષણલક્ષી જાગૃતિ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું શૈક્ષણિક આયોજન કરવું જોઈએ.શાળાઓમાં વિજ્ઞાન જેવા વિષયના વર્ગ શિક્ષણના સ્વાસ્થને લગતા એકમો માટે આવા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.શાળાઓમાં વર્તમાન પ્રવાહોને અનુલક્ષીને આવા જાગૃતિ કાર્યક્રમ યોજી વિદ્યાર્થિઓને વર્તમાન પરિસ્થિતિઓથી વાકેફ કરાવવા જોઇએ.સરકાર દ્વારા પણ સમયાંતરે શાળામાં વિવિધ સાંપ્રત પ્રવાહો આધારીત જાગૃતિ કાર્યક્રમ યોજવા શાળાઓને પ્રોત્સાહિત કરવી જોઇએ.

**ઉપસંહાર-**

બી.એડ્. કોલેજ તાલીમાર્થીઓની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 વિશેની જાગૃતિનો અભ્યાસ કરવો તે અભ્યાસનો મુખ્ય હેતુ હતો. અભ્યાસકે પ્રથમ અને બીજા વર્ષના બી.એડ્. કોલેજ તાલીમાર્થીઓની શિક્ષણ નિતિ 2020 અંગેની જાગૃતિ કસોટીના સંદર્ભમાં ચકાસી હતી, જેનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું. પાલનપુર તાલુકાની જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) બી.એડ્. કોલેજના પ્રથમ વર્ષનાં 40 અને દ્વિતિય વર્ષનાં 49 તાલીમાર્થીઓ આમ કુલ 89 તાલીમાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યા હતો.સ્વ-રચિત જાગૃતિ કસોટીનું મૂલ્યાંકન ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું જેના પરિણામો શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્યવિસ્તારના વિદ્યાર્થીઓ તથા પ્રથમ અને બીજા વર્ષના વિદ્યાર્થીના રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાગૃતિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો એટલે કે વિદ્યાર્થીઓની જાગૃતિ કક્ષા સમાન જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો**- બી.એડ્., તાલીમાર્થી, રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020

**17.સશોધકનું નામ- Patel Kaminaben Ramajibhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોનો અભ્યાસ

**A Study of Attitude of Higher Secondary Students of Palanpur Taluka Studying In General Stream towards Elements of Account Subject**

**સંશોધનનું ક્ષેત્ર** - શિક્ષણનું મનોવિજ્ઞાન, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ઉચ્ચતર માધ્યમિક શાળાનાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણો જાણવા માટે મનોવલણ માપદંડની રચના કરવી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાનાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય અંગેનાં મનોવલણો જાણવા.
- ઉચ્ચતર માધ્યમિક શાળાનાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોની જાતિયતાનાં સંદર્ભમાં તુલના કરવી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાનાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોની વિસ્તારનાં સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- કુમારો અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં કુમારો અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

- શહેરી વિસ્તારનાં કુમારો અને ગ્રામ્ય વિસ્તારનાં કુમારોનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અને કુમારો તથા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ–જાતિયતા અને વિસ્તાર, પરતંત્ર ચલ - નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણો, અંકુશિત ચલ –સામાન્ય પ્રવાહ, વિષય (નામાનાં મૂળતત્વો)

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં કુલ 400 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** વલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- કુમાર અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે જ્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં કુમાર અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે.
- ગ્રામ્ય, શહેરી વિસ્તારનાં કુમાર અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં કુમારો નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણોમાં રસનાં ક્ષેત્રમાં સમાન જણાય છે. જ્યારે સરળતાનાં ક્ષેત્રમાં ભિન્ન જણાય છે. તેમનાં વલણો સમાન જણાય છે.
- ગ્રામીણ અને શહેરી કન્યાઓ નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેના મનોવલણોમાં વિષયવસ્તુ ક્ષેત્રે ભિન્ન જણાય છે. જ્યારે ઉપયોગિતાનાં ક્ષેત્રે સમાન જોવા મળે છે.
- ગ્રામ્ય વિસ્તારનાં કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓ નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન વલણાંક ધરાવે છે જ્યારે ગ્રામીણ કન્યાઓ અને શહેરી વિસ્તારનાં કુમારો નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે.
- કુમારો અને કન્યાઓ નામાનાં મૂળતત્વો મનોવલણો સંદર્ભે વિષયવસ્તુની બાબતમાં ભિન્ન છે. જ્યારે ઉપયોગિતાનાં ક્ષેત્રમાં શહેરી કન્યા અને ગ્રામીણ કન્યાનાં મનોવલણો સમાન જણાય છે.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત સંશોધન દ્વારા વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સજાગ બનશે.શિક્ષકો નામાનાં મૂળતત્વો વિષયનું અસરકારક અધ્યાપન મોડલ બનાવવા પ્રેરાશે અને વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે અભિમુખ કરવા પ્રસ્તુત સંશોધન મદદરૂપ બનશે.વાલીઓને નામાનાં મૂળતત્વો વિષયનું મહત્વ આંકવા મદદરૂપ બનશે. પોતાના બાળકોને નામાનાં મૂળતત્વો વિષયનું મહત્વ આંકવા મદદરૂપ બનશે. પોતાના બાળકોને નામાનાં મૂળતત્વો વિષયનું મહત્વ સમજાવશે.શાળા નામાનાં મૂળતત્વો વિષયને અસરકારક બનાવવા વિવિધ પદ્ધતિઓ ઉપયોગમાં લેશે. કાર્યક્રમોનું આયોજન કરવામાં મદદરૂપ થશે.

**ઉપસંહાર-**

ઉચ્ચતર માધ્યમિક શાળાનાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યેનાં મનોવલણો જાણવા માટે વલણ માપદંડની રચના કરવામાં આવી હતી. જેનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.નમૂના તરીકે કુલ 200 કુમાર અને 200 કન્યાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. વલણ માપદંડ દ્વારા વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો લઈ સરાસરી, પ્રમાણ વિચલન અને ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અભ્યાસ પરથી એવું તારણ મળ્યું હતું કે,કુમાર અને કન્યાઓનાં નામાનાં મૂળતત્વો વિષય પ્રત્યે સમાન વલણાંકો ભિન્ન છે.

**ચાવીરૂપ શબ્દો-** મનોવલણો, પાલનપુર તાલુકો, ઉચ્ચતર માધ્યમિક શાળા, સામાન્ય પ્રવાહ, વિદ્યાર્થીઓ

**18.સશોધકનું નામ- Parmar Kanjibhai Virabhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ

**A Study of the Attitudes of SecondarySchool Students towards theSubject of Sanskrit**

**સંશોધનનું ક્ષેત્ર** - ભાષા શિક્ષણ અને મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો મેળવવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
- માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો પર જાતીયતાની અસર તપાસવી.
- માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- માધ્યમિક શાળાના ધોરણ નવના કન્યાઓ અને કુમારોના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયોમાં સાર્થક તફાવત નહીં હોય.
- માધ્યમિક શાળાના ધોરણ નવના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયોમાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ - સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો
અંકુશિત ચલ - શૈક્ષણિક વર્ષ, શિક્ષણનું માધ્યમ, ધોરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસ વર્ષ 2023-24 ના વડગામ તાલુકાના ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓનો અભ્યાસના વ્યાપ તરીકે અને નમૂના તરીકે વડગામ તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ નવનાં વિદ્યાર્થીઓને આકસ્મિક નમૂના પસંદગીથી 400 વિદ્યાર્થીઓના પ્રતિભાવો મેળવવાનું નક્કી કર્યું હતું.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** કાઈવર્ગ

**સંશોધનના તારણો-**

- માધ્યમિક શાળાના ધોરણ નવના કન્યા અને કુમારોના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો સમાન હતા. પરંતુ કેટલીક બાબતમાં અસમાનતા જોવા મળી હતી.
- માધ્યમિક શાળાના ધોરણ નવના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો સમાન હતા. પરંતુ કેટલીક બાબતમાં અસમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

વર્ગ શિક્ષણમાં જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે સંસ્કૃત વિષયના વિદ્યાર્થીને ઉપયોગી કરી શકાય.માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય અંગેના પ્રતિભાવો દ્વારા સંસ્કૃત જ્ઞાન તપાસીને યોગ્ય માર્ગદર્શન આપી શકાય.વિદ્યાર્થીઓને વર્તમાન ભાષા સજ્જતાથી જાણકારી આપી શકાય હતી.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો.જેના હેતુઓ માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો મેળવવા માટે અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી. માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો પર વિસ્તારની અને જાતીયતાની અસર તપાસવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું હતું. પ્રસ્તુત અભ્યાસ વર્ષ 2023-24 ના વડગામ તાલુકાના ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધો-૯ ના વિદ્યાર્થીઓનો અભ્યાસના વ્યાપ તરીકે અને નમૂના તરીકે વડગામ તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ નવનાં વિદ્યાર્થીઓને આકસ્મિક નમૂના પસંદગીથી 400 વિદ્યાર્થીઓના પ્રતિભાવો મેળવવાનું નક્કી કર્યુ હતું. સ્વ રચિત અભિપ્રાયાવલિનું પૃથક્કરણ કાઈવર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળાના ધોરણ નવના ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પ્રત્યેના અભિપ્રાયો સમાન હતા. પરંતુ કેટલીક બાબતમાં અસમાનતા જોવા મળી હતી. માધ્યમિક શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય અંગેના પ્રતિભાવો દ્વારા સંસ્કૃત જ્ઞાન તપાસીને યોગ્ય માર્ગદર્શન આપી શકાય.વિદ્યાર્થીઓને વર્તમાન ભાષા સજ્જતાથી જાણકારી આપી હતી.

**ચાવીરૂપ શબ્દો** : માધ્યમિક શાળા, સંસ્કૃત વિષય, અભિપ્રાયો

**<u>19.સશોધકનું નામ- Thakor Mahendra Rameshji</u>**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ

**A Study of Problem of the Primary Teacher Trainess of the Banaskantha District**

**સંશોધનનું ક્ષેત્ર** - પ્રાથમિક શિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ જાણવા અંગે પ્રશ્નાવલિની રચના કરવી.
- પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની વ્યકિતગત સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષાણાર્થીઓની પરિવારને લગતી સમસ્યાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષાણાર્થીઓની રહેઠાણને લગતી સમસ્યાનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-**

- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની વ્યકિતગત સમસ્યાઓ શું હશે?
- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ શું હશે?
- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓ શું હશે?
- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓ શું હશે?
- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની પરિવારને લગતી સમસ્યાઓ શું હશે ?

- બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની રહેઠાણને લગતી સમસ્યાઓ શું હશે?

**સંશોધનના ચલ**--------------------------

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના કુલ- 200 પ્રશિક્ષણાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત**- સાદી ટકાવારી

**સંશોધનના તારણો**-

- તાલીમ દરમિયાન હોસ્ટેલમાં રહેવું પડે છે તેવું લગભગ 80% પ્રશિક્ષણાર્થીઓ માને છે.
- 48.48% પ્રશિક્ષણાર્થીઓના ઘરમાં વધારે સભ્ય હોવાથી પૈસાની સમસ્યા ઉદ્ભવે છે.
- લગભગ 45.75% પ્રશિક્ષણાર્થીઓને તાલીમ દરમિયાન શિક્ષકો તરફથી યોગ્ય સહકાર ન મળતા હતાશ થઈ જાય છે.
- લગભગ 2.24% પ્રશિક્ષણાર્થીઓ અપંગ હોવાથી ગ્લાનિ અનુભવે છે.
- 5.75% પ્રશિક્ષણાર્થીઓની પત્ની અને બાળકો હોવાથી ચિંતા અનુભવે છે.
- લગભગ 53.33% પ્રશિક્ષણાર્થીઓને ક્ષમતાઓ યાદ રાખવી મુશ્કેલ પડે છે.
- 6.06% પ્રશિક્ષણાર્થીઓના માટે સામાજિક રૂઢિચુસ્તના કારણે ફરજિયાત ઘરેથી જ આવવું પડે છે.

**સંશોધનના ફલિતાર્થો**-

પ્રશિક્ષણાર્થીઓના મકાન તાલીમી કોલેજથી દૂર હોવાથી તેઓને હોસ્ટેલમાં રહેવું પડશે. તેથી હોસ્ટેલમાં પ્રશિક્ષણાર્થીઓને બધીજ સુવિધા પ્રાપ્ત થઈ શકે તેવી વ્યવસ્થા કરવી જોઈતી હતી. તાલીમી કોલેજમાં શિક્ષકો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય સહકાર આપવો જોઈ તો હતો અને જરૂર પડ્યે પ્રશિક્ષણાર્થીઓનો ઉત્સાહ વધે તેવું માર્ગદર્શન પણ આપવું જોઈયે. અધ્યાપન મંદિરોમાં વિવિધ પ્રાયોગિક કાર્ય તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓને અભ્યાસ સાથે સાંકળી લેવું જોઈએ જેથી બોજારુપ ન લાગે અને પ્રશિક્ષણાર્થીઓ સહજતાથી તેને સ્વીકારશે.

**ઉપસંહાર**-

પ્રસ્તુત સંશોધનનો હેતુ બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ કરવાનો હતો. જેના હેતુઓ પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ જાણવા અંગે પ્રશ્નાવલિની રચના કરવી. બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓની વ્યકિતગત, સામાજિક, શૈક્ષણિક, આર્થિક, પરિવારને અને રહેઠાણને લગતી સમસ્યાઓ શું હશે? તે જાણવા માટે સશોધન કાર્ય કરવામાં આવ્યું હતું. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક અધ્યાપન મંદિરોના દ્વિતીય વર્ષના કુલ- 200 પ્રશિક્ષણાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. તાલીમ દરમિયાન હોસ્ટેલમાં રહેવું પડે છે તેવું લગભગ 80% પ્રશિક્ષણાર્થીઓ માને છે. 48.48% પ્રશિક્ષણાર્થીઓના ઘરમાં વધારે સભ્ય હોવાથી પૈસાની સમસ્યા ઉદભવી હતી. લગભગ 45.75% પ્રશિક્ષણાર્થીઓને તાલીમ દરમિયાન શિક્ષકો તરફથી યોગ્ય સહકાર ન મળતા હતાશ થઈ ગયા હતા. લગભગ 2.24% પ્રશિક્ષણાર્થીઓ અપંગ હોવાથી ગ્લાનિ અનુભવે છે.

**ચાવીરૂપશબ્દો**: અધ્યાપન મંદિર, પ્રશિક્ષણાર્થીઓ

**20.સશોધકનું નામ- Modh Mihirkumar Nileshkumar**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એકમોનો સંસ્થાકિય વ્યકિત અભ્યાસ

**An Institutional Case Study of Educational Institutions Managed by Shree Banaskantha Anjana Patel Kelavani mandal, Palanpur**

**સંશોધનનું ક્ષેત્ર** - વ્યકિત અભ્યાસ, શિક્ષણનું સંગઠન, વહિવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ-**

- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એકમોનો ઉદ્દભવ અને વિકાસ જાણવો.
- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એકમોમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ જાણવી.
- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શૈક્ષણિક એકમોમાં છેલ્લા ત્રણ વર્ષના કેટલા વર્ગો, કેટલા ધોરણો, કેટલા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેની માહિતી મેળવવી.
- આ એકમોના છેલ્લા ત્રણ વર્ષના પરિણામોની વિગતો જાણવી.
- આ એકમોની સહઅભ્યાસિક પ્રવૃતિઓ જાણવી.
- આ એકમોના ભાવિ આયોજન વિશે જાણવું.
- આ એકમોના સામાજિક પ્રદાન અંગેની વિગતો જાણવી.

**સંશોધનના પ્રશ્નો–**

- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એકમોનો ઉદભવ અને વિકાસ કેવો હશે?
- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એકમોની ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ કેવા પ્રકારની હશે?
- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એકમોમાં કેટલા અને કયા કયા શૈક્ષણિક એકમો કાર્યરત છે?
- આ શૈક્ષણિક એકમો દ્વારા કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃતિઓ કરવામાં આવે છે?
- આ એકમોનાં સામાજિક કાર્યો કયાં છે?
- આ એકમોનાં ભાવિ આયોજનનો અંગેનાં શું વિચારો હશે?
- શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ સંચાલિત એકમોમાં કુલ કેટલા ધોરણો, કેટલા વર્ગો, કેટલા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે?

**સંશોધનના ચલ-** ---------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વ્યકિત અભ્યાસ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** શૈક્ષણિક સંસ્થાનો અભ્યાસ હોવાથી વ્યાપવિશ્વ જ નમૂના તરીકે પસંદ કરેલ છે

**ઉપકરણ-** મુલાકાત પત્રક, પ્રશ્નાવલી, સંસ્થાકીય દસ્તાવેજો, રૂબરૂ મુલાકાત

**પૃથક્કરણની રીત-** ગુણાત્મક પદ્ધતિ

**સંશોધનના તારણો-**

- આ એકમોમાં તાલીમબધ્ધ તજજ્ઞો અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે.
- આ એકમો દ્વારા વાલીઓનો સંસ્થા સાથેનો સેતુ મજબૂત થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે.
- વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા અને સારો દેખાવ કરવા પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓએ રાજય અને જિલ્લા કક્ષાએ સિધ્ધિઓ મેળવેલ છે.
- આ એકમોમાં વિદ્યાર્થીઓનું જ્ઞાન ચિરસ્થાયી બને તે માટે વિવિધ સેમીનાર, અભ્યાસ વર્તુળ અને પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.

- આ એકમોનું છેલ્લા વર્ષોનું પરિણામ ખૂબ જ સરસ છે.વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે એકમોમાં શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃતિઓ થાય છે અને તેમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લે છે.
- આ એકમોમાં સમૂહ પ્રાર્થના સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અને સફાઈ, વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, વૃક્ષારોપવા વગેરે પ્રવૃતિઓ થાય છે.
- આ એકમોમાં વિદ્યાર્થીઓને રહેવા માટેની સારી સગવડ છે. વિદ્યાર્થીઓને છાત્રાલયમાં ઘર જેવું વાતાવરણ અને સગવડ પૂરી પાડવામાં આવે છે.
- આ એકમોમાં વિદ્યાર્થીઓ માટે ભૌતિક સાધનો પૂરતા પ્રમાણમાં પૂરા પાડવામાં આવે છે. આ એકમોમાં ગ્રંથાલયની સુવિધા સારા પ્રમાણમાં છે.

**સંશોધનના ફલિતાર્થો-**

આ મંડળ સંચાલિત એકમોનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય.સંપૂર્ણ વિકસિત એકમોમાં વ્યકિત અભ્યાસ કરીને એકમોનો સંપૂર્ણ વિકાસ કેવી રીતે થાય છે. તે જાણીને અવિકસિત એકમોને વિકસિત એકમોનું ઉદાહરણ આપી માર્ગદર્શન પાડી શકાય.વ્યકિત અભ્યાસથી સંસ્થાકીય સિધ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય.એકમોના વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપી શકાય. આ માટે કેમ્પસમાં Counseling સેવાઓ શરૂ કરવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની સ્થાપના કરી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અત્યારના વિદ્યાર્થીઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવવી જોઈએ. Placement Cell શરૂ કરવો જોઈએ. સમાજે શ્રેષ્ઠ શૈક્ષણિક એકમોને સહકાર આપી વધુને વધુ વ્યવસાયલક્ષી શિક્ષણ પૂરૂ પાડવું જોઈએ. મનોવૈજ્ઞાનિક પ્રયોગ શાળા શરૂ કરવી જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસ શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત એકમોનો સંસ્થાકિય વ્યકિત અભ્યાસ કરવાનો હતો. જેના હેતુઓ શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શૈક્ષણિક એકમોમાં છેલ્લા ત્રણ વર્ષના કેટલા વર્ગો, કેટલા ધોરણો, કેટલા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેની માહિતી મેળવવી.આ એકમોના છેલ્લા ત્રણ વર્ષના પરિણામોની વિગતો, સહઅભ્યાસિક પ્રવૃતિઓ, ભાવિ આયોજન અને સામાજિક પ્રદાન જાણવાનો હતો. સંશોધનો પ્રકાર વ્યાવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને વ્યકિત અભ્યાસ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું હતું. શૈક્ષણિક સંસ્થાનો અભ્યાસ હોવાથી વ્યાપવિશ્વ જ નમૂના તરીકે પસંદ કરેલ છે જેનું મુલાકાત પત્રક, પ્રશ્નાવલી, સંસ્થાકીય દસ્તાવેજો, રૂબરૂ મુલાકાતનું પૃથક્કરણ ગુણાત્મક પદ્ધતિથી કરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો-** શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, વ્યકિત અભ્યાસ, સંચાલીત શૈક્ષણિત સંસ્થાઓ

**<u>21.સશોધકનું નામ- Rod Mukeshkumar Devchandbhai</u>**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ

**A Study of Consumer Protection Awareness in the Students of Secondary Schools of Vadgam taluka**

**સંશોધનનું ક્ષેત્ર** - શિક્ષણનું સમાજશાસ્ત્ર અને શિક્ષણનું અર્થશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ-**

- વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા તપાસવા માટેની કસોટીની રચના અને અજમાયશ કરવી.
- માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગ્રાહક સુરક્ષા પ્રત્યેના ખ્યાલો તપાસવા.

- માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના ખ્યાલો ઉપર જાતીયતાની અસર તપાસવી.
- માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના ખ્યાલો ઉપર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં ગ્રાહકસુરક્ષા પ્રત્યેનીજાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- ગ્રામીણ વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહકસુરક્ષાપ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- શહેરી વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારના કુમારોમાં ગ્રાહકસુરક્ષા પ્રત્યેનીજાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- શહેરી વિસ્તારની કન્યાઓ અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષાપ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- કુલ શહેરી વિસ્તાર અને કુલ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓમાં ગ્રાહક સુરક્ષાપ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.
- કુલ કુમારો અને કુલ કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોનીસરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિયતા,વિસ્તાર પરતંત્ર ચલ- ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતિ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વડગામ તાલુકાની કુલ 18 માધ્યમિક શાળાઓ પૈકી 6 માધ્યમિક શાળાઓના ધો-9 ના 282 વિદ્યાર્થીઓને ઝૂમખાં નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત કસોટી

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણવિચલન, ક્રાંતિક ગુણોતર અને પ્રમાણભૂલ

**સંશોધનના તારણો-**

- શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. અર્થાત શહેરી વિસ્તારના કુમારો કરતાં શહેરી વિસ્તારની કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢિયાતી હતી.
- ગ્રામ્ય વિસ્તારના કુમારો અને ગ્રામ્ય વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. અર્થાત ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢિયાતી હતી.
- કુલ કુમારો અને કુલ કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. અર્થાત કુલ કુમારો કરતાં કુલ કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢિયાતી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી જ ગ્રાહક સુરક્ષાના ખ્યાલ પ્રત્યેની જાગૃતિ કેળવાય તે માટે અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં ગ્રાહક સુરક્ષા અંગેના વધુ પ્રમાણમાં મુદાઓ સમાવિષ્ટ કરવા જોઈએ. શાળા કક્ષાએ ગ્રામીણ વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે ખાસ સભાન પ્રયત્નો કરી ગ્રાહક સુરક્ષા અંગેની જાગૃતતાનું સ્તર ઊંચે લાવી શકાય.શાળાઓમાં બુલેટીન બોર્ડ ઉપર ગ્રાહક સુરક્ષા અંગેના પોસ્ટરો, મેગેઝીન, વર્તમાન પત્રોના લેખો મૂકીને તથા પ્રાથના સભામાં સમયાંતરે ગ્રાહક સુરક્ષા અંગે ચર્ચા પ્રશ્નોતરી વ્યાખ્યાનો ગોઠવવા જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાનો અભ્યાસ કરવાનો હતો. વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા તપાસવા માટેની કસોટીની રચના અને અજમાયશ કરવી.માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગ્રાહક સુરક્ષા પ્રત્યેના ખ્યાલો તપાસવા.માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના ખ્યાલો ઉપર જાતીયતાની અસર તપાસવાનો હતો. સંશોધનો પ્રકાર વ્યાવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને  સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વડગામ તાલુકાની કુલ 18 માધ્યમિક શાળાઓ પૈકી 6 માધ્યમિક શાળાઓના ધો-9 ના 282 વિદ્યાર્થીઓને ઝૂમખાં નમૂના પસંદગીથી  પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત માહિતીનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણવિચલન, ક્રાંતિક ગુણોતર અને પ્રમાણભૂલ દ્વારા કરવામાં આવ્યું હતું.  કુલ કુમારો અને કુલ કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સાર્થક તફાવત જોવા હતી. અર્થાત કુલ કુમારો કરતાં કુલ કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢિયાતી હતી. વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી જ ગ્રાહક સુરક્ષાના ખ્યાલ પ્રત્યેની જાગૃતિ કેળવાય તે માટે અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં ગ્રાહક સુરક્ષા અંગેના વધુ પ્રમાણમાં મુદાઓ સમાવિષ્ટ કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો**- ગ્રાહક સુરક્ષા

**22.સશોધકનું નામ- Solanki Narendra Laxmanbhai**

**માર્ગદર્શકનું નામ-  Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**ધો-૮ ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિનાં કારણોનો અભ્યાસ**

**A Study of the Reasons for Aversion in Students of STD 8th in Subject Social Science**

**સંશોધનનું ક્ષેત્ર –**  સામાજિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિના કારણો જાણવા પ્રશ્નાવલિની રચના કરવી.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના વિષય સંબંધિત અરુચિના કારણો  જાણવા.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના પાઠયક્રમ સંબંધિત અરુચિના કારણો  જાણવા.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષક સંબંધિત અરુચિના કારણો જાણવા.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના ગૃહકાર્ય સંબંધિત અરુચિના કારણો જાણવા.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના તાસ  સંબંધિત અરુચિના કારણો  જાણવા.
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના શાળા  સંબંધિત અરુચિના કારણો  જાણવા.

**સંશોધનના પ્રશ્નો–**

- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના વિષય સંબંધિત અરુચિના શું હશે.?

- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના પાઠયક્રમ સંબંધિત અરુચિના કારણો શું હશે ?
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષક સંબંધિત અરુચિના કારણો શું હશે?
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના ગ્રુહકાર્ય સંબંધિત અરુચિના કારણો શું હશે ? .
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના તાસ સંબંધિત અરુચિના કારણો શું હશે ? .
- ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના શાળા સંબંધિત અરુચિના કારણો શું હશે ?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- વિસ્તાર, જાતિ અને શાળાના પ્રકાર પરતંત્ર ચલ- વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિના કારણો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** દાંતા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો-8 માં અભ્યાસ કરતાં કુલ 100 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- સામાજિક વિજ્ઞાન વિષય અઘરો લાગે છે અને વધુ મહેનત માગી લે છે.
- સામાજિક વિજ્ઞાન વિષયનો પાઠયક્રમ વધુ લાબો છે અને સ્વાધ્યાય અઘરા લાગે છે.
- સામાજિક વિજ્ઞાન વિષયના તાસ દરમિયાન ઊંઘ આવે છે.
- શિક્ષક વર્ગખંડમાં કડક વલણ દાખવે છે.
- ગૃહકારી ન લાવતા શિક્ષક સજા કરશે તેવો દર લાગે છે.
- શાળામાં પુસ્તકાલયની યોગ્ય વ્યવસ્થા નથી.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવવા વિવિધ પદ્ધતિઓની સાથે વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા વધુ રસિક, અસરકારક બનાવવી જોઈએ. AUDIO, VIDEO, LCD & COMPUTER નો ઉપયોગ કરી શિક્ષણકાર્યને અસરકારક બનાવી શકે છે.મેગેઝીનો, છાપા, અન્ય સાહિત્ય તથા ઈન્ટરનેટ પરથી માહિતી મેળવી સતત નવા પ્રવાહોથી વાકેફ થવું જોઈએ. તથા વર્ગમાં શિક્ષણકાર્ય કરતી વખતે તેનો ઉપયોગ કરવો જોઈએ. વિદ્યાર્થીઓને ક્યારેય શિક્ષારૂપે વધુ પડતું ગૃહકાર્ય ન આપવું જોઈએ. અન્ય વિષયના શિક્ષકો દ્વારા અપાતા ગૃહકાર્યને ધ્યાનમાં રાખીને વૈવિધ્ય સભર ગૃહકાર્ય આપવું જોઈએ. વિદ્યાર્થીઓની રસ-રૂચિ, આવડતને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ કાર્યની સોંપણી કરવી જોઈએ. પ્રોજેક્ટ કાર્ય દરમ્યાન શિક્ષકે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન-દિશાસૂચન કરવું જોઈએ.શિક્ષકે વિદ્યાર્થીઓ પ્રત્યે કડક વલણ ન દાખવતાં-મિત્રતાભર્યું, સહાનુભુતિભર્યું વર્તન રાખવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસ દાંતા તાલુકાના ધોરણ-8 ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો. જેના હેતુઓ ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં અરુચિના કારણો જાણવા પ્રશ્નાવલિની રચના કરવી. ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓના વિષય, પાઠયક્રમ, શિક્ષક, ગૃહકાર્ય, તાસ અને શાળા સંબંધિત અરુચિના કારણો જાણવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું. જેમાં દાંતા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો-8 માં અભ્યાસ કરતાં કુલ 100 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સ્વ રચિત પ્રશ્નાવલિનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા

કરવામાં આવ્યું હતું. તેમજ સામાજિક વિજ્ઞાન વિષય અઘરો લાગે છે અને વધુ મહેનત માગી લે છે. સામાજિક વિજ્ઞાન વિષયનો પાઠયક્રમ વધુ લાબો છે અને સ્વાધ્યાય અઘરા લાગે છે. શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવવા વિવિધ પદ્ધતિઓની સાથે વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયા વધુ રસિક, અસરકારક બનાવવી જોઈએ. AUDIO, VIDEO, LCD & COMPUTER નો ઉપયોગ કરી શિક્ષણકાર્યને અસરકારક બનાવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો-** સામાજિક વિજ્ઞાન, પ્રશ્નબેંક

**23.સશોધકનું નામ- Taral Nareshkumar Dhanabhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ **/** એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ

**A Study of Expectations of Secondary School Teachers from Parents in Relation with Student's All-Round Development**

**શોધનનું ક્ષેત્ર –** શારીરિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શારીરિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના માનસિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સામાજિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના નૈતિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો–**

- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શારીરિક વિકાસની અપેક્ષા કેવી હશે ?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના માનસિક વિકાસની અપેક્ષા કેવી હશે ?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના સામાજિક વિકાસની અપેક્ષા કેવી હશે ?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના નૈતિક વિકાસની અપેક્ષા કેવી હશે ?
- શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શૈક્ષણિક વિકાસની અપેક્ષા કેવી હશે ?

**સંશોધનના ચલ------------------------**

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની અને દાંતા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના શિક્ષકો વ્યાપવિશ્વ બન્યા તેમજ પાલનપુર તાલુકાની 7 શાળામાંથી 51 શિક્ષકો અને દાંતા તાલુકાની 8 શાળામાંથી 51 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** કાઈ વર્ગ

**સંશોધનના તારણો-**

- શિક્ષકોના મંતવ્યો પ્રમાણે બાળકના શારીરિક વિકાસ અંગે વાલીઓએ બાળકના આહાર, વ્યાયામ, સ્વચ્છતા, રોગો સામે રક્ષણ અને રમત ગમત જેવી બાબતો અંગેની તકેદારી લેવી જોઈએ.
- બાળકોને દેશ અને દુનિયાની પ્રગતિથી માહિતગાર કરવા જોઈએ.
- બાળકની જિજ્ઞાસાવૃતિ વાલીઓએ સંતોષવી જોઈએ.

- વાલીઓએ બાળકને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લેવડાવવો અને સામાજિક મેળાની મુલાકાત કરાવવી જોઈએ.
- વાલીઓએ બાળકને પ્રાર્થના, સમયનો સદુપયોગ, સર્વધર્મ સમભાવનું મહત્વ સમજાવવું જોઈએ.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત સંશોધન અધ્યાપન કાર્ય કરનાર દરેક વ્યક્તિને, તેમજ પ્રશિક્ષણાર્થીઓને બાળકના વિકાસના વિવિધ પાસાંઓ માટે પોતાની તેમજ વાલીઓની શી જવાબદારી છે તે સમજવામાં ઉપયોગી થશે. શિક્ષકે બાળકના સર્વાંગી વિકાસ માટે દરેક કાર્ય વખતે, દરેક પરિસ્થિતિમાં વાલીઓનો સંપર્ક સાધવો પડતો હોય છે. આ સંપર્ક દરમિયાન શિક્ષક પોતાની અપેક્ષાઓ સમજાવી શકે તેમજ વાલીઓનું તેમની જવાબદારી પ્રત્યે ધ્યાન ખેંચી શકે. આ રીતે આ સંશોધન વાલીઓને જાગૃત રખવાના કાર્યમાં પણ અપ્રત્યક્ષ રીતે મદદરૂપ બની શકે. પ્રસ્તુત સંશોધનના આશયના કેન્દ્રમાં બાળકના સર્વાંગી વિકાસ છે. બાળકાના સર્વાંગી માટેની તકો મહદ અંશે શાળામાં પ્રાપ્ત થતી હોય છે. શાળાના તંદુરસ્ત વાતાવરણનો આધાર આચાર્ય પર હોય છે. શિક્ષકોએ આચાર્ય સાથે પણ વાલીઓ પાસેથી કઈ કઈ અપેક્ષાઓ રાખવી તે ચર્ચા કરી શકે છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વાલીઓ પાસેથી અપેક્ષાઓનો અભ્યાસ કરવાનો હતો. જેના હેતુઓ શિક્ષકોની વાલીઓ પાસેથી બાળકના શારીરિક વિકાસની, માનસિક વિકાસની, સામાજિક વિકાસની, નૈતિક વિકાસની અને શૈક્ષણિક વિકાસની અપેક્ષાઓનો અભ્યાસ કરવાનો હતો. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકા અને દાંતા તાલુકાની ગુજરાત માધ્યમની માધ્યમિક શાળાના શિક્ષકો વ્યાપવિશ્વ બન્યા તેમજ પાલનપુર તાલુકાની 7 શાળામાંથી 51 શિક્ષકો અને દાંતા તાલુકાની 8 શાળામાંથી 51 શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું. માહિતી અંગેના પ્રતિચારની ટકાવારી તથા સમાન સંભવની રીતથી કાઈ વર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો-** સર્વાંગી વિકાસ, શિક્ષકો, વાલીઓ

**<u>24.સશોધકનું નામ- Vaghela Nishaben Viramabhai</u>**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-6 નાં ગુજરાતી વિષયમાં વાંચનમાં થતી ભૂલો નિવારણ માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ

**Diagnostic and Remedial Teaching for Prevention of Reading Errors in Gujarati Subject of Class 6**

**સંશોધનનું ક્ષેત્ર** - ભાષા શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયના વાંચન કાર્યમાં થતી ભૂલોનું નિદાન કરવું.
- વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયના વાંચન કાર્યમાં થતી ભૂલોને જાતીયતાનાં સંદર્ભમાં તપાસવી.
- વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયમાં નિદાન આધારિત ઉપચારાત્મક શિક્ષણ કરવું.
- ગુજરાતી વિષયનાં વાંચન સંદર્ભે ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- કુમાર અને કન્યાઓની નિદાન કસોટી અને ઉપચાર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- કુમારોએ નિદાન કસોટી અને ઉપચાર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

- કન્યાઓએ નિદાન કસોટી અને ઉપચાર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - જાતિયતા : જાતિયતા, પરતંત્ર ચલ - ભૂલોની સંખ્યા, વાંચન કાર્ય, અંકુશિત ચલ -ધોરણ, વિષય

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ધાનેરા તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળા ધાનેરા મિશ્ર શાળા નંબર 1, શાળાનાં ધોરણ 6 નાં 22 કુમાર અને 22 કન્યાઓ એમ કુલ 44 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- નિદાન કસોટી બાદ વિદ્યાર્થીઓને ઉપચારાત્મક શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓની સિદ્ધિમાં ધન અસર જોવા મળે છે.
- કુલ વિદ્યાર્થીઓએ નિદાન કસોટી અને ઉપચાર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. માટે ઉપચારાત્મક શિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓની ધન અસર જોવા મળી હતી.
- કુમારોએ નિદાન કસોટી અને ઉપચાર કસોટીમાં મેળવેલ પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. માટે ઉપચારાત્મક શિક્ષણ મેળવેલ કુમારોની ધન અસર જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ આ પ્રકારનો ઉપચારાત્મક કાર્યક્રમ રચી શિક્ષણમાં તેનો ઉપયોગ કરવો જોઇએ. શાળાના આચાર્ય શિક્ષકોને ઉપચારાત્મક શિક્ષણ ઉપર વધુ ભાર મુકવો જોઇએ. વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં આવો નાવીન્યતા ધરાવતો ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને અનુભવ પૂરો પાડે તે પ્રકારનું શૈક્ષણિક આયોજન કરવું જોઈએ. શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે ઉપચારાત્મક શિક્ષણનું આયોજન કરી શકાય તે માટે શાળા સંચાલકોએ વધારાનાં સમયની સુવિધા પૂરી પાડવી જોઈએ. પાઠ્યપુસ્તકની જટિલ રજૂઆત ધરાવતા એકમોની કસોટી બાદ ઉપચારાત્મક શિક્ષણનો ઉપયોગ કરવો જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન કાર્યમાં ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયના વાંચન કાર્યમાં થતી ભૂલોના નિવારણ માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ એ અભ્યાસનો મુખ્ય હેતુ હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું. જેમાં ધાનેરા તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળા ધાનેરા મિશ્ર શાળા નંબર 1, શાળાનાં ધોરણ 6 નાં 22 કુમાર અને 22 કન્યાઓ એમ કુલ 44 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. જેનું મૂલ્યાંકન સ્વ રચિત પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી અને ટી-કસોટીથી પૃથક્કરણ કરવામાં આવ્યું.અભ્યાસકે ધોરણ 6 ના ગુજરાતીનાં વાંચનમાં થતી ભૂલોનાં નિવારણ માટે નિદાન કસોટી લીધી હતી. ત્યારબાદ ઉપચારાત્મક શિક્ષણ કાર્યની અજમાયશ બાદ ઉત્તર કસોટી લીધી હતી. જેના પરિણામો પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના સંદર્ભમાં હકારાત્મક જોવા મળ્યા હતાં.

**ચાવીરૂપ શબ્દો-** વાંચનભૂલો, નિદાન કાર્ય, ઉપચાર શિક્ષણ, અસરકારકતા

**<u>25.સશોધકનું નામ- Patel Nitaben Becharbhai</u>**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ

**સંશોધનનું ક્ષેત્ર** – માર્ગદર્શન અને સલાહ, માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ કરવો.
- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ કરવા અભિપ્રાયાવલીની સંરચના કરવી.
- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણો પર શાળા પ્રકારની અસરની તપાસ કરવી.
- પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણો પર જાતિની શૈક્ષણિક પ્રવાહની અસર તપાસવી.

**સંશોધનના પ્રશ્નો–**

- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વાણિજ્ય પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વાણિજ્ય પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વાણિજ્ય પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વાણિજ્ય પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિનયન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં અનુદાનિત શાળાઓમાં વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિનયન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં સ્વનિર્ભર શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?
- ધો-11 માં સ્વનિર્ભર શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિયતા પરતંત્ર ચલ- શૈક્ષણિક પ્રવાહ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 2023-24 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિનયન પ્રવાહના ધો-11 માં અભ્યાસ કરતાં કુલ 160 વિદ્યાર્થીઓનો નામુનામાં સમાવેશ કર્યો હતો.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- ટેકનિકલ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે.
- વિજ્ઞાન કે ગણિત શિક્ષક બનવાની તક મળે છે.
- વિજ્ઞાન પ્રવાહ રાખવાથી સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા મળે છે.
- વિજ્ઞાન પ્રવાહમાં આગળ અભ્યાસની તક ઉજ્જવળ છે.

- તર્કશક્તિનો વિકાસ થાય છે.
- વાણિજય પ્રવાહ વ્યવસાયની દ્રષ્ટિએ ઉપયોગી છે.
- વિનયન પ્રવાહમાં બીજા પ્રવાહ કરતાં વધારે ગુણ મેળવી શકાય છે.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત અભ્યાસના ફલિતાર્થો વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, માધ્યમિક શિક્ષણ બોર્ડ રોજગાર કચેરી, કારકિર્દી માર્ગદર્શન સંસ્થાઓ કારકિર્દી ઘડતરમાં ઉપયોગી સામયિકો વિદ્યાર્થીઓના માતા-પિતા માટે માર્ગદર્શન રૂપ બનશે. પ્રસ્તુત અભ્યાસમાં વિવિધ પ્રવાહની પસંદગીના કારણોનો અભ્યાસ થયેલ છે જેની જાણકારી યોગ્ય પ્રવાહની પસંદગી માટે વિદ્યાર્થીઓને  ઉપયોગી બની શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક  સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું.પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 2023-24 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિનયન પ્રવાહના ધો-11 માં અભ્યાસ કરતાં કુલ 160 વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. સ્વ-રચિત અભિપ્રાયાવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી જેનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવેલ હતું.જેના તારણો ટેકનિકલ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે. વિજ્ઞાન કે ગણિત શિક્ષક બનવાની તક મળે છે.વિજ્ઞાન પ્રવાહ રાખવાથી સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા મળે છે.

**ચાવીરૂપ શબ્દો-** વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિનયન પ્રવાહ


<u>26.સશોધકનું નામ- **Modi Pankajkumar Dineshbhai**</u>

**માર્ગદર્શકનું નામ-  Smt.T.S.Bhargav**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.


**સંશોધનનું શીર્ષક (ગુજરાતી-અંગ્રેજી)-**

દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોનો  અભ્યાસ

**A Study of Scientific Attitudes of Students of Secondary Schools of Deodar Taluka**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણો જાણવા વલણ માપદંડ ની રચના કરવી.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોની કક્ષા નક્કી કરવી.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવી.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોના અનુભવના સંદર્ભમાં અભ્યાસ  કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓના વૈજ્ઞાનિક વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત  નહીં હોય.
- માધ્યમિક શાળાના ધો-9 વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત નહીં હોય

- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણાંકોની સરાસરી પર તેમની જાતિના સંદર્ભમાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ:- જાતિ,વિસ્તાર પરતંત્ર ચલ- વૈજ્ઞાનિક વલણ માપદંડ અંકુશિત ચલ- ધોરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના ધો-9મા અભ્યાસ કરતાં કુલ-371 વિદ્યાર્થીઓને યાદચ્છિક નિદર્શન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** વલણ માપદંડની

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- પ્રસ્તુત સંશોધનમાં વૈજ્ઞાનિક વલણ માપદંડને નિદર્શના 371 પાત્રોને આપી મળેલી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો મેળવવામાં આવ્યાં હતાં. પ્રસ્તુતુ સંશોધનના મહત્વના તારણો આ પ્રમાણે મળ્યા હતાં
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણની કક્ષા
- પ્રસ્તુત સંશોધનમાં વૈજ્ઞાનિક વલણાંક વિતરણ ચર્પટકકુદતા ધરાવે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

માધ્યમિક શાળાઓ પોતાની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણની કક્ષા જાણવા માટે વૈજ્ઞાનિક વલણ માપદંડનો ઉપયોગ કરી શકાશે.નિમ્ન વૈજ્ઞાનિક વલણ ધરાવનારા વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક વલણ વિકાસ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક વલણની સૌથી શ્રેષ્ઠ કક્ષામાં લઈ જવાનો પ્રયત્ન કરી શકાય. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણની કક્ષા જાણી તે અંગેની માહિતી તેમના માતા પિતાને આપી માર્ગદર્શન આપી શકાશે. અને ધોરણ 9 પછી વિજ્ઞાનપ્રવાહ તરફ જવું કે કેમ તે અંગેના નિર્ણયોમાં વૈજ્ઞાનિક વલણ માપદંડ ઉપયોગી બની શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ વિકસાવવાનો હતો જેમાં દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણો જાણવા વલણ માપદંડ ની રચના કરવી.માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણોનો જાતિના, વિસ્તારના અને અનુભવના સંદર્ભમાં અભ્યાસ કરવો. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે દિયોદર તાલુકાના માધ્યમિક શાળાના ધો-9મા અભ્યાસ કરતાં કુલ-371 વિદ્યાર્થીઓને યાદચ્છિક નિદર્શન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. વલણ માપદંડની માહિતીનું પૃથક્કરણ ટી-કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વલણાંકોની સરેરાસ પર વિસ્તાર અને જાતિની આંતરક્રિયાની 0.01 કક્ષાએ સાર્થક અસર જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો-** વૈજ્ઞાનિક વલણ

**27.સશોધકનું નામ- Chaudhary Pinalbahen Pachanbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

બનાસકાંઠા જિલ્લામાં કે.જી.બી.વી. સંસ્થાઓનું કન્યા કેળવણીમાં પ્રદાન

**Contribution of K.G.B.V. Institutions in Girl Education in Banaskantha District**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક મનોવિજ્ઞાન, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ, સ્ત્રી શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- કે.જી.બી.વી. સંસ્થાઓનાં શિક્ષકોનાં કન્યા કેળવણી અંગેનાં અભોપ્રાયો જાણવા.

- કે.જી.બી.વી. સંસ્થાઓમાં અભ્યાસ કરતી ધોરણ 8 ની બાલીકાઓનાં કન્યા કેળવણી અંગેનાં અભિપ્રાયો જાણવા.
- કે.જી.બી.વી. સંસ્થાઓમાં અભ્યાસ કરતી ધોરણ 8 ની બાલીકાઓનાં વાલીઓનાં કન્યા કેળવણી અંગેનાં અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો–**

- કે.જી.બી.વી. સંસ્થાઓનાં શિક્ષકોનાં કન્યા કેળવણી વિશેનાં અભિપ્રાયો કેવા હશે ?
- કે.જી.બી.વી. સંસ્થાઓમાં ધોરણ 8 માં અભ્યાસ કરતી બાલિકાઓનાં કન્યા કેળવણી વિશેનાં અભિપ્રાયો કેવા હશે?
- કે.જી.બી.વી. સંસ્થાઓમાં ધોરણ 8 માં અભ્યાસ કરતી બાલિકાઓનાં વાલિઓનાં કન્યા કેળવણી વિશેનાં અભિપ્રાયો કેવા હશે ?

**સંશોધનના ચલ-** -----------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરતી ધોરણ 8 ની 5 વિદ્યાર્થીનીઓ, તેમનાં વાલિઓ અને 6 શિક્ષકો. આમ, 10 વિદ્યાલયોમાંથી કુલ 160 નો નમૂનો લેવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- કન્યાઓના અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સંબંધિત કુલ 4 વિધાનોમાં 50 વિદ્યાર્થીનીઓના 200 અભિપ્રાયો પૈકી 93(46.5%) સંમત, 66(33%) અસંમત અને 41(20.5%) તટસ્થ છે.
- કન્યાઓના સંસ્થાકીય સુવિધાઓ અને નિયમો સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વિદ્યાર્થીનીઓના 150 અભિપ્રાયો પૈકી 110 (73.33 %) સંમત,25 (16.66 %) અસંમત અને 15 (10%) તટસ્થ છે.
- કન્યાઓના વ્યવસ્થાપન સમિતિ સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વિદ્યાર્થીનીઓના 150 અભિપ્રાયો પૈકી 66 (44 %) સંમત, 69 (46 %) અસંમત અને 15 (10 %)તટસ્થ છે.
- કન્યાઓના વ્યાવસાયિક તાલીમ અને માર્ગદર્શન સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વિદ્યાર્થીનીઓના 150 અભિપ્રાયો પૈકી 107 (71.33 %) સંમત,20 (13.33%) અસંમત અને 23 (15.33 %) તટસ્થ છે.
- કન્યાઓના સ્વાસ્થ્ય સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વિદ્યાર્થીનીઓના 150 અભિપ્રાયો પૈકી 144 (96 %) સંમત,2 (1.33%) અસંમત અને 4(2.66 %) તટસ્થ છે.
- વાલીઓના અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સંબંધિત કુલ 4 વિધાનોમાં 50 વાલીઓના 200 અભિપ્રાયો પૈકી 184(92%)સંમત, 11(5.5 %)અસંમત અને 5 (2.5%) તટસ્થ છે.
- વાલીઓના સંસ્થાકીય સુવિધાઓ અને નિયમો સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વાલીઓના 150 અભિપ્રાયો પૈકી 115 (76.66 %) સંમત,27 (18 %) અસંમત અને 8 (5.33 %) તટસ્થ છે.
- વાલીઓના વ્યાવસાયિક તાલીમ અને માર્ગદર્શન સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વાલીઓના 150 અભિપ્રાયો પૈકી 76 (50.66 %) સંમત,60 (40 %) અસંમત અને 14 (9.33 %) તટસ્થ છે.
- વાલીઓના સ્વાસ્થ્ય સંબંધિત કુલ 3 વિધાનોમાં 50 વાલીઓના 150 અભિપ્રાયો પૈકી 138 (92 %) સંમત,6 (4 %) અસંમત અને 6 (4 %) તટસ્થ છે.
- શિક્ષકોના અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સંબંધિત કુલ 4 વિધાનોમાં 60 શિક્ષકોના 240 અભિપ્રાયો પૈકી 201(83.75%)સંમત,27(11.25%)અસંમત અને 12(5%) તટસ્થ છે.
- શિક્ષકોના સંસ્થાકીય સુવિધાઓ અને નિયમો સંબંધિત કુલ 3 વિધાનોમાં 60 શિક્ષકોના 180 અભિપ્રાયો પૈકી 180(100%)સંમત,00(00%)અસંમત અને 00(00%) તટસ્થ છે.
- શિક્ષકોના વ્યવસ્થાપન સમિતિ સંબંધિત કુલ 3 વિધાનોમાં 60 શિક્ષકોના 180 અભિપ્રાયો પૈકી 154(85.55%)સંમત,9(5%)અસંમત અને 17(9.44%)તટસ્થ છે.

- શિક્ષકોના વ્યાવસાયિક તાલીમ અને માર્ગદર્શનસંબંધિત કુલ ૩ વિધાનોમાં 60 શિક્ષકોના 180 અભિપ્રાયો પૈકી 143(79.44%)સંમત,32(17.77%)અસંમત અને 5(2.77%) તટસ્થ છે.
- શિક્ષકોના સ્વાસ્થ્ય સંબંધિત કુલ 3 વિધાનોમાં 60 વિદ્યાર્થીનીઓના 180 અભિપ્રાયો પૈકી 113(62.77%)સંમત,36(20%)અસંમત અને 31(17.22%)તટસ્થ છે.

**સંશોધનના ફલિતાર્થો-**

કે.જી.બી.વી. સીવાયની બીજી સંસ્થાઓ જેવી કે આશ્રમ શાળા માટે પણ આ સંશોધન ખુબ જ ઉપયોગી થશે તથા શિક્ષણ સાથે સંકળાયેલા સૌને આ દિશામાં વિચારવા માટે આ સંશોધન અભ્યાસ પ્રેરક બની રહેશે.

**ઉપસંહાર-**

બનાસકાંઠા જિલ્લામાં કે.જી.બી.વી. સંસ્થાઓનું કન્યા કેળવણીમાં પ્રદાન ચકાસવું એ અભ્યાસનો મુખ્ય હેતુ હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન **અને** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિથી અભ્યાસકે કે.જી.બી.વી.ની ધોરણ ૮ના વિદ્યાર્થિનીઓ તેમના વાલી અને શિક્ષકોના અભીપ્રાય લીધા હતા.જેમાં સ્વ-રચિત અભિપ્રાયાવલીનું મૂલ્યાંકન સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું.બનાસકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરતી ધોરણ ૮ ની 5 વિદ્યાર્થીનીઓ, તેમનાં વાલિઓ અને 6 શિક્ષકો. આમ, 10 વિદ્યાલયોમાંથી કુલ 160 નો નમૂનો લેવામાં આવ્યો હતો.જે વિધાનોના સંદર્ભમાં હકારાત્મક જોવા મળ્યા હતા. કે.જી.બી.વી. સીવાયની બીજી સંસ્થાઓ જેવી કે આશ્રમ શાળા માટે પણ આ સંશોધન ખુબ જ ઉપયોગી થશે તથા શિક્ષણ સાથે સંકળાયેલા સૌને આ દિશામાં વિચારવા માટે આ સંશોધન અભ્યાસ પ્રેરક બની રહેશે.

**ચાવીરૂપ શબ્દો-** કન્યા કેળવણી, કે.જી.બી.વી

**28.સશોધકનું નામ- Makwana Poorveshkumar Umeshbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયના શબ્દભંડોળનો અભ્યાસ

**Vocabulary Study of English Subject of Students Studying In Class-9**

**સંશોધનનું ક્ષેત્ર** - માધ્યમિક શિક્ષણ, ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધો-9 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની રચના કરવી.
- ધો-9 ના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવા માટે નિદાન અને પુનઃનિદાન કસોટીની રચના કરવી.
- અંગ્રેજી શબ્દભંડોળ કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધો-9 ના વિદ્યાર્થીઓએ નિદાન અને પુનઃ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-9 ના કુમારો અને કન્યાઓએ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-9 ના કુમારો અને કન્યાઓએ પુનઃ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-9 ના કુમારોએ નિદાન અને પુનઃ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો-9 ના કન્યાઓએ નિદાન અને પુનઃ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- શબ્દભંડોળ પરતંત્ર ચલ- પુનઃનિદાન કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ – ધોરણ પરિવર્તક ચલ- જાતિયતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર શહેરની માધ્યમિક શાળાઓ પૈકી શ્રી એમ.બી. કરણાવત હાઈસ્કૂલ, પાલનપુરના ધો-9 માં અભ્યાસ કરતાં કુલ 30 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં અવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત નિદાન કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-**

- અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળનો વિકાસ થયો હતો.
- ધોરણ–૯ના કુમારોમાં કાર્યક્રમ અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી શબ્દભંડોળ વિકાસ થયો હતો.
- ધોરણ૯-ની કન્યાઓમાં કાર્યક્રમ અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી તેમના શબ્દભંડોળમાં વધારો થયો હતો.
- ધોરણ૯-ના વિદ્યાર્થીઓના કાર્યક્રમ આપ્યા પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછીના સરેરાશ પ્રાપ્તાંકો ઊંચા હતા.
- શબ્દભંડોળ કાર્યક્રમમાં ખૂટતા શબ્દો પૂર્ણ કરી તે આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.
- A શબ્દભંડોળ કાર્યક્રમમાં અંગ્રેજી શબ્દાર્થ આપો તે આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.
- શબ્દભંડોળ કાર્યક્રમમાં ચોક્કસ મૂળાક્ષરથી શરૂ થતા સ્પેલિંગ લખવા આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.
- શબ્દભંડોળ કાર્યક્રમમાં વિરુધ્ધાર્થી શબ્દો જોડો તે આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.
- કાર્યક્રમથી વિદ્યાર્થીઓની મૌખિક શબ્દભંડોળમાં સુધારો થયો હતો.

**સંશોધનના ફલિતાર્થો-**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળનું ધારણ વધારવા માટે શબ્દભંડોળ કાર્યક્રમ કે જેમાં ખૂટતા મૂળાક્ષર મૂકી શબ્દ બનાવવો, વિરુધ્ધાર્થી શબ્દો આપો, ચોક્કસ મૂળાક્ષરથી શરૂ થતા સ્પેલિંગ, અંગ્રેજી શબ્દાર્થ આપો, રોજિંદા વ્યવહારમાં ઉપયોગી વસ્તુઓના અંગ્રેજી અર્થ મેળવી આવી અનેક પ્રવૃત્તિ કરાવી શકાય.માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન કાર્ય કરાવવા માટે વિવિધ શબ્દકોષ, ચાર્ટ્સ વગેરે જેવી ભૌતિક સગવડો સંચાલક મંડળે શાળામાં પૂરી પાડવી જોઈએ.વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અંગ્રેજી ભાષાના નિષ્ણાતો પાસે વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના કરાવવી જોઈએ.વાલી પણ વિદ્યાર્થીઓને આવા શબ્દભંડોળ વધારવા જેવી પ્રવૃત્તિનો ઉપયોગ કરી વિદ્યાર્થીનું શબ્દભંડોળ વધારી શકે છે.વર્ગમાં અંગ્રેજી ભાષામાં શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ દ્વારા અધ્યાપન કરાવવાથી વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વિકાસ કરી શકાય છે.અન્ય ધોરણઓમાં પણ આ પ્રકારનો શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ અમલ કરી શકાય.શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત જેવા વિષયો માટે પણ હાથ ધરી શકાય.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન એ ધો–૯ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળ વિકસાવવા માટેનું હતો. જેનો હેતુ ધો-9 ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની રચના કરવી. ધો- 9 ના વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ જાણવા માટે નિદાન અને પુનઃનિદાન કસોટીની રચના કરવી. અંગ્રેજી શબ્દભંડોળ કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવણો હતો સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું. પ્રસ્તુત સંશોધનમાં પાલનપુર શહેરની માધ્યમિક શાળાઓ પૈકી શ્રી એમ.બી. કરણાવત હાઈસ્કૂલ, પાલનપુરના ધો-9 માં અભ્યાસ કરતાં કુલ 30 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં અવ્યા

હતા. સ્વ રચિત નિદાન કસોટીનું મૂલ્યાંકન ટી- કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળનો વિકાસ થયો હતો. ધો– ૯ ના કુમારોમાં કાર્યક્રમ અજમાયશ પહેલા કરતા કાર્યક્રમ અજમાયશ પછી શબ્દભંડોળનો વિકાસ થયો હતો. શબ્દભંડોળ કાર્યક્રમમાં ખૂટતા શબ્દો પૂર્ણ કરી તે આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.શબ્દભંડોળ કાર્યક્રમમાં ચોક્કસ મૂળાક્ષરથી શરૂ થતા સ્પેલિંગ લખવા આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.શબ્દભંડોળ કાર્યક્રમમાં વિરુધ્ધાર્થી શબ્દો જોડો તે આધારિત શબ્દભંડોળનો વધારો થાય છે.

**ચાવીરૂપ શબ્દો**- અંગ્રેજી, શબ્દભંડોળ

**29.સશોધકનું નામ- Raval Pradipkumar Kantilal**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**ધોરણ ૧૧ સંસ્કૃત પાઠયપુસ્તકમાંથી પ્રાપ્ત થતા મૂલ્યોનો અભ્યાસ**

Study of Values Derived From Class 11 Sanskrit Textbook

**સંશોધનનું ક્ષેત્ર** – ભાષા શિક્ષણ, મૂલ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતા આધ્યાત્મિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં વ્યક્તિગત મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં રાષ્ટ્રીય મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં સામાજિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં બૌદ્ધિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં નૈતિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં શારીરિક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં સૌદર્યાત્મક મૂલ્યો તારવવા.
- ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં આર્થિક મૂલ્યો તારવવા.
- મૂલ્યોને આધારે શૈક્ષણિક ફલિતાર્થે તારવવા

**સંશોધનના પ્રશ્નો –**

- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા શૈક્ષણિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા આધ્યાત્મિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા વ્યક્તિગત મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા રાષ્ટ્રીય મુલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા સામાજિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા બૌદ્ધિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા નૈતિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા શારીરિક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા સૌદર્યાત્મક મૂલ્યો કેવા હશે?
- ધોરણ-૧૧ સંસ્કૃત પુસ્તકના પદ્ય વિભાગમાંથી પ્રાપ્ત થતા આર્થિક મૂલ્યો કેવા હશે?
- મૂલ્યોને આધારે શૈક્ષણિક ફલિતાર્થ કેવા હશે?

**સંશોધનના ચલ- -----------------**

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત માર્ચ ૨૦૧૬ થી અમલ માં આવેલ અગિયારમા ધોરણનું સંસ્કૃત પાઠ્યપુસ્તક

**ઉપકરણ-** કૃતિ પૃથક્કરણપત્ર

**પૃથક્કરણની રીત-** ગુણાત્મક

**સંશોધનના તારણો-**

- ધોરણ ૧૧ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૨) विना वृक्षं गृहं शून्यम् (3) वर्षावर्णनम् (૪) दशकं धर्मलक्षणम् (૬) उपनिषद् - रससुधा (૭) नाव्यमेतन्मया कृतम् (૮) मोहमुद्गरः (१0) अनेकार्थसप्तकम् માં શૈક્ષણિક મૂલ્ય જોવા મળ્યા હતા.
- ધોરણ ૧૧ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૧) वेदामृतम् (૨) विना वृक्षं गृहं शून्यम् (૬) उपनिषद् - रससुधा (૭) नाव्यमेतन्मया कृतम् (૯) काव्यमधुबिन्दवः માં આધ્યાત્મિક મૂલ્ય જોવા મળે છે.
- પ્રસ્તુત પદ્યના આધારે પ્રાપ્ત થતા મૂલ્યોમાં પ્રાર્થના, વંદના, નમસ્કાર, મહિમા, ચેતના, આધ્યાત્મભાવના, સત્ય, ઈશ્વરતત્વ જેવા મૂલ્ય જોવા મળે છે.
- ધોરણ ૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૨) विना वृक्षं गृहं शून्यम् (3) वर्षावर्णनम् (૪) दशकं धर्मलक्षणम् (૫) भस्मावशेषं मदनं चकार (૭) नाव्यमेतन्मया कृतम् (૮) मोहमुद्गरः (૯) काव्यमधुबिन्दवः માં વ્યક્તિગત મૂલ્ય જોવા મળ્યા હતા.
- પ્રસ્તુત પદ્યોના આધારે પ્રાપ્ત થતા મૂલ્યોમાં ઇન્દ્રિયનિગ્રહ, તુલના, સરખામણી, ધીરજ, ક્ષમા, સમર્પણ, માનવીય સ્વભાવ, સંયમ, વ્યક્તિત્વ સન્માન, સન્માન, ગુણવાન વ્યક્તિ જેવા મૂલ્યો જોવા મળે છે.
- ધોરણ ૧૧ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૨) विना वृक्षं गृहं शून्यम् માં રાષ્ટ્રીય મૂલ્ય જોવા મળે છે.
- ધોરણ ૧૧ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૧) वेदामृतम् (૨) विना वृक्षं गृहं शून्यम् (૪) दशकं धर्मलक्षणम् (૮) मोहमुद्गरः માં સામાજિક મૂલ્ય જોવા મળ્યા હતા.
- ધોરણ ૧૧ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૪) दशकं धर्मलक्षणम् (૬) उपनिषद् - रससुधा (૮) मोहमुद्गरः માં બૌદ્ધિક મૂલ્ય જોવા મળ્યા હતા

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત અભ્યાસના અંતે તારવી શકાયું કે માર્ચ ૨૦૧૬ ના ધોરણ ૧૧ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં રહેલ પદ્ય એકમોમાં મુખ્ય દશ પ્રકારના મૂલ્યો નિષ્પન્ન થાય છે. જે આ પ્રમાણે છે. આધ્યાત્મિક મૂલ્ય, બૌદ્ધિક મૂલ્ય, સામાજિક મૂલ્ય, વ્યકિતગત મૂલ્ય, નૈતિક મૂલ્ય, શારીરિક મૂલ્ય, શૈક્ષણિક મૂલ્ય, રાષ્ટ્રિય મૂલ્ય, સૌંદર્યાત્મક મૂલ્ય, આર્થિક મૂલ્યનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓએ પોતાના વ્યકિતત્વનો વિકાસ કરવો, સારા વ્યક્તિ તરીકે સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા આધ્યાત્મિક મૂલ્યમાં જે વ્યક્તિના જીવનમાં મહત્વનું પ્રદાન છે. નૈતિક મૂલ્ય નીતિમય બનવા અંગે સમજ આપે છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન એ ધોરણ ૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાંથી પ્રાપ્ત થતા મૂલ્યોનો અભ્યાસ કરવાનો હતો. જેનો હેતુ ધોરણ-૧૧ ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય એકમોમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક, આધ્યાત્મિક, વ્યક્તિગત, રાષ્ટ્રીય, સામાજિક, બૌદ્ધિક, નૈતિક, શારીરિક, સૌદર્યાત્મક અને આર્થિક મૂલ્યો તારવવાના હતા સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત માર્ચ ૨૦૧૬ થી અમલમાં આવેલ ધો-11 નું સંસ્કૃત પાઠ્યપુસ્તકને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. કૃતિ પૃથક્કરણપત્રનું મૂલ્યાંકન ગુણાત્મક દ્વારા કરવામાં આવ્યું હતું. જેના તારણો ધોરણ ૧૧ના સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૨) विना वृक्षं गृहं शून्यम् (3) वर्षावर्णनम् (૪) दशकं धर्मलक्षणम् (૬) उपनिषद् - रससुधा (૭) नाव्यमेतन्मया कृतम् (૮) मोहमुद्गरः (१0) अनेकार्थसप्तकम् માં શૈક્ષણિક મૂલ્ય જોવા મળ્યા હતા.પ્રસ્તુત પદ્યના આધારે પ્રાપ્ત થતા મૂલ્યોમાં સમજ જ્ઞાન અને સમજ જેવા મૂલ્યો જોવા મળે છે.પ્રસ્તુત પદ્યોના આધારે પ્રાપ્ત થતા મૂલ્યોમાં ઇન્દ્રિયનિગ્રહ, તુલના, સરખામણી, ધીરજ, ક્ષમા, સમર્પણ, માનવીય સ્વભાવ, સંયમ, વ્યક્તિત્વ સન્માન, સન્માન, ગુણવાન વ્યક્તિ જેવા મૂલ્યો જોવા મળે છે.પ્રસ્તુત પદોના આધારે પ્રાપ્ત થતા મૂલ્યોમાં

સમાનતા, પ્રેમભાવના, પરોપકાર, લોક કલ્યાણ, વિકાસ, માનવ જીવનની કરુણા, ક્ષમા જેવા મૂલ્યો જોવા મળ્યા હતા.સામાજિક મૂલ્યનું પ્રમાણ એકંદરે સરખું જોવા મળ્યું હતું.ધોરણ ૧૧ સંસ્કૃત પાઠ્યપુસ્તકના પદ્ય ક્રમાંક (૪) दशकं धर्मलक्षणम् (૬) उपनिषद् - रससुधा (૮) मोहमुद्गरः માં બૌદ્ધિક મૂલ્ય જોવા મળ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો-** ધોરણ, ધોરણ-૧૧, પાઠ્યપુસ્તક સંસ્કૃત, પદ્ય, મૂલ્ય

**<u>30.સશોધકનું નામ- Rana Priyankbhai Chandanbabu</u>**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-12 ની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યા

**The Adjustment Problems of the High Achievers in Standard Xii Annual Examination of Banaskantha District**

**સંશોધનનું ક્ષેત્ર –** શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- બનાસકાંઠા જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- બનાસકાંઠા જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- બનાસકાંઠા જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો વિસ્તારના સંદર્ભમાં અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- બનાસકાંઠા જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ–**

- વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના અનુકૂલન સંશોધનોનીકા પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના સાંવેગિક, સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના અનુકૂલન સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- અનુકૂલનની કક્ષા અનુસાર વિદ્યાર્થીઓના સાંવેગિક, સામાજિક અને શૈક્ષણિક અનુકૂલનમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો અને નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા વાલીઓના બાળકોની અનુકૂલન સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો અને નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા વાલીઓના બાળકોની સાંવેગિક ,સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સંશોધનિકા પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ – સિદ્ધિ, પરતંત્ર ચલ – અનુકૂલન સમસ્યા, પરિવર્તક ચલ- જાતિ, વિસ્તાર, વાલીનો શૈક્ષણિક દરજ્જો, આંતરવર્તી ચલ - ટ્યુશન ઘરનું અને શાળાનું વાતાવરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બનાસકાંઠા જિલ્લાના વર્ષ-2022 -23ના ગુજરાતી માધ્યમના ધોરણ12-ના ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરના વિદ્યાર્થીઓ છે. યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડી બનાસકાંઠા જિલ્લાના બાર તાલુકા પૈકી ચાર તાલુકા પસંદ કરવામાં આવ્યાં જેમાં પાલનપુર ,ડીસા ,દાંતીવાડા અને વાવનો સમાવેશ થાય છે .આમ બનાસકાંઠા જિલ્લાની કુલ 48 ઉચ્ચત્તર માધ્યમિક માંથી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડા 18 શાળાઓ પસંદ કરવામાં આવી આ શાળાઓ પાસેથી ધોરણ12-માંથી 15 નંબરે આવેલ વિદ્યાર્થીઓની માહિતી મેળવી જેમાં 8 શાળાઓ પાસેથી ટપાલ દ્વારા માહિતી મળી બાકીની શાળા પાસેથી ફોન દ્વારા માહિતી મેળવવામાં આવી જેમાં ધોરણ12-માં 5 %5થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પાસે શાળામાં જઈ રૂબરૂ મુલાકાત દ્વારા “અનુકૂલન સંશોધનિકા ”ભરાવવામાં આવી. આમ, નમૂનામાં કુલ 240 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યાં .આ રીતે સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિ મુજબ નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** એ.કે.પી. સિંહા અને આર.પી.સિંહ રચિત અને પ્રમાણિત અનુકૂલન સંશોધનિકા જેનું વિજય પી.દાણી દ્વારા ગુજરાતી અનુવાદ થયેલ છે.

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, ટી-ગુણોત્તર

**સંશોધનના તારણો-**

- છોકરીઓ કરતાં છોકરાઓ વધુ અનુકૂલન ધરાવે છે. વિસ્તાર અને વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરા-છોકરીઓ સરખું અનુકૂલન ધરાવે છે.
- વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરાઓ સરખું અનુકૂલન ધરાવે છે જ્યારે છોકરીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતી છોકરીઓ વધુ અનુકૂલન ધરાવે છે.
- ગ્રામ્ય વિસ્તાર અને વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરા -છોકરીઓ સરખું અનુકૂલન ધરાવે છે.શહેરી વિસ્તારના છોકરાઓ-છોકરીઓ કરતાં વધુ અનુકૂલન ધરાવે છે.
- વાલીનો નિમ્ન શૈક્ષણિક ધરાવતા છોકરા-છોકરીઓમાં છોકરાઓ વધુ અનુકૂલન ધરાવે છે.છોકરા-છોકરીઓ સાંવેગિક અનુકૂલન સરખું ધરાવે છે .જ્યારે છોકરીઓ કરતાં છોકરાઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન વધુ ધરાવે છે.
- શહેરી અને ગ્રામ્ય વિસ્તારના છોકરા-છોકરીઓ સાવેગિક અને સામાજિક અનુકૂલન સરખું ધરાવે છે.વાલીનો ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા વિદ્યાર્થીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતાં વિદ્યાર્થીઓ વધુ સાંવેગિક અનુકૂલન ધરાવે છે.
- વાલીનો ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરાઓ સાંવેગિક અનુકૂલન એકસરખું ધરાવે છે જ્યારે વાલીનો ઉચ્ચ અને નિમ્ન દરજ્જો ધરાવતી છોકરીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવત છોકરીઓ વધુ અનુકૂલન ધરાવે છે.
- ગ્રામ્ય વિસ્તારના છોકરા-છોકરીઓ સામાજિક શૈક્ષણિક અને સાંવેગિક અનુકૂલન સરખું ધરાવે છે.શહેરી વિસ્તારના છોકરા-છોકરીમાં છોકરાઓ સાંવેગિક અને સામાજિક અનુકૂલન વધુ ધરાવે છે.
- વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં સામાજિક શૈક્ષણિક અને સાંવેગિક અનુકૂલન છોકરા-છોકરીઓ એક સરખું ધરાવે છે.
- વિસ્તારના સંદર્ભમાં છોકરા-છોકરીઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સરખું ધરાવે છે.
- વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરાઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સરખું ધરાવે છે.વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતી છોકરીઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન વધુ ધરાવે છે.
- વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરા-છોકરીઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સરખું ધરાવે છે.વાલીનો નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરા-છોકરીઓમાં છોકરાઓ વધુ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન ધરાવે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યા જાણી તે દૂર કરવા માટે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.આચાર્ય, સંચાલકો અને સલાહકારોએ વિદ્યાર્થીઓને અનુકૂલન સાધવા અંગેનું યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.વાલીઓએ પોતાના બાળકોની અનુકૂલન સમસ્યા સમજી તેમને પ્રેમ, હુંફ અને માર્ગદર્શન દ્વારા દૂર કરવામાં મદદરૂપ બનવું.વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરતી વખતે શિક્ષકે વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યા જાણવી અને તે મુજબ શિક્ષણકાર્ય કરવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન એ બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-12 ની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યા માટેનો હતો. જેનો હેતુ બનાસકાંઠા જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12 માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવો. બનાસકાંઠા જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-12માં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની જાતિ, વિસ્તાર અને વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના વર્ષ -2022-24 ના ગુજરાતી માધ્યમના ધોરણ 12-ના ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરના કુલ 240 વિદ્યાર્થીને યાદ્રચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં ચલોના માપન માટે એ.કે.પી. સિંહા અને આર.પી.સિંહ રચિત અને પ્રમાણિત અનુકૂલન સંશોધનિકાનો ઉપયોગ કરી જેનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણ વિચલન, ટી-ગુણોત્તર દ્વારા કરવામાં આવ્યું હતું. જેના તારણો છોકરીઓ કરતાં છોકરાઓ વધુ અનુકૂલન ધરાવે છે. વિસ્તાર અને વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરા-છોકરીઓ સરખું અનુકૂલન ધરાવે છે.વાલીના શૈક્ષણિક દરજ્જાના સંદર્ભમાં છોકરાઓ સરખું અનુકૂલન ધરાવે છે જ્યારે છોકરીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતી છોકરીઓ વધુ અનુકૂલન ધરાવે છે.શહેરી અને ગ્રામ્ય વિસ્તારના છોકરા-છોકરીઓ સાવેગિક અને સામાજિક અનુકૂલન સરખું ધરાવે છે.વાલીનો ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા વિદ્યાર્થીઓમાં વાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતાં વિદ્યાર્થીઓ વધુ સાંવેગિક અનુકૂલન ધરાવે છેવાલીનો ઉચ્ચ શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરા-છોકરીઓ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન સરખું ધરાવે છે.વાલીનો નિમ્ન શૈક્ષણિક દરજ્જો ધરાવતા છોકરા-છોકરીઓમાં છોકરાઓ વધુ સામાજિક અને શૈક્ષણિક અનુકૂલન ધરાવે છે.

**ચાવીરૂપ શબ્દો**- બનાસકાંઠા જિલ્લો, ધોરણ-12, વાર્ષિક પરીક્ષા, ઉચ્ચ સિદ્ધિ, અનુકૂલન સમસ્યા

**31.સશોધકનું નામ- Purohit Rajubhai Trikmabhai**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ

**Behavioural Problems of Students Studying In Secondary School**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક અને માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- વિદ્યાર્થી વર્તન સમસ્યા સૂચિની રચના કરવી.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શારીરિક,આર્થિક,માનસિક,સાંવેગિક ,સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક બાબતોને કારણે થતી વર્તન સમસ્યાઓનો અભ્યાસ કરવો.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓનો તેમનાં જાતિગત તફાવતોના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની શારીરિક-આરોગ્ય વિષયક

સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.

- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની આર્થિક સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની કૌટુંબિક સામાજિક સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની ધાર્મિક-નૈતિક સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.
- માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓની સમગ્ર વર્તન સમસ્યાઓના મધ્યસ્થ પરિક્ષણમાં સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ – જાતિ, પરતંત્ર ચલ – વિદ્યાર્થીઓની વર્તન સમસ્યા, અંકુશિતચલ- માધ્યમ,શાળા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં કુલ 500 વિદ્યાર્થીઓને યાદૃચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં અવ્યા હતા.

**ઉપકરણ**- સ્વ રચિત વિદ્યાર્થી વર્તન સમસ્યાસૂચિ

**પૃથક્કરણની રીત**- સરાસરી, પ્રમાણ વિચલન, કાઇ વર્ગ અને મધ્યસ્થ કસોટી

**સંશોધનના તારણો**-

- કુમાર અને કન્યાઓની શારીરિ-આરોગ્ય વિષયક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. કુમારો કરતા કન્યાઓમાં શારીરિ-આરોગ્ય વિષયક સમસ્યા વધુ જોવા મળે છે.
- કુમાર અને કન્યાઓની આર્થિક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. કન્યાઓ કરતા કુમારોમાં આર્થિક સમસ્યાઓ વધુ જોવા મળે છે.
- કુમારો અને કન્યાઓની સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. કન્યાઓની તરફેણમાં છે.એટલે કે કુમારોની સરખામણીમાં કન્યાઓમાં સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓ વધુ જોવા મળે છે.
- માધ્યમિક શાળાઓમા કરતાં વિદ્યાર્થીઓ સૌથી વધુ ધાર્મિક, નૈતિક સમસ્યાઓ ધરાવે છે. ત્યાર બાદ અનુક્રમે શૈક્ષણિક, સંવેગિક, વ્યક્તિગત, કૌટુંબિક , સામાજિક તેમજ શારીરિક આરોગ્ય વિષયક સમસ્યાઓ વધુ નડે છે.

**સંશોધનના ફલિતાર્થો**-

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કે જેઓ તરુણાવસ્થાના અંતિમ તબક્કામાં છે. તેમનામાં માનસિક અને શારીરિક પરીવર્તન ધણા પ્રબળ અને વૈવિધ્યપૂર્ણ હોય છે આ અનુભવોનું વૈચિત્ર્ય કેટલીક પ્રચુર માત્રામાં હોય છે કે તરુણો મૂંઝાય જાય છે, ક્યારેક શરમ સંકોચ અનુભવે છે તો ક્યારેક આત્મવિશ્વાસ ગુમાવીને હતાશામાં ડૂબી જાય છે. આવી પરિસ્થિતિમાં ઉછરી રહેલા તરુણ તરુણીઓને સમજીને તેમની વૃતિઓના તાંડવને અનુકૂળ એવા અભિગમ અને પરિસ્થિતિઓ પેદા કરી નાથવાનું કામ માતપિતાએ, સમાજે, શાળાએ તેમજ શિક્ષકોએ અને સરકારે સહિયારા પ્રયાસો થકી કરવું જ રહ્યું અને ભાવિ નાગરિકોનો જીવનપથ આપણે ઊજાળી શકીશું.

**ઉપસંહાર**-

પ્રસ્તુત સંશોધનનો હેતુ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ જાણવાનો હતો જેમાં વિદ્યાર્થી વર્તન સમસ્યા સૂચિની રચના કરવી. માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શારીરિક, આર્થિક, માનસિક, સાંવેગિક ,સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક બાબતોને કારણે થતી વર્તન સમસ્યાઓનો

અભ્યાસ કરવો. માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓનો તેમનાં જાતિગત તફાવતોના સંદર્ભમાં અભ્યાસ કરવો.સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું.બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં કુલ 500 વિદ્યાર્થીઓને યાદૃચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં અવ્યા હતા. સ્વ રચિત વિદ્યાર્થી વર્તન સમસ્યાસૂચિનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણ વિચલન, કાઇ વર્ગ અને મધ્યસ્થ કસોટી દ્વારા કરવામાં આવ્યું. કુમાર અને કન્યાઓની શારીરિક આરોગ્ય વિષયક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ હતો. કુમારો કરતા કન્યાઓમાં શારીરિક આરોગ્ય વિષયક સમસ્યા વધુ જોવા મળે છે. કુમાર અને કન્યાઓની આર્થિક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ હતો. કન્યાઓ કરતા કુમારોમાં આર્થિક સમસ્યાઓ વધુ જોવા મળે હતો. કુમારો અને કન્યાઓની સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ હતો. કન્યાઓની તરફેણમાં છે.એટલે કે કુમારોની સરખામણીમાં કન્યાઓમાં સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓ વધુ જોવા મળે હતો.

**ચાવીરૂપ શબ્દો**- વર્તન સમસ્યા

**32.સશોધકનું નામ- Bubadiya Rakshaben Virmabhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)**-

બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધો-12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ

**A Study of Frustration among Eklavya Model School Students of Std-12 of B.K. District**

**સંશોધનનું ક્ષેત્ર** - શિક્ષણનું મનોવિજ્ઞાન, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, માર્ગદર્શન અને સલાહદર્શન

**સંશોધનના હેતુઓ-**

- બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જોવા મળતી હતાશા અંગેનો અભ્યાસ કરવો.
- એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો જાતિયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.
- બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.
- બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12ના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.
- બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધોરણ-12 માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ – જાતી, વિસ્તાર, ધોરણ, પરતંત્ર ચલ – હતાશા

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બનાસકાંઠા જિલ્લા એકલવ્ય મોડેલ શાળાના માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધો-૧૨માં અભ્યાસ કરતા કુલ 150 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** ડૉ.પલ્લવીબેન પી. પટેલ દ્વારા પ્રમાણિત કરેલ હતાશા સંશોધનિકા

**પૃથક્કરણની રીત-** મધ્યક, પ્રમાણ વિચલન, વિચલનની પ્રમાણ ભૂલ અને ટી- ગુણોત્તર

**સંશોધનના તારણો-**

- એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પ્રક્ષેપણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.
- એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ આક્રમકતા ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે હતું.
- એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ યૌક્તિકીકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં કુમારો કરતાં કન્યાઓમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.
- એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ યૌક્તિકીકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં કન્યાઓ કરતાં કુમારોમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

**સંશોધનના ફલિતાર્થો-**

વિદ્યાર્થીઓના હતાશાના કારણો જાણી તેને દૂર કરવાના પ્રયત્ન કરવા જોઈએ. શાળાના ટ્રસ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓની હતાશાને દૂર કરવા અને હતાશાની નકારાત્મકતાને ઘટાડવા માટે શાળા કક્ષાને સેમિનાર યોજવા જોઈએ.શિક્ષકો દ્વારા શાળાના વિદ્યાર્થીઓમાં સારી અભ્યાસની ટેવોનો વિકાસ થાય તેવા કાર્યક્રમો યોજવા જોઈએ.શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની અભ્યાસની ટેવોમાં સુધારો થાય તે માટે વિદ્યાર્થીઓઅને વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર નીચું છે તેવા વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા સારી અને સુયોગ્ય અભ્યાસની ટેવોનો અભ્યાસ કરાવવામાં આવેલ તો વિદ્યાર્થીઓની સિદ્ધિમાં ફેર પડશે અને હતાશાનું પ્રમાણ ધીમે ધીમે ઘટતું જાશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધો-12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું. પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બનાસકાંઠા જિલ્લા એકલવ્ય મોડેલ શાળાના માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૨-૨૪ દરમિયાન બનાસકાંઠા જિલ્લાની એકલવ્ય મોડેલ શાળાના ધો-૧૨માં અભ્યાસ કરતા કુલ 150 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા. ડૉ.પલ્લવીબેન પી.પટેલ દ્વારા પ્રમાણિત કરેલ હતાશા સંશોધનિકાનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણ વિચલન, વિચલનની પ્રમાણ ભૂલ અને ટી- ગુણોત્તર દ્વારા કરવામાં આવ્યું. એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પ્રક્ષેપણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવતી જોવા મળી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ યૌક્તિકીકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં કુમારો કરતાં કન્યાઓમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. એકલવ્ય મોડેલ શાળાના ધો-12 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ યૌક્તિકીકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં કન્યાઓ કરતાં કુમારોમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો-** હતાશા, વિદ્યાર્થી, અભ્યાસ

**33.સશોધકનું નામ- Chaudhary Rekhaben Velabhai**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-**8** ના વિજ્ઞાન અને ટૅકનોલોજી વિષયમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

**Costruction and Tryout of an Educational Programme through Perception in Science & Technology Subject of Std. VIII**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક ટેકનોલોજી,મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ -8 ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ કરવી.
- ધોરણ -8 ના વિદ્યાર્થીઓ પર પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની ધોરણ -8નાં વિદ્યાર્થીઓની પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની પરંપરાગત પદ્ધતિ સંદર્ભમાં મૂલ્યાંકન કસોટી દ્વારા શૈક્ષણિક સિદ્ધિની અસર તપાસવી.
- ધોરણ -8નાં વિદ્યાર્થીઓની બુદ્ધિ અને જાતીયતાના સંદર્ભમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની અસર તપાસવી.
- ધારણ કસોટી દ્વારા પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ અને પરંપરાગત પદ્ધતિનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અસર તપાસવી.
- પ્રત્યક્ષીકરણ દ્વારા  શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ બંને જૂથોની મૂલ્યાંકન કસોટીનાં પ્રાપ્તાંકો વચ્ચેનો સહસબંધ તપાસવો.
- ધોરણ-8ના પ્રાયોગિક જૂથનાં વિદ્યાર્થીઓનાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ અંગેનાં અભિપ્રાય જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધોરણ-8નાં કુમારો અને કન્યાઓના પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ધોરણ-8નાં કુમારો અને કન્યાઓને પ્રત્યક્ષીકારણ દ્વારા શિક્ષણ આપ્યાબાદ લીધેલ મૂલ્યાંકન કસોટીના પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- ધોરણ-8નાં ઉચ્ચબુદ્ધિકક્ષા અને નિમ્નબુદ્ધિકક્ષા ધરાવતા કુમારોને કન્યાઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીનાં પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ધોરણ-8નાં ઉચ્ચબુદ્ધિકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.
- ધોરણ-8નાં નિમ્નબુદ્ધિકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ અને પરંપરાગત પદ્ધતિથી શિક્ષણ આપ્યા બાદ લીધેલ મૂલ્યાંકન કસોટી પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ-**‘ સ્વતંત્ર ચલ- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ, પરંપરાગત પદ્ધતિ,પરતંત્ર ચલ- વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની શૈક્ષણિક સિદ્ધિ, પરિવર્તિક ચલ- જાતિયતા, બુદ્ધિ, અંકુશિત ચલ- ધો-8, વિષય, એકમ,સમય

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની શ્રી વી. આર. વિદ્યાલયના ધો-8 માં અભ્યાસ કરતાં કુલ-120 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-**  બુદ્ધિકસોટી, સિદ્ધિ કસોટી, પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ, મૂલ્યાંકન કસોટી, અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી, સહસંબંધ અને કાઇ વર્ગ

**સંશોધનના તારણો-**

- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધુ અસરકારક જોવા મળેલ હતા.
- પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ પરથી મેળવેલ પરિણામોમાં છોકરાઓ શૈક્ષણિક સમાન હતા. આથી પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની અસર છોકરાઓ અને છોકરીઓ પર સમાન છે. આથી કહી શકાય કે જાતીયતાએ અસર કરનાર પરિબળ નથી.
- પરંપરાગત પદ્ધતિ કરતા પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ મુજબ શિખવેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ છે જે આ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો છે તેમ સૂચવે છે.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ આપેલા અભિપ્રાયો પરથી તેમની પસંદગી પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની જાણવા મળેલ છે. જે આ કાર્યક્રમ માટે હકારાત્મક અભિપ્રાય દર્શાવે છે.
- પ્રાયોગિક જૂથનાં નિમ્નબુદ્ધિ કક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની સરખામણીએ ઉચ્ચબુદ્ધિકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધી વધુ છે.આથી કહી સકાય કે બુદ્ધિકક્ષાની આ કાર્યક્રમ પર અસર જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષણની અસરકારકતા વધારવા માટે પરંપરાગત પદ્ધતિ કરતાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ મુજબ વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપવું જોઈએ.અધ્યેતા નવી-નવી વ્યૂહાત્મક પદ્ધતિઓને આવકારે છે.વિદ્યાર્થીઓનો વિષયમાં રસજાગૃત થાય તે માટે તેમણે પ્રોત્સાહન તથા આ કાર્યક્રમ મુજબ વિષય શિક્ષણમાં અભ્યાસની નવીન ટકોનું આયોજન કરવું જોઈએ.અધ્યેતાના વિજ્ઞાન વિષય પ્રત્યેના વળણોમાં ફેરફાર થાય તે માટે વિવિધ પ્રયોગો,પ્રોજેક્ટ્સ તથા વિવિધ પ્રવૃતિઓનું આ કાર્યક્રમ મુજબ આયોજન કરવું જોઈએ.અધ્યેતાને મળેલાજ્ઞાન વ્યવહારુ બને તે માટે જે-તેમુદ્દાને લગતી વધુ જાણકારી કે અન્ય પ્રવૃતિઓનું આયોજન પણ કરવું જોઇએ.અધ્યેતાની તર્કશક્તિ,નિર્ણયશક્તિ,અવલોકન શક્તિ અને કાર્યકરણનો સબંધ સમજવાની શક્તિઓનો વિકાસ થાય તે બાબતોને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ મુજબ શિક્ષણનું આયોજન કરવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-8 ના વિજ્ઞાન અને ટૅકનોલોજી વિષયમાં પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ કરવાનો હતો. જેમાં ધોરણ -8નાં વિદ્યાર્થીઓની પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની પરંપરાગત પદ્ધતિ સંદર્ભમાં મૂલ્યાંકન કસોટી દ્વારા શૈક્ષણિક સિદ્ધિની અસર તપાસવામાં આવી હતી.સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની શ્રી વી. આર. વિદ્યાલયના ધો-8 માં અભ્યાસ કરતાં કુલ-120 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગી કરવામાં આવી હતી. તેમજ બુદ્ધિકસોટી, સિધ્ધિકસોટી, પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ,મૂલ્યાંકન કસોટી, અભિપ્રાયાવલીનું પૃથક્કરણ ટી-કસોટી, સહસંબંધ અને કાઇ વર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમ પરથી મેળવેલ પરિણામોમાં છોકરાઓ શૈક્ષણિક સમાન હતા. આથી પ્રત્યક્ષીકરણ દ્વારા શિક્ષણ કાર્યક્રમની અસર છોકરાઓ અને છોકરીઓ પર સમાન છે. આથી કહી શકાય કે જાતીયતાએ અસર કરનાર પરિબળ નથી.

**ચાવીરૂપ શબ્દો-** વિજ્ઞાન અને ટેકનોલોજી, શૈક્ષણિક કાર્યક્રમ

**34.સશોધકનું નામ- Parmar Rimpalben Karsanbhai**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્.

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**ધો-11 વિજ્ઞાન પ્રવાહમાં રાસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્યમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ**

Study of the Difficulties in Experiment Work in Chemistry Subject for Standard 11 Stream

**સંશોધનનું ક્ષેત્ર** - માધ્યમિક શિક્ષણ અને વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- વિજ્ઞાનપ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક અભ્યાસની મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક અભ્યાસ ની મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.
- ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક અભ્યાસ વખતે થતી વિવિધ સમસ્યાનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો –**

- વિજ્ઞાનપ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પડતી મુશ્કેલીઓને જાણવા માટે રચેલ ઉપકરણ અસરકારક નીવડશે?
- વિજ્ઞાનપ્રવાહમાં રસાયણિક વિજ્ઞાન દરમ્યાન વિદ્યાર્થીઓને પરિક્ષણકાર્ય માં કેવા પ્રકારની મુશ્કેલીઓ અડચણરૂપ થતી હશે ?
- વિજ્ઞાનપ્રવાહમાં રસાયણિક વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય કરતી વખતે વિદ્યાર્થીઓને કઈ –કઈ મુશ્કેલીઓ નડતી હશે ?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ –અધ્યાપન પદ્ધતિ, પરતંત્ર ચલ – શૈક્ષણિક સિદ્ધ, અંકુશિત ચલ –ધોરણ –વિષય
આંતવર્તીય ચલો- જુથનાં પાત્રો વચ્ચે થતી આંતરપ્રક્રિયા, વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો – વિષય પ્રત્યે રસ, અધ્યાપન ક્ષમતા, પ્રાયોગિક કાર્ય, વલણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક ધોરણ-11 ની શાળાઓનો સમાવેશ કર્યો છે જેના નમૂના તરીકે ધોરણ-11 માં અભ્યાસ કરતા કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને સહેતુક નમુના પસંદગીથી પસંદ કર્યા હતા

**ઉપકરણ-** સ્વ-રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પરંપરાગત વ્યાખ્યાન પદ્ધતિ કરતા શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શિક્ષણની ધણી અસર જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કન્યાઓમાં અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવેલ કન્યાઓમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ આ પ્રકારનો શૈક્ષણિક કાર્યક્રમ રચી શિક્ષણમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. શાળાના આચાર્ય શિક્ષકોને કાર્યક્રમો યોજવા માટે અને શૈક્ષણિક કાર્યક્રમોનું સાહિત્ય તૈયાર કરવા માટે સેમીનાર યોજવા જોઈએ.વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા આવો નાવીન્યતા ધરાવતો શિક્ષણ કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું શૈક્ષણિક આયોજન કરવું જોઈએ.શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરી શકાય તે માટે શાળા સંચાલકો જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.પાઠ્યપુસ્તકની જટિલ રજૂઆત ધારવતા એકમો માટે પ્રાયોગિક કાર્યક્રમમાં પ્રવૃતિનો ઉમેરો કરી તેનો પ્રયોગમાં ઉપયોગ કરી શકાય.સરકાર દ્વારા પણ શિક્ષકોને શિક્ષણ કાર્યને લગતી જીવન સાથે જોડાયેલી પ્રવૃતિઓની તાલીમ આપવી જોઈએ.

**ઉપસંહાર-**

રસાયણવિજ્ઞાન વિષય ઉપર કાર્યક્રમની રચના કરવી અને તેની અસરકારકતા ચકાસવી એ

અભ્યાસનો મુખ્ય હેતુ હતો. વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.વ્યાપવિશ્વ તરીકે ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક ધોરણ-11 ની શાળાઓ હતી જેના નમૂના તરીકે ધોરણ-11 માં અભ્યાસ કરતા કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને સહેતુક નમુના પસંદગીથી પસંદ કર્યા હતા. સ્વ-રચિત એકમ કસોટી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી **તથા** ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.જેના તારણ સ્વરૂપે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક કાર્યક્રમ દ્વારા માવજત પામેલા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો**- વિષય,શિક્ષણ,ધોરણ

**35.સશોધકનું નામ- Patel Sadhanaben Amaratbhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો- 8 નાં અંગ્રેજી વ્યાકરણના '**Conjuction**' એકમના અધ્યાપન માટે **CAI** અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ

**A Comparative Study Of CAI And Traditional Method In Teaching English Grammar 'CONJUNCTION ' Unit Of Standard-8**

**સંશોધનનું ક્ષેત્ર** - ભાષા શિક્ષણ અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વ્યાકરણના conjuction એકમ પર CAI કાર્યક્રમની રચના કરવી.
- CAI કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક સિધ્ધિ કસોટીની રચના કરવી.
- ધોરણ-8 ના વિદ્યાર્થીઓ પર CAI કાર્યક્રમની અજમાયશ કરવી.
- CAI કાર્યક્રમ સાથે પરંપરાગત પદ્ધતિની તુલના કરવી.
- જાતિયતાના સંદર્ભમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી.
- ધોરણ–૮ વિદ્યાર્થીઓ પાસેથી CAI કાર્યક્રમ અંગે અભિપ્રાય જાણવા. અભિપ્રાયવલિની રચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- CAI પદ્ધતિથી અને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- CAI પદ્ધતિથી અને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓના ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિનાં પ્રાપ્તાંકો પરિવર્તિક ચલ- જાતિયતા અંકુશિત ચલ- શાળા, વિષય, ધોરણ, એકમ, વિસ્તાર, સમય, માધ્યમ આંતરવર્તી ચલ- વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા વૈયકિતક તફાવત

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પ્રસ્તુત સંશોધનમાં સિધ્ધપુર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગોકુલ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતાં ધોરણ- 8 ના 50 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરેલ છે.

**ઉપકરણ**- પૂર્વકસોટી, સ્વરચિત ઉત્તરકસોટી, સ્વરચિત અભિપ્રાયાવલિ અને CAI કાર્યક્રમ

**પૃથક્કરણની રીત**- સરાસરી, પ્રમાણ વિચલન, ટી-કસોટી અને કાઇ વર્ગ

**સંશોધનના તારણો-**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના સંદર્ભમાં સમકક્ષ સાબિત થયા હતા.
- ધોરણ-૮ના અંગ્રેજી વ્યાકરણના 'conjuction' એકમના અધ્યાપન માટે CAI પદ્ધતિ એ પરંપરાગત કરતાં ચઢિયાતી સાબિત થઈ હતી.
- 'Conjuction' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગતથી અભ્યાસ કરેલ કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચઢિયાતી સાબિત થઈ હતી.
- Conjuction' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચઢિયાતી સાબિત થઈ હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

CAI કાર્યક્રમની મદદથી પ્રત્યેક વિદ્યાર્થીઓને સ્વગતિએ અભ્યાસ કરવાની તક આપી શકાય.સ્વ-અધ્યયન માટે CAI કાર્યક્રમનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાયવિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન કરવાની ટેવ વિકસાવવા CAI કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય. વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ વિકસાવવામાં આ પદ્ધતિ ઉપયોગી બને છે. કમ્પ્યૂટર દ્વારા ચિત્ર, આકૃત્તિ અને લખાણની નજર સમક્ષ સ્પષ્ટ રજૂઆતથી વિદ્યાર્થીઓને યાદ રાખવું સહેલું પડે છે. વર્ગખંડમાં શિક્ષકને વારંવાર કા.પા. કાર્યમાંથી છૂટકારો મળે છે એનું એ જ વિષયવસ્તુ ફરીથી શીખવવા શિક્ષકે ફરીથી કા.પા. કાર્ય કરવું પડશે નહીં. વિદ્યાર્થીઓ શાળામાં કોઇ કારણસર ગેરહાજર રહે તો તે મુદ્દા વિશે કમ્પ્યૂટર C.D. ની મદદથી અભ્યાસ કરી શકે છે.C.A.I. પ્રોગ્રામ દ્વારા અધ્યયનને પરિણામે વિદ્યાર્થીઓમાં કમ્પ્યૂટરના શૈક્ષણિક ઉપયોગના કૌશલ્યોનો વિકાસ કરી શકે છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વ્યાકરણના conjuction એકમ પર CAI કાર્યક્રમની રચના કરવી અને જાતિયતાના સંદર્ભમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી. ધોરણ–૮ વિદ્યાર્થીઓ પાસેથી CAI કાર્યક્રમ અંગે અભિપ્રાય જાણવા. અભિપ્રાયવલિની રચના કરવાનો હતો. પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી હાથ ધર્યું. પ્રસ્તુત સંશોધનમાં સિધ્ધપુર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગોકુલ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતાં ધોરણ- 8 ના 50 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરેલ છે. પૂર્વકસોટી, સ્વરચિત ઉત્તરકસોટી, સ્વરચિત અભિપ્રાયાવલિ અને CAI કાર્યક્રમનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણ વિચલન, ટી-કસોટીનો અને કાઇ વર્ગ દ્વારા કરવામાં આવ્યું.જેના તારણો પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના સંદર્ભમાં સમકક્ષ સાબિત થયા હતા.ધોરણ-૮ના અંગ્રેજી વ્યાકરણના 'conjuction' એકમના અધ્યાપન માટે CAI પદ્ધતિ એ પરંપરાગત કરતાં ચઢિયાતી સાબિત થઈ હતી.Conjuction' એકમ માટે CAI અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પરંપરાગત અભ્યાસ કરેલ કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ચઢિયાતી સાબિત થઈ હતી.

**ચાવીરૂપ શબ્દો-** અધ્યાપન, 'conjuction', CAI અને પરંપરાગત પદ્ધતિ

**36.સશોધકનું નામ- Dave Sagarkumar Dineshchandra**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-૧૦ ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના

**Construction Of Question Bank Based On Syllabus Of Science Subject Of Standard-**10

**સંશોધનનું ક્ષેત્ર -** શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન તથા વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત પ્રશ્નબેંકની રચના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત હેતુલક્ષી પ્રશ્નોની રચના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમપરઆધારિત ટૂંક જવાબી પ્રશ્નોની રચના કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત મધ્યમ જવાબી પ્રશ્નોની કરવી.
- ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત વિસ્તૃત પ્રકારના પ્રશ્નોની રચના કરવી.
- રચાયેલા પ્રશ્નોની તજજ્ઞીય અભિપ્રાય દ્વારા તથા અગાઉના ત્રણ વર્ષ 2021, 2022 તથા 2023 ની પરીક્ષાના પ્રશ્નપત્રોના આધારે યોગ્યતા તપાસવી.

**સંશોધનના પ્રશ્નો –**

- ધોરણ- 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત હેતુલક્ષી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
- ધોરણ- 10 ના વિજ્ઞાન વિષયના પાઠયક્રમ પર આધારિત ટૂંકજવાબી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
- ધોરણ- 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત મધ્યમ જવાબી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
- ધોરણ- 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ પર આધારિત વિસ્તૃત પ્રકારના પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
- પ્રશ્નબેંકના તમામ પ્રશ્નોની તજજ્ઞ અભિપ્રાયના આધારે યોગ્યતા કેવી હશે?
- પ્રશ્નબેંકના તમામ પ્રશ્નોની અગાઉના વર્ષના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રના આધારે યોગ્યતા કેવી હશે?

**સંશોધનના ચલ-** ----------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** N.C.E.R.T. નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત (2018) વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકનો વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કર્યો હતો. ધોરણ-10 ના વિજ્ઞાન વિષયના 13 પ્રકરણો અને અગાઉના ત્રણ વર્ષ 2021, 2022 અને 2023 ની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રોનો નમુના તરીકે લીધો હતા. આ ઉપરાંત તજજ્ઞ અભિપ્રાય માટે 10 વિજ્ઞાનના શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત-** ધોરણ 10 ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના 13 પ્રકરણો તથા અગાઉના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રોનો અભ્યાસ કર્યો હતો. અને તેમાંથી પ્રશ્નબેંકની રચના કરી હતી. આ પ્રશ્નબેંક 10 માધ્યમિક શાળાઓના વિજ્ઞાન વિષયના શિક્ષકોને તથા બી.એડ્. અને એમ.એડ્. કોલેજના વિજ્ઞાન વિષયના અધ્યાપકોને આપીને તેમના તજજ્ઞીય અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા.

**સંશોધનના તારણો-**

- પ્રશ્નબેંકમાં રચવામાં આવેલા પ્રશ્નોએ તજજ્ઞીય અભિપ્રાયના આધારે યોગ્ય હતા.
- પ્રશ્નબેંકમાં રચવામાં આવેલા પ્રશ્નો અગાઉના ત્રણ વર્ષની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રમાં પુછાયેલા પ્રશ્નોના આધારે યોગ્ય હતા.
- પ્રશ્નબેંકના 584 પ્રશ્નોમાંથી 335 પ્રશ્નો યોગ્ય રહ્યા હતા.
- પ્રશ્નબેંકના 584 પ્રશ્નોમાંથી 249 પ્રશ્નો અયોગ્ય રહ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રાશ્નિકોને પ્રશ્નબેંકની મદદથી પ્રશ્નપત્રમાં વિજ્ઞાન પાઠયક્રમ પરના યોગ્ય પ્રશ્નો મૂકી શકશે. તરંગી, વિચિત્ર, અસ્પષ્ટ અને દ્વિધાયુક્ત પ્રશ્નોને બદલે આનુષંગિક અને યથાર્થ પ્રશ્નો પૂછી શકાશે.અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે.શિક્ષણને અસરકારક બનાવવામાં અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે અને પ્રશ્નોની સુસંગતતા અને યથાર્થતા ચકાસી શકાશે.શિક્ષક વડે થયેલું અધ્યાપન કાર્ય કેટલું અસરકારક રહ્યું તે જાણવા માટે પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકાશે.શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.વિદ્યાર્થીઓ પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 10 માં વિજ્ઞાન વિષય પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંકની રચના કરવામાં આવી હતી. તેના હેતુઓ ધોરણ 10 ના વિજ્ઞાન વિષય પાઠ્યક્રમ આધારિત હેતુલક્ષી ટૂંકજવાબી મધ્યમજવાબી અને વિસ્તૃત પ્રકારના પ્રશ્નોની બેંકની રચના કરવાનું હતું. જેમાં નમુના રૂપે વિજ્ઞાનના પાઠ્યપુસ્તકને લેવામાં આવ્યું હતું તથા તજજ્ઞ અભિપ્રાય 10 શિક્ષકોને લેવામાં આવ્યા હતા. પ્રશ્નબેંકના 584 પ્રશ્નોમાંથી 335 પ્રશ્નો યોગ્ય હતા. પ્રશ્નબેંકના 584 પ્રશ્નોમાંથી 249 પ્રશ્નો અયોગ્ય રહ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો-** ધોરણ-૧૦, વિજ્ઞાન, પાઠ્યક્રમ, પ્રશ્નબેંક સંરચના

**<u>37.સંશોધકનું નામ- Purohit Sahadevbhai Jesaji</u>**

**માર્ગદર્શકનું નામ- Smt.T.S.Bhargav**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**લાખણી તાલુકાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સ્વ-શિસ્ત સંકલ્પનાનો અભ્યાસ**

**A Study Of Self-Discipline Concept In Secondary School Students Of Lakhani Taluka**

**સંશોધનનું ક્ષેત્ર –** શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પના જાણવા માટે અભિપ્રાયવલિની રચના કરવી.
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પના જાણવી.
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભમાં સ્વશિસ્ત સંકલ્પના જાણવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કુમાર અને કન્યા વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પનાના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત હશે
- માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પનાના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત હશે.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલઃ- ધોરણ પરતંત્ર ચલ-અભિપ્રાયાવલી અંકુશિત ચલ- વિધાથીઓની જાતિ આંતરવર્તી ચલ - વિસ્તાર

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે લાખણી તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાંથી યાદચ્છિક નિદર્શન પદ્ધતિથી નમુનો પસંદ કરવામાં આવ્યો હતો. લાખણી તાલુકાની માધ્યમિક શાળા પૈકી યાદચ્છિક રીતે 10 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી અને તે 10 સ્કુલોમાંથી યાદચ્છિક રીતે 400 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરના સભ્યોને કામમાં મદદરૂપ થાય છે.
- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરમાં દરેક સભ્યનું માન જાળવે છે.
- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરમાં યોગ્ય વાણીનો ઉપયોગ કરે છે.
- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરમાં કરેક સભ્યો સાથે યોગ્ય વર્તન કરે છે.
- મોટાભાગના વિદ્યાર્થીઓ કેટલીક વાતો પરના લોકોથી પ્રાથી રાખતા નથી.

- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરના સભ્યો સાથે અયોગ્ય વર્તન કરતા નથી
- મોટાભાગના વિદ્યાર્થીઓ નાના ભાઈ-બહેનને કટકારાતા નથી.
- મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરમાં નિયમિત પૂજા પણ કરે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

બાળકો સ્વયં શિસ્ત જાળવે તે માટે વાલીઓ અને શિક્ષકોએ જાગૃત થવું જોઈએ.બાળકો સ્વયં શિસ્તમાં રહી નિયમિત શાળામાં આવે તેવી સંસ્થા દ્વારા આયોજન કરવા જોઈએ.વિદ્યાર્થીઓ શિસ્ત પ્રત્યે સભાન બને તે માટે વાલીઓને જાગૃત કરવા.વિદ્યાર્થીઓ શિસ્તનું પાલન કરે તે માટે અધ્યાપકોને પ્રોત્સાહિત કરવા.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ લાખણી તાલુકાનાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્વશિસ્ત સંકલ્પના જાણવાનો હતો અને તેના માટે અભિપ્રાયવલિની રચના કરવામાં આવી હતી જેમાં સંશોધનનો પ્રકાર વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતું અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું.સ્વ રચિત અભિપ્રાયાવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી જેમાં ટી-કસોટી વડે પૃથક્કરણ કરવામાં આવેલ હતું.પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે લાખણી તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાંથી યાદચ્છિક નિદર્શન પદ્ધતિથી નમુનો પસંદ કરવામાં આવ્યો હતો. જેમાં 10 સ્કુલોમાંથી યાદચ્છિક રીતે 400 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરના સભ્યો સાથે અયોગ્ય વર્તન કરતા નથી મોટાભાગના વિદ્યાર્થીઓ નાના ભાઈ-બહેનને કટકારાતા નથી.મોટાભાગના વિદ્યાર્થીઓ ઘરમાં નિયમિત પૂજા પણ કરે છે,જેવા તારણો જોવા મળ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો-** અભિપ્રાયાવલી, સ્વશિસ્ત સંકલ્પના

**<u>38.સશોધકનું નામ- Panchal Sandip Jayantilal</u>**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ **2019-20** ના વર્ષથી ધો-**10** માં અમલી બનેલ **N.C.E.R.T** સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

**A Study of Opinions of the Students, Teacher and Parents Regarding NewSocial Science N.C.E.R.T. Textbooks of 10th Standard in force From Academic Year 2019-20 in Gujarat State**

**સંશોધનનું ક્ષેત્ર** - સામાજિક વિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ,

**સંશોધનના હેતુઓ-**

- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 ના જુન 2019-20 થી અમલમાં આવેલા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના અભિગમ જાણવા માટે અભિપ્રાયાવલિઓની રચના કરવી.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 ના જૂન 2019-20 થી અમલમાં આવેલા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે શિક્ષકો,વાલીઓ અને વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો –**

- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 માં જૂન 2019-20 થી અમલમાં આવેલા નવા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે અભિપ્રાયો કેવા હશે?
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 માં જૂન 2019-20 થી અમલમાં આવેલા નવા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે શિક્ષકોના,વાલીઓના અને વિદ્યાર્થીઓના અભિપ્રાયો કેવા હશે ?
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 માં જૂન 2019-20 થી અમલમાં આવેલા નવા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક આવનાર ભવિષ્ય માટે કેટલા અંશે ઉપયોગી નીવડશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો   પરતંત્ર ચલ-  વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયો અંકુશિત ચલ- ધોરણ-10 ગુજરાતી માધ્યમ અને બનાસકાંઠા જિલ્લો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓ વ્યાપવિશ્વ તરીકે સ્વીકારવામાં આવી હતી. જેમાં સંશોધકની પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં નોન ગ્રાન્ટેડ અને ગ્રાન્ટેડ શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. પ્રસ્તુત અભ્યાસમાં 200 વિદ્યાર્થીઓ, 50 વાલીઓ, અને 50 શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીથી  પસંદ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** કાઈવર્ગ

**સંશોધનના તારણો-**

- વિદ્યાર્થીઓને આ પાઠ્યપુસ્તકો બાહ્યવાંચન કરવા માટે પ્રેરે છે એવું તેમને લાગે છે. આ ઉપરાંત વિષયવસ્તુનું ભારણ વધુ લાગતું નથી અને પુસ્તકોનું કદ યોગ્ય લાગે છે. વિદ્યાર્થીઓના મતે તેઓ પાઠ્યપુસ્તકમાંથી જાતે ગૃહ કાર્ય કરી શકે છે. સ્વાધ્યાયમાં બધા જ પ્રકારના પ્રશ્નો પણ આપવામાં આવ્યા છે. તેમનો શબ્દ પણ વધે તેવું તેમને લાગે છે અને વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકની ભાષા સ્પષ્ટ સમજાય છે તેવું તેમનું માનવું છે.
- પાઠ્યપુસ્તકોમાં વિષયવસ્તુની રજૂઆત અને તેમાં રહેલ શબ્દભંડોળનો અર્થ વિદ્યાર્થીઓ સમજી શકતા નથી. પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલા સ્વાધ્યાયના પ્રશ્નો અંગે અને સ્વાધ્યાયમાંથી વિકસતા કૌશલ્ય અંગે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારનો હકારાત્મક કે નકારાત્મક ઝોક ધરાવતા નથી.
- પાઠ્યપુસ્તકોનું મુખપૃષ્ઠ ઉઠાવદાર અને આકર્ષક છે. પાઠ્યપુસ્તકમાંથી વધારાના પરિચ્છેદો કે બાબતો જરૂર પક્ષે કાઢી શકાય તેમ લખ્યા છે. તેમજ પાઠ્યપુસ્તકોમાં આકૃતિ, ફોટોગ્રાફ, પ્રકરણના સાર, સ્વાધ્યાય યોગ્ય છે તથા ઇતર વાંચન અને  સંદર્ભસૂચિ આપેલ છે. પાઠ્યપુસ્તકમાં  ભાષા શુદ્ધ, સ્પષ્ટ  અને સમજાઈ તેવી  તથા  વ્યાકરણની  દ્રષ્ટિએ  યોગ્ય છે, એવું શિક્ષકોને લાગે છે.
- પાઠ્યપુસ્તકનું ભારણ વધુ ન હોય તેવું શિક્ષકોને લાગે છે. પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની રજૂઆત અને શબ્દભંડોળ વિદ્યાર્થીઓ સમજી શકે તેવું છે. શિક્ષકોના મતે પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ તરફ પ્રેરે છે અને તેમની જ્ઞાન સજ્જતામાં પણ વધારો કરશે.
- નવા પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુને ગોઠવણીની ક્રમિકતા, પુસ્તકોમાં રહેલી પાયાની બાબતો અંગે, સારાંશ અંગે, સ્વાધ્યાયમાં આપવામાં આવેલ પ્રશ્નો અંગે, અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે, પાઠ્યપુસ્તકોનું કદ,કાગળો અને પાનાની સાઈઝ અંગે શિક્ષકો કોઈપણ પ્રકારનું હકારાત્મક કે  નકારાત્મક ઝોક ધરાવતા નથી.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિઓની મદદથી ધોરણ-10ના N.C.E.R.T પાઠ્યપુસ્તકો અંગેના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. આમ અભિપ્રાયાવલિની મદદથી કોઈ પણ ધોરણના પાઠ્યપુસ્તક વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને આચાર્યોના અભિપ્રાય મેળવી શકાય છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં હેતુ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10 ના જુન 2019-20 થી અમલમાં આવેલા સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના અભિગમ જાણવા માટે અભિપ્રાયાવલિઓની રચના કરી અભિપ્રાયો જાણવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો અને સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. સ્વ રચિત અભિપ્રાયાવલિ દ્વારા મહતી એકત્ર કરવામાં આવી હતી. કાઈવર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓ પસંદ કરવામાં આવી હતી.જેના નમૂના તરીકે 200 વિદ્યાર્થીઓ, 50 વાલીઓ, અને 50 શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યો હતો. જેના તારણ સ્વરૂપે  વિદ્યાર્થીઓને આ પાઠ્યપુસ્તકો બાહ્યવાંચન કરવા માટે પ્રેરે છે એવું તેમને લાગે છે. આ ઉપરાંત વિષયવસ્તુનું ભારણ વધુ લાગતું નથી અને પુસ્તકોનું કદ યોગ્ય લાગે છે. વિદ્યાર્થીઓના મતે તેઓ પાઠ્યપુસ્તકમાંથી જાતે ગૃહ

કાર્ય કરી શકે છે. સ્વાધ્યાયમાં બધા જ પ્રકારના પ્રશ્નો પણ આપવામાં આવ્યા છે. તેમનો શબ્દ પણ વધે તેવું તેમને લાગે છે અને વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકની ભાષા સ્પષ્ટ સમજાય છે તેવું તેમનું માનવું છે.જેના ફલિતાર્થ હતા કે પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિઓની મદદથી ધોરણ-10 ના N.C.E.R.T પાઠ્યપુસ્તકો અંગેના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો-** અભિપ્રાયાવલિ, N.C.E.R.T, સામાજિક વિજ્ઞાન

**39.સશોધકનું નામ- Barot Sanjaybhai Parthibhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-9 ના વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિયોગ્યતા વિકસાવવાના કાર્યક્રમનો અભ્યાસ

**A Study Of Appitude Development Program In Social Science Subject Of Standard 9th Subject**

**સંશોધનનું ક્ષેત્ર** - શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-9 ના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા જાણવા માટે અભિયોગ્યતા કસોટીની રચના કરવી.
- ધોરણ-9 ના વિદ્યાર્થીઓ માં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા વધારવા માટે કાર્યક્રમની રચના કરવી
- ધોરણ-9ના વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા માટે રચેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
- ધોરણ-9ના વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા કસોટીના પ્રાપ્તાંકો ઉપર જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધોરણ 9ના પ્રાયોગિક જુથના વિદ્યાર્થીઓએ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતાની પૂર્વ કસોટી અને ઉતર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ 9ના પ્રાયોગિક જુથના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા વધારવાના કાર્યક્રમની પૂર્વ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-9ના પ્રાયોગિક જુથના કુમાર અને કન્યાઓની સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા વધારવાના કાર્યક્રમની ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતા વિકસાવવાનો કાર્યક્રમ પરતંત્ર ચલ - સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતામાં સિદ્ધિ પરિવર્તક ચલ – જાતિ અંકુશિત ચલ - ધોરણ વિષયવસ્તુ માધ્યમ.

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં વાવ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9 માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સમગ્ર ઉત્તર ગુજરાતને પાંચ ઝોનમાં વિભાજીત કરી દરેક ઝોનમાંથી બે એમ 10 જિલ્લા ચિઠ્ઠી ઉપાડી પસંદ કર્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-**

- સામાજિક વિજ્ઞાન પ્રતિયોગ્યતા કસોટીના પ્રાપ્તાંકો ઉપર જાતિની સાર્થક અસરો જોવા મળી. જેમાં કુમાર કરતાં કન્યાઓની સામાજિક વિષય અભિયોગ્યતા વધુ જોવા મળી હતી.
- સામાજિક વિજ્ઞાન પ્રતિયોગ્યતા પ્રપ્તાંકો ઉપર વિસ્તારની સાર્થક અસર જોવા મળી ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સમાજિક વિજ્ઞાન અભિયોગ્યતા વધુ જોવા મળી હતી.
- સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતાને સંકુલ પ્રકારની વિશિષ્ટ શક્તિ છે. તેમાં ખૂબ ઉંચા પ્રાપ્તાંક મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળી ઉંચા પ્રાપ્તાંક મેળવનારની સંખ્યા ઠીક-ઠીક અને મધ્યમ પ્રાપ્તાંક મેળવનાની સંખ્યા પ્રમાણમાં વધારે જોવા મળી હતી

**સંશોધનના ફલિતાર્થો-**

સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતા કસોટી દ્વારા માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતા ઓળખી તેના વિકાસ અંગે કાર્યક્રમ હાથ ધરી શકાય.વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતા કક્ષાનું માપન કરવા માટે પ્રસ્તુત અભ્યાસ હેઠળ રચાયેલ સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતા કસોટીનો અસરકારક સાધન તરીકે ઉપયોગ કરી શકાય.માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીમાં રહેલી સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતાને ઓળખવા અને તે અંગે શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન આપવા શિક્ષકો કસોટીનો ઉપયોગ કરી શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં ધો-9 ના વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિયોગ્યતા વિકસાવવાના કાર્યક્રમનો અભ્યાસ કરવાનો હતો.જેનો હેતુ ધોરણ-9 ના વિદ્યાર્થીઓ માં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેની અભિયોગ્યતા વધારવા માટે કસોટી અને કાર્યક્રમની રચના કરવામાં આવી હતી.જેમાં સ્વ રચિત કસોટી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી અને ટી- કસોટી વડે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિથી કરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધનમાં વાવ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9 માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું જેના નમૂના તરીકે સંશોધકે સમગ્ર ઉત્તર ગુજરાતને પાંચ ઝોનમાં વિભાજીત કરી દરેક ઝોનમાંથી બે એમ 10 જિલ્લા ચિઠ્ઠી ઉપાડી પસંદ કર્યા હતા.જેના તારણ સ્વરૂપે સામાજિક વિજ્ઞાન અભિયોગ્યતાને સંકુલ પ્રકારની વિશિષ્ટ શક્તિ છે. તેમાં ખૂબ ઉંચા પ્રાપ્તાંક મેળવનાર વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળી ઉંચા પ્રાપ્તાંક મેળવનારની સંખ્યા ઠીક-ઠીક અને મધ્યમ પ્રાપ્તાંક મેળવનાની સંખ્યા પ્રમાણમાં વધારે જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો-** અભિયોગ્યતા કસોટી

**40.સશોધકનું નામ- Chaudhari Shaileshkumar Ishvarbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-8 ના ગણિત વિષયના શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા

**A Review Of The Current Situation Of Education In Mathemetics Subject Of Standard-Viii**

**સંશોધનનું ક્ષેત્ર** - ગણિત શિક્ષણ, અભ્યાસક્રમ વિકાસ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-8 ના ગણિત શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ જાણવા માટેની પ્રશ્નાવલીની રચના કરવી.
- ધોરણ-8 ના ગણિતના નવા પાઠ્યક્રમ અંગે શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ કરવો.
- ગણિત શિક્ષકની લાયકાત અને શિક્ષક સજ્જતાનો અભ્યાસ કરવો.
- ગણિત શિક્ષકના અપેક્ષિત કૌશલ્ય જાણવા.

**સંશોધનના પ્રશ્નો–**

- ગણિત શિક્ષકની શૈક્ષણિક લાયકાત કેવી હશે ?

- ગણિત શિક્ષકની સજ્જતા માટે તાલીમની વ્યવસ્થા કેવી હશે ?
- ગણિત શિક્ષક અધ્યાપન કાર્ય માટે કેવા પ્રકારના દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરતા હશે ?
- ગણિત શિક્ષક ગણિત વિષયના અધ્યાપનકાર્ય માટેકેવું આયોજન કરતા હશે ?
- ગણિત શિક્ષક કયા સામાન્ય હેતુઓ પર ભાર મૂકે છે ?
- ગણિત શિક્ષણ કઈ અધ્યાપન પદ્ધતિઓ દ્વારા થતું હશે ?
- ગણિતમાં મૂલ્યાંકનનું સ્વરૂપ કેવું હશે ?
- ગણિત વિષયનોપાઠ્યક્રમ ધોરણ-8 ના વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ હશે ?

**સંશોધનના ચલ-** ----------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** લાખણી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-8 ના ગણિત વિષયનું અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકો વ્યાપવિશ્વ અને લાખણી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાંથી યાદચ્છિક નમૂના પસંદગી રીતે 27 શાળાઓમાં ધોરણ-8 ના ગણિત વિષયનું અધ્યાપન કાર્ય કરતાં 30 શિક્ષકોની પસંગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- ધોરણ-8 ના ગણિત વિષયના ચાલુ પાઠ્યક્રમમાં કુલ 14 એકમો છે જેમાં પ્રથમ સત્રમાં 7 એકમો આવેલ છે અને બીજા સત્રમાં 7 એકમોનો સમાવેશ થયેલ છે.
- નિદર્શના ગણિત શિક્ષકોમાંથી ગણિતમાં સ્નાતક થયેલા 83.33% અને બી.એડ્. થયેલા શિક્ષકોની સંખ્યા ૮0% હતી. જ્યારે સ્નાતક 40% અને અનુસ્નાતક થયેલા શિક્ષકોની સંખ્યા 10% હતી. આ ઉપરાંત પી.ટી.સી. થયેલ શિક્ષકોની સંખ્યા 26.67% હતી.
- અનુભવની દ્રષ્ટિએ જોતા 0 થી 5 વર્ષનો ગણિત શિક્ષણનો અનુભવ ધરાવતા 46.67% 6 થી 10 વર્ષનો ગણિત શિક્ષણનો અનુભવ ધરાવતા 20% અને 10 થી વધુ ગણિત શિક્ષણ અનુભવ ધરાવતા 13.33% શિક્ષકો હતા.
- ગણિત શિક્ષણ સજ્જતા માટે તાલીમમાં જોડાયેલ 6 થી 10 દિવસ માટે 43.33% શિક્ષકો હતા, 0 થી 5 દિવસ માટે 26.67% અને 10 થી વધુ દિવસો માટે 30% શિક્ષકો તાલીમમાં જોડાયા હતા.
- ગણિતનાં અધ્યાપન કાર્યને સમૃદ્ધ કરવા માટે ગણિત શિક્ષકો જુદા-જુદા સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા હતા. જેમાં 66.67% શિક્ષકો અગાઉના પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરતા હતા. 76.67% શિક્ષકો સંદર્ભ પુસ્તકોનો,76.67% શિક્ષકો સામયિકો અને શિક્ષક હાથપોથીના અને 50% શિક્ષકો માર્ગદર્શિકાઓનો ઉપયોગ સંદર્ભ સાહિત્ય તરીકે કરતા હતા.
- ગણિત શિક્ષકો નવા સંદર્ભો મેળવવા સામાયિકોનો પણ ઉપયોગ કરતા હતા. જેમાં 70% શિક્ષકો મેથેમેટીક્સ ટૂડે, જ્યારે 40% શિક્ષકો અન્ય કોઈ ગણિત વિષય સામયિકનો ઉપયોગ કરતા હતા.
- ગણિત શિક્ષકો અધ્યાપન કાર્ય માટે શાળામાં ઉપલબ્ધ જુદા-જુદા દ્રવ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરતા હતા. જેમાં 100% શિક્ષકો ચાર્ટનો,70% શિક્ષકો નમૂનાનો,43.33% શિક્ષકો ટી.વી. નો,60% શિક્ષકો કોમ્પ્યુટરનો,26.67% શિક્ષકો ઓ.એચ.પી.નો,10% શિક્ષકો ફિલ્મસ્ટ્રીપ પ્રોજેકટરનો, 46.67% શિક્ષકો અન્ય સાધનોનો અધ્યાપન કાર્ય માટે ઉપયોગ કરતા હતા.
- ગણિત શિક્ષકો અધ્યાપન કાર્ય માટે જુદા-જુદા પ્રકારનું આયોજન કરતા હતાં. તેમાંથી માસિક આયોજન 76.67% શિક્ષકો, વાર્ષિક આયોજન 63.33% શિક્ષકો અને 57.78% શિક્ષકો સત્ર આયોજન અને પાઠ આયોજન કરતા હતાં.

**સંશોધનના ફલિતાર્થો-**

ચાર્ટ્સ તૈયાર કરવા, સ્વનિર્મિત સાધનો બનાવવા, પ્રદર્શન કરવું, પ્રોજેકટરનો ઉપયોગ કરવો, ગણિત મેળામાં ભાગ લેવા વિદ્યાર્થીઓને તૈયાર કરવા, કોમ્પ્યુટરનો ઉપયોગ કરી ગણિત શિક્ષણ આપવું, પ્રશ્ન સંખ્યાનું

આયોજન આ કૌશલ્યોની પસંદગી 20% કરતા ઓછા શિક્ષકોએ કરી છે. 50% કરતાં વધુ શિક્ષકોમાં આ કૌશલ્યો હોવા જોઈએ, તેમ દર્શાવ્યું છે. આ કૌશલ્યો ગણિત શિક્ષણમાં ઉપયોજન અને કૌશલ્ય હેતુનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી મહત્વનાં છે. આથી શિક્ષકોએ આ કૌશલ્યો પર ભાર મૂકવો જોઈએ. ગણિતનાં અભ્યાસક્રમમાં સાંસ્કૃતિક ધ્યેય અને રાષ્ટ્રીય એકતાના ધ્યેયો પ્રતિબિંબિત થાય છે, તેવું 50% કરતાં ઓછા શિક્ષકોએ જણાવ્યું છે. વર્તમાન સમયમાં સંસ્કૃતિને અને રાષ્ટ્રીય એકતા મહત્વની હોવાથી આ ધ્યેયો પર પણ અભ્યાસક્રમમાં વધુ ભાર મૂકવો જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ-8 ના ગણિત વિષયના શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિની સમીક્ષા કરવાનો હતો. જેમાં ધોરણ-8 ના ગણિત શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ જાણવા માટેની પ્રશ્નાવલીની રચના કરી હતી.જેમાં સંશોધનનો પ્રકાર- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતું અને સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.ગણિત શિક્ષકની લાયકાત અને શિક્ષક સજ્જતાનો અભ્યાસ કરવો. તે જાણવા પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. વ્યાપવિશ્વ અને લાખણી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાંથી યાદચ્છિક નમૂના પસંદગી રીતે 27 શાળાઓમાં ધોરણ-8 ના ગણિત વિષયનું અધ્યાપન કાર્ય કરતાં 30 શિક્ષકોની પસંગી કરવામાં આવી હતી. માહિતીનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું.જેના તારણો ગણિત શિક્ષણ સજ્જતા માટે તાલીમમાં જોડાયેલ 6 થી 10 દિવસ માટે 43.33% શિક્ષકો હતા, 0 થી 5 દિવસ માટે 26.67% અને 10 થી વધુ દિવસો માટે 30% શિક્ષકો તાલીમમાં જોડાયા હતા.ગણિતનાં અધ્યાપન કાર્યને સમૃદ્ધ કરવા માટે ગણિત શિક્ષકો જુદા-જુદા સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરતા હતા.ફલિતાર્થ સ્વરૂપે ગણિત શિક્ષકો નવા સંદર્ભો મેળવવા સામાયિકોનો પણ ઉપયોગ કરતા હતા. જેમાં 70% શિક્ષકો મેથેમેટીક્સ ટૂડે, જ્યારે 40% શિક્ષકો અન્ય કોઈ ગણિત વિષય સામયિકનો ઉપયોગ કરતા હતા.

**ચાવીરૂપ શબ્દો-** ધોરણ-8 , ગણિત વિષય

**41.સશોધકનું નામ- Dharmani Sonalben Rameshkumar**

**માર્ગદર્શકનું નામ- Smt.T.S.Bhargava**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ અને વાલીઓના વલણોનો અભ્યાસ

**A Study Of The Attitude Of Students And Parents Toward Competitive Examinations**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, માર્ગદર્શન અને સલાહ

**સંશોધનના હેતુઓ-**

- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ કોલેજના વિદ્યાર્થીઓના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ કોલેજના વિદ્યાર્થીઓના વલણનો અભ્યાસ કરવો
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણનો અભ્યાસ કરવો

**સંશોધનના પ્રશ્નો –**

- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે કોલેજના વિદ્યાર્થીઓના વલણો કેવા હશે ?
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણો કેવા હશે ?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ – સ્પર્ધાત્મક પરીક્ષા પરતંત્ર ચલ –વલણ માપદંડ અંકુશિત ચલ –ડીસા તાલુકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે બનાસકાંઠાની કુલ 9 બી.એડ. કોલેજમાંથી સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા ડીસા તાલુકાની શ્રી નવજીવન બી.એડ. કોલેજની પસંદગી કરેલ છે.બી.એડ કોલેજના સેમ-2 અને સેમ-4 માં કુલ 200 વિદ્યાર્થી અને તેમના 100 વાલીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત વલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- સરકારી નોકરીની પસંદગી માટે સ્પર્ધાત્મક પરીક્ષા અનિવાર્ય છે. તેના માટે H.S.C અને સ્નાતકની પદવી અપૂરતી છે.
- મોટાભાગનાં વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પ્રયત્નોની અને વયમર્યાદા હોવી ન જોઈએ
- વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ યોગ્ય લાગે છે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉમેદવારો માટે એક વધારાનો બોજો છે એવું વાલીઓ માને છે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા ઉમેદવારની પસંદગીમાં ભ્રષ્ટાચાર થાય છે.તે બંધ થશે એવું માને છે.
- સ્પર્ધાત્મક પરીક્ષા સરકારને બેકારીનો જવાબ આપવા માટેની એક બચાવ પ્રયુક્તિ છે.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત સંશોધનમાં વલણ માપદંડ દ્વારા મળેલ તારણો પરથી કહી સકાય કે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માળખું અને અભ્યાસક્રમ યોગ્ય હોવું જોઈએ.તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ગુણવત્તાયુક્ત ઉમેદવારની પસંદગી થવી જોઈએ જેથી યોગ્યતા પ્રાપ્ત થાય અને યોગ્ય કામ પ્રત્યે રસ ધરાવતા થાય.સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે પરિવહન ખર્ચ ઓછો હોવી જોઈએ તેમજ ઉમેદવારો માટે એક વધારાનો બોજો ઓછો થાય અને રસ ધરાવતા ક્ષેત્રમાં યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ, વાલીઓના વલણોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં સંશોધન ક્ષેત્રે શૈક્ષણિક માપન મૂલ્યાંકન તેમજ માર્ગદર્શન અને સલાહ હતું. અને અભ્યાસના હેતુઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ કોલેજના વિદ્યાર્થીઓના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણોનો અભ્યાસ કરવા વલણ માપદંડની રચના કરવી આ સંશોધન સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલ હતો. અને નમૂના તરીકે બનાસકાંઠાની કુલ 9 બી.એડ કોલેજમાંથી સહેતુક નમૂના પસંદગીથી નવજીવન બી.એડ. કોલેજના 200 વિદ્યાર્થીઓ અને 100 વાલીઓનો સમાવેશ કરેલ હતો. સ્વ રચિત વલણ માપદંડની રચના કરી અને સાડી ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો-** વલણ, વાલી, સ્પર્ધાત્મક પરીક્ષા, બી.એડ


**42.સશોધકનું નામ- Parghi Surataben Harshanbhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K Pancholi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્


**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-૮ ના ગુજરાતી વિષયના એકમોના સંદર્ભમાં નાટ્યીકરણ પદ્ધતિની અસરકારકતા

**Effectiveness of Dramatization Method with Referenceto Subject of Gujarati of the 8th Standard**

**સંશોધનનું ક્ષેત્ર –** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ગુજરાતી વિષયના પસંદીતા એકમોના અધ્યાપન માટે નાટ્યીકરણ કાર્યક્રમની સંરચના કરવી .
- નાટ્યીકરણ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક સિદ્ધિની રચના કરવી.
- નાટ્યીકરણ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

- નાટયીકરણ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં ચકાસવી.
- નાટયીકરણ પદ્ધતિ પરત્વેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની સંરચના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય
- નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય
- પ્રાયોગિક જૂથના કુમારો અને નિયંત્રિત જૂથના કુમારોએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** ----------------------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધન દાંતા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની ગુજરાતી માધ્યમની શાળામાં વર્ષ 2022-24 માં અભ્યાસ કરતા ધોરણ -8 ના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત એકમ કસોટી અને અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી અને ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- નાટયીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથે સિદ્ધિ કસોટીની બાબતમા વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથ કરતા ચઢિયાતું જોવા મળે છે.
- નાટયીકરણ પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથના કુમાર સિદ્ધિ કસોટીની બાબતમાં કન્યાઓ કરતા ચઢિયાતું જોવા મળે છે.
- વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથના કુમારોએ સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા નિયંત્રિત જૂથના કુમારો કરતા ચઢિયાતું જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો-**

નાટયીકરણ પદ્ધતિ દ્વારા કરવવામાં આવેલા અધ્યાપન સમયગાળો પુરતો હતો. નાટયીકરણ પદ્ધતિને સંલગન સૂચનાઓ સ્પષ્ટ અને સરળતાથી સમજી શકાય તેવી હતી.નાટયીકરણ પદ્ધતિના સંવાદોથી વિષયવસ્તુ ની સમજ સ્પષ્ટ થઈ શકી હતી. નાટયીકરણ પદ્ધતિથી શીખવાથી વિષયવસ્તુ સરળતાથી અને લાબો સમય યાદ રાખી શકાય છે. નાટયીકરણ પદ્ધતિથી એકમના પાત્રોના નામ અને વિષયવસ્તુ સરળતાથી યાદ રહી જાય છે. વ્યાખ્યાંન પદ્ધતિ કરતા નાટયીકરણ પદ્ધતિથી શીખવુ વધુ રસપ્રદ લાગે છે. નાટયીકરણ પદ્ધતિમાં પ્રસંગો અને ઘટનાઓની રજુઆત પદ્ધતિસર અને ક્રમિક હતી.નાટયીકરણ પદ્ધતિએ ગમ્મત સાથે જ્ઞાન પુરુ પાડતી પદ્ધતિ છે.નાટયીકરણ પદ્ધતિ દ્વારા રજૂ થયેલા દરેક પ્રસંગના વર્ણનમાં પુરતો સમય ફાળવવા માં આવ્યો હતો. નાટયીકરણ પદ્ધતિ દ્વારા અન્ય વિષયો પણ રસપ્રદ રીતે ભણાવી શકાય.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ નાટયીકરણ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક સિદ્ધિની રચના કરવાનો તેમજ નાટયીકરણ પદ્ધતિ પરત્વેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની સંરચના કરવાનો હતો. જેનો પ્રકાર વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતું અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે દાંતા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરતા ધોરણ -8 ના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. સ્વ રચિત એકમ કસોટી અને અભિપ્રાયાવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી અને સાદી ટકાવારી અને ટી-કસોટી વડે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.સંશોધનના તારણો વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથના કુમારોએ

સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા નિયંત્રિત જૂથના કુમારો કરતા ચઢિયાતું જોવા મળ્યા હતા. ફલિતાર્થ સ્વરૂપે નાટ્યીકરણ પદ્ધતિના સંવાદોથી વિષયવસ્તુ ની સમજ સ્પષ્ટ થઈ શકી હતી. તેમજ નાટ્યીકરણ પદ્ધતિથી શીખવાથી વિષયવસ્તુ સરળતાથી અને લાંબો સમય યાદ રાખી શકાય અને નાટ્યીકરણ પદ્ધતિથી એકમના પાત્રોના નામ અને વિષયવસ્તુ સરળતાથી યાદ રાખી શકાય અને વ્યાખ્યાંન પદ્ધતિ કરતા નાટ્યીકરણ પદ્ધતિથી શીખવુ વધુ રસપ્રદ લાગ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો-** નાટ્યીકરણ પદ્ધતિ , વ્યાખ્યાંન પદ્ધતિ ,એકમ કસોટી , શૈક્ષણિક સિદ્ધિ

**43.સશોધકનું નામ- Pegatar Sureshkumar Valabhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.Lbarad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ - ૯ ગુજરાતી વિષયમાં વ્યાકરણના એકમ સંજ્ઞા અને તેના પ્રકારોના શિક્ષણ કાર્ય માટે આગમન નિગમન પદ્ધતિની અસરકારકતા

**Effectiveness Of Arrival Incorporation On Teaching Of The Unit Noun And Types In Gujarati Grammer For 9th Standard Students**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક ટેકનૉલોજી તથા માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ગુજરાતી વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં આગમન પદ્ધતિ કાર્યક્રમની સંરચના કરવી.
- ગુજરાતી વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં નિગમન પદ્ધતિ કાર્યક્રમની સંરચના કરવી.
- ગુજરાતી વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી.
- ગુજરાતી વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં અધ્યયન પદ્ધતિના બે સ્વરૂપો (૧) આગમન પદ્ધતિ (૨) નિગમન પદ્ધતિની અસરકારકતાની તપાસ કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સિધ્ધિ કસોટીમાં ( ઉત્તર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ આગમન પદ્ધતિ (પૂર્વ કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વ કસોટીના અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યયન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ : ૯, વિદ્યાર્થીઓ, વિષયવસ્તુ, શાળાનું વાતાવરણ આંતરવર્તી ચલ- વિષય પ્રત્યે રસ અને ઉત્સાહ, વિદ્યાર્થીના વ્યકિતગત તફાવતો, ધ્યાન કેન્દ્રિકરણની ક્ષમતા, જૂથો વચ્ચેની આંતરક્રિયા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વએ પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની વર્ષ ૨૦૨૨-૨૪ ની માધ્યમિક શાળાના ધોરણ- ૦૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૂરતુ મર્યાદિત હતું. જેમાં સંતશ્રી રાજારામ ગુરૂકુળ, પાલનપુરની આકસ્મિક રીતે પસંદગી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથમાં ૩૦ વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથમાં ૩૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

**ઉપકરણ**- સ્વ રચિત એકમ કસોટી

**પૃથક્કરણની રીત**- ટી - કસોટી

**સંશોધનના તારણો-**

- પ્રસ્તુત કાર્યક્રમમાં એકમની રજુઆત પદ્ધતિસર અને વ્યવસ્થિત હતી.
- પ્રસ્તુત કાર્યક્રમ વિષયવસ્તુની દ્રષ્ટિએ વિવિધતાસભર અને સમુધ્ધ હતો.
- સમવમર્યાદાની દ્રષ્ટિએ વિષયવસ્તુની સંતોષકારક રીતે સમજ આપવામાં આવી હતી.
- આ અધ્યાપન પદ્ધતિ દ્વારા ગુજરાતી જેવા અઘરા વિષયોનું જ્ઞાન સરળતાથી મેળવી શકાય છે.
- આ પ્રકારની પદ્ધતિથી અન્ય વિષય પણ રસપ્રદ બનાવી શકાય છે.
- પરંપરાગત પદ્ધતિ કરતાં આ પદ્ધતિથી શીખવું વધુ રસપ્રદ છે.

**સંશોધનના ફલિતાર્થો-**

**શિક્ષક:-**

આગમન પદ્ધતિએ શિક્ષકોને એક નવો અભિગમ પુરો પાડે છે.આ પદ્ધતિ દ્વારા પ્રતિભાશાળી નબળા બાળકોને ઓળખી શકાય છે.આ પદ્ધતિ શિક્ષકોને પોતાના અધ્યાપનકાર્યને અસરકારક બનાવવામાં ઉપયોગી બની શકે છે.આગમન પદ્ધતિ દ્વારા શિક્ષક પોતાના કલાસના અંતર્મુખી અને બહિર્મુખી વિદ્યાર્થીઓને ઓળખી તેને યોગ્ય માર્ગદર્શન દ્વારા તેમની આ ખામીઓ નિવારી શકાય છે.

**વિદ્યાર્થીઓ:-**

આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ હંમેશા સજાગ અને એકત્રિત રહે છે.વર્ગના વિદ્યાર્થીઓમાં આ પદ્ધતિથી એકતામાં વધારો થાય છે.વિદ્યાર્થીની એકાગ્રતામાં વધારો થાય છે.આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે.આ પદ્ધતિ દ્વારા ચર્ચામાં ભાગ લેવાને કારણે વિદ્યાર્થી સરળતાથી મુદ્દા યાદ રહી જાય છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગુજરાતી વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં આગમન,નિગમન પદ્ધતિ કાર્યક્રમની સંરચના અને એકમ સિદ્ધિ કસોટીની રચના કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો પ્રાયોગિક સંશોધન પદ્ધતિ વડે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વએ પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની વર્ષ ૨૦૨૨-૨૪ ની માધ્યમિક શાળાના ધોરણ- ૦૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૂરતુ મર્યાદિત હતું. જેમાં સંતશ્રી રાજારામ ગુરૂકુળ, પાલનપુરની આકસ્મિક રીતે પસંદગી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથમાં ૩૦ વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથમાં ૩૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. ઉપકરણ તરીકે એકમ કસોટીનો ઉપયોગ કરાયો હતો. ટી - કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતુ. જેના તારણ સ્વરૂપે જોવા મળ્યું હતું કે આ અધ્યાપન પદ્ધતિ દ્વારા ગુજરાતી જેવા અઘરા વિષયોનું જ્ઞાન સરળતાથી મેળવી શકાય છે. જેના ફલિતાર્થ સ્વરૂપે આ પદ્ધતિ શિક્ષકોને પોતાના અધ્યાપનકાર્યને અસરકારક બનાવવામાં ઉપયોગી બની હતી અને આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ હંમેશા સજાગ અને એકત્રિત રહે તે જોવામાં આવ્યું હતું.

**ચાવીરૂપ શબ્દો**- આગમન પદ્ધતિ અને નિગમન પદ્ધતિ

**44.સશોધકનું નામ- Bhil Tejalben Manabhai**

**માર્ગદર્શકનું નામ- Mr.J.V.Patel**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-9 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં કુદરતી વનસ્પતિ એકમના અધ્યાપન માટે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયન સાહિત્યની અસરકારકતા

**Effectiveness Of Ppt And Self Learning Material For The Teaching Unit Natural Plant O Social Science Subject Of Standard Nineth**

**સંશોધનનું ક્ષેત્ર –** સામાજિક વિજ્ઞાન અને શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-**

- નવમા ધોરણનાં સામાજિક વિજ્ઞાનના 'કુદરતી વનસ્પતિ' એકમના અધ્યાપન માટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત અધ્યાપન રૂપરેખાની સંરચના કરવી.
- નવમા ધોરણનાં સામાજિક વિજ્ઞાનના 'કુદરતી વનસ્પતિ' એકમના અધ્યાપન માટે સ્વ-અધ્યયન સાહિત્યની સંરચના કરવી.
- નવમાં ધોરણનાં સામાજિક વિજ્ઞાનના 'કુદરતી વનસ્પતિ' એકમ માટે શિક્ષક નિર્મિત હેતુલક્ષી કસોટીની રચના કરવી.
- નવમાં ધોરણનાં સામાજિક વિજ્ઞાનના "કુદરતી વનસ્પતિ' એકમ માટે પસંદિત માવજતનું અમલીકરણ કરવું.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધોરણ નવનાં સામાજિક વિજ્ઞાન વિષયનાં 'કુદરતી વનસ્પતિ' એકમ માટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયન સાહિત્ય દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓના જૂથોની ઉત્તર કસોટી પરની સરેરાશ શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થકતફાવતનહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્રચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિતચલ- શ્રેણી, વિષય, એકમ, માધ્યમ, વિસ્તાર, પ્રયોગકાર્યનો સમયગાળો, શૈક્ષણિક વર્ષ, શિક્ષકની અધ્યાપન ક્ષમતા, તાસની સંખ્યા, તાસનો સમય, તાસ ક્રમ આંતરવર્તીય ચલ- વિષય પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ અને ઉત્સાહ, પ્રયોગનું નાવિન્ય, અન્ય દ્વારા અધ્યયનમાં મળતી મદદ વગેરે

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમ ધરાવતી શાળાઓના નવમા ધોરણના સામાજિક વિજ્ઞાન વિષય સાથે અભ્યાસ કરતા 100 વિદ્યાર્થીઓને સહેતુક નમુના પસંદગી પદ્ધતિ દ્વારા પસંદ કર્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-**

નવમા ધોરણના સામજિક વિજ્ઞાનના કુદરતી વનસ્પતિના અધ્યાપન માટે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન કાર્યક્રમ સ્વ-અધ્યયન કાર્યક્રમ કરતા વધુ અસરકારક હતો. પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા થતું અધ્યયન કાર્ય સ્વ-અધ્યયન દ્વારા થતા શિક્ષણ કાર્ય કરતા ચડિયાતું જોવા મળ્યું હતું.

**સંશોધનના ફલિતાર્થો-**

પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન પદ્ધતિ સ્વ-અધ્યયન પધ્ધતીના વિકલ્પ શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં વધુ ફળદાયી હતી. નાવીન્યા પૂર્ણ વિષય વસ્તુ માટે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશનનો ઉપયોગ સ્વ-અધ્યયન સાહિત્ય કરતા વધુ મદદ કર્તા બની રહે છે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધો-9 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં કુદરતી વનસ્પતિ એકમના અધ્યાપન માટે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયન સાહિત્યની અસરકારકતા માટેનો હતો.સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન **હતો** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમ ધરાવતી શાળાઓના નવમા ધોરણના સામાજિક વિજ્ઞાન વિષય સાથે અભ્યાસ કરતા 100 વિદ્યાર્થીઓને સહેતુક નમુના પસંદગી પદ્ધતિ દ્વારા પસંદ કર્યા હતા.સ્વ-રચિત સિદ્ધિ કસોટીનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી અને ટી-કસોટીથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.જેના તારણ

મળ્યા હતા નવમા ધોરણના સામજિક વિજ્ઞાનના કુદરતી વનસ્પતિના અધ્યાપન માટે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન કાર્યક્રમ સ્વ-અધ્યયન કાર્યક્રમ કરતા વધુ અસરકારક હતો ફલિતાર્થ સ્વરૂપે નાવીન્યા પૂર્ણ વિષય વસ્તુ માટે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશનનો ઉપયોગ સ્વ-અધ્યયન સાહિત્ય કરતા વધુ મદદ કર્તા બની રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો**- પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, સ્વ- અધ્યયન

**45.સશોધકનું નામ- Joshi Truptiben Devrambhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)**-

બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિનો તેમની આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

**A Study Of Intelligence Of B.Ed. Trainees In Context To Their Spiritual And Emotional Intelligence**

**સંશોધનનું ક્ષેત્ર** – શિક્ષણનું મનોવિજ્ઞાન,શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, ઉચ્ચશિક્ષણ

**સંશોધનના હેતુઓ**-

- બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ કક્ષા,આધ્યાત્મિક બુદ્ધિ કક્ષા અને સાંવેગિક બુદ્ધિ કક્ષા નિર્ધારિત કરવી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ, આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિ પર તેમની જાતિની અસર તપાસવી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ અને આધ્યાત્મિક બુદ્ધિની સરખામણી કરવી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિની સરખામણી કરવી

**સંશોધનની ઉત્કલ્પનાઓ** –

- છોકરાઓ અને છોકરીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- છોકરાઓ અને છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ અને મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- મધ્યમ અને નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ અને નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ અને મધ્યમ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- મધ્યમ અને નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
- ઉચ્ચ અને નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**- સ્વતંત્ર ચલ– જાતિ, આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિ પરતંત્ર ચલ – બુદ્ધિ

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** આ સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાની બી.એડ કોલેજના વર્ષ 2022-24 માં તાલીમ લેતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે નમુના તરીકે માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુરના 110 તાલીમાર્થીઓ તેમજ શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસાના 110 તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** ડૉ. કે. જી. દેસાઈ રચિત અને પ્રમાણિત બુદ્ધિ કસોટી, ડૉ. એસ. કે મંગલ અને શુભ્રા મંગલ રચિત અને પ્રમાણિત મંગલ સાંવેગિક બુદ્ધિ માપદંડ, ડૉ. પથિક બારોટ રચિત અને પ્રમાણિત આધ્યાત્મિક બુદ્ધિ માપદંડ

**પૃથક્કરણની રીત-** ટકાવારી, સરાસરી, પ્રમાણિત વિચલન, સરાસરીની પ્રમાણભૂલ ક્રાંતિક ગુણોત્તર

**સંશોધનના તારણો-**

- સમગ્ર નિદર્શના મહત્તમ તાલીમાર્થીઓમાં ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ કક્ષા જોવા મળી હતી.
- સમગ્ર નિદર્શના મહત્તમ તાલીમાર્થીઓ મધ્યમ કક્ષાની સાંવેગિક બુદ્ધિ ધરાવે છે તેવું જોવા મળ્યું હતું.
- બી.એડ્.કક્ષાએતાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરીઓ કરતા છોકરાઓ વધુ ઉચ્ચ કક્ષાની બુદ્ધિ ધરાવતા હતા. આમ બી. એડ્. ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી.
- બી.એડ્.કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતી હતી. આમ, બી.એડ્. ના તાલીમાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી.
- બી.એડ્. કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ ઉચ્ચ કક્ષાની સાંવેગિક બુદ્ધિ ધરાવતી હતી. આમ, બી.એડ્. ના તાલીમાર્થીઓને સાંવેગિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી.
- બી.એડ્. ના તાલીમાર્થીઓમાં ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે.આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પરઆધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી.
- બીએડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર આધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી.
- બી.એડ્. ના તાલીમાર્થીઓમાં નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ, બી. એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર આધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓમાં ઉચ્ચ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ સાંવેગીક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી.
- બી.એડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા ઉચ્ચ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે.આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

તાલીમાર્થીઓની બુદ્ધિ કક્ષા જાણી, તેમની બુદ્ધિ કક્ષા વધારવાના ઉપાયો હાથ ધરવામાં સરળતા રહેશે.તાલીમાર્થીઓ પોતાની લાગણી અને ઈચ્છાઓ પર નિયંત્રણ મૂકી શકશે.તાલીમાર્થીઓની બુદ્ધિ અને સાંવેગિક

બુદ્ધિને ધ્યાનમાં રાખી અધ્યાપન કાર્ય કરવામાં આવશે.તાલીમાર્થીઓ બીજાના સંવેગો જાણી તેમની સાથે કેવી રીતે વર્તન કરવું તે જાણી શકાશે. તાલીમાર્થીઓ આધ્યાત્મિક રૂપથી કેટલા બુદ્ધિશાળી છે તે જાણી શકાશે.યોગ્ય આધ્યાત્મિકતાનો વિકાસ કરી ઉત્તમ અને આદર્શ શિક્ષકનું નિર્માણ કરી શકાશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ કક્ષા,આધ્યાત્મિક બુદ્ધિ કક્ષા અને સાંવેગિક બુદ્ધિ કક્ષા નિર્ધારિત કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો. સંશોધનની પદ્ધતિ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ હતી વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાની બી.એડ કોલેજના વર્ષ 2022-24 માં તાલીમ લેતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને નમૂના તરીકે આ સંશોધનમાં વ્યાપવિશ્વ જ્યારે નમુના તરીકે માતૃશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુરના 110 તાલીમાર્થીઓ તેમજ શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, ડીસાના 110 તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ડૉ. કે. જી. દેસાઈ રચિત અને પ્રમાણિત બુદ્ધિ કસોટી, ડૉ. એસ. કે મંગલ અને શુભ્રા મંગલ રચિત અને પ્રમાણિત મંગલ સાંવેગિક બુદ્ધિ માપદંડ, ડૉ. પથિક બારોટ રચિત અને પ્રમાણિત આધ્યાત્મિક બુદ્ધિ માપદંડ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. ટકાવારી અને ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.જેનાં તારણ મળ્યા હતા બી.એડ્. કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતી હતી. આમ, બી.એડ્.ના તાલીમાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો-** બુદ્ધિ, આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિ

**46.સશોધકનું નામ- Moga Trushnaben Raghabhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-૧૧ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ-અધ્યયનની અસરકારકતા

**Effectiveness Of PPT And Self-Learning Material For The Teaching Unit Demand Of Economics Subject Of Standard Elleventh**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક ટેકનોલોજી, અધ્યાપન પ્રયુક્તિ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ 11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત અધ્યાપન કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે સ્વ અધ્યયન સાહિત્યની સરચના કરવી.
- ધોરણ 11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે હેતુલક્ષી સિદ્ધિકસોટીની સંરચના કરવી.
- ધોરણ 11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને સ્વ અધ્યયન સાહિત્યની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ કુમારોએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

- પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, સ્વ અધ્યયન સાહિત્ય પરતંત્રચલ- શૈક્ષણિક સિધ્ધિ પરિવર્તક ચલ- જાતિ, અંકુશિતચલ- શ્રેણી, વિષય.,એકમ ,માધ્યમ ,વિસ્તાર,પ્રયોગ કાર્યનો સમય ગાળો ,શૈક્ષણિક વર્ષ, શિક્ષકની અધ્યાપન ક્ષમતા ,તાસની સંખ્યા ,તાસનો સમય,તાસનો ક્રમ આંતરવર્તીયચલ- વિષય પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ અને ઉત્સાહ, પ્રયોગનુ નાવીન્ય, અન્ય દ્વારા અધ્યયન મળતી મદદ, વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવત, વિષય પ્રત્યે રસ,

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** સંશોધકે વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ- 11 ના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.સહેતુક નમૂના પસંદગી દ્વારા સંશોધકે પોતાના સંશોધન અભ્યાસ માટે કુલ 60 વિદ્યાર્થીઓનો નમૂનો લેવાનું નક્કી કર્યું હતું.

**ઉપકરણ-** સ્વ-રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** : ટી-કસોટી

**સંશોધનના તારણો-**

- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સ્વ અધ્યયન કરતાંપાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણની ધનાત્મક અસર જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ કરતા કુમારોએ સ્વ અધ્યયન ના કુમારોની તુલનામાં વધુ અસરકારકતા જોવા મળી હતી.
- શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ કરતી કન્યાઓએ વ્યાખ્યાન પદ્ધતિની કન્યાઓની તુલનામાં વધુ અસરકારકતા જોવા મળી હતી .
- પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ કરતા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણકાર્ય કરવું જોઈએ.શાળાના આચાર્ય શિક્ષકોને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન માટે સાહિત્ય તૈયાર કરવા સેમિનાર, વર્કશોપ યોજવા જોઈએ.શિક્ષકે વિષયવસ્તુને અનુરૂપ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન નો ઉપયોગ કરી અધ્યાપન કાર્ય કરવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ 11 ના અર્થશાસ્ત્ર વિષયના માંગ એકમના અધ્યાપન માટે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત અધ્યાપન કાર્યક્રમ અને સ્વ અધ્યયન સાહિત્યની સરચના કરવાનો હતો. શોધનનો પ્રકાર- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો અને સંશોધનની પદ્ધતિ પ્રાયોગિક સંશોધન પદ્ધતિ હતી. સંશોધકે વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ધોરણ- 11 ના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. સહેતુક નમૂના પસંદગી દ્વારા સંશોધકે પોતાના સંશોધન અભ્યાસ માટે કુલ 60 વિદ્યાર્થીઓનો નમૂનો લેવાનું નક્કી કર્યું હતું. સ્વ-રચિત સિદ્ધિ કસોટી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.ટી-કસોટીથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેનાં તારણ સ્વરૂપે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષણ કરતા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો-** પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન , સ્વ અધ્યયન સાહિત્ય, અસરકારકતા

**47.સશોધકનું નામ- Parmar Urmilaben Bhikhabhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ-**10** ના સામાજિક વિજ્ઞાન વિષયના નવા પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંકની સંરચના

**Construction Of Question Bank Based On New Syllabus Of Social Science Subject Of Std-10**

**સંશોધનનું ક્ષેત્ર** – શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન પાઠ્યક્રમ આધારિત વિકલ્પ પ્રકારના પ્રશ્નોની રચના કરવી.
- રચાયેલા પ્રશ્નોની વિદ્યાર્થીઓ ઉપર અજમાયશ કરી કલમ પૃથક્કરણ દ્વારા તેમની યોગ્યતા તપાસવી.

**સંશોધનની પ્રશ્નો –**

- ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં રચાયેલ અનાત્મકલક્ષી પ્રકારના પ્રશ્નોનું સરળતા મૂલ્ય કેટલું હશે ?
- રચાયેલા પ્રશ્નોનું તારવણી મૂલ્ય કેટલું હશે ?
- રચાયેલા પ્રશ્નો પૈકી કેટલા પ્રશ્નો પ્રશ્ન બેંકમાં સમાવેશ કરવા યોગ્ય હશે ?

**સંશોધનના ચલ-** --------------------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ગુજરાતી માધ્યમવાળી માધ્યમિક શાળાઓમાં 2023-24 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ-10 સ્વામીનારાયણ ગુરૂકુળ, એલ. એસ. હાઇસ્કુલ, એડનવાલા હાઈસ્કૂલ, શેઠશ્રી એમ. પી. હાઇસ્કુલ, શાંતિનિકેતન હાઇસ્કુલ, સિધ્ધપુરમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ હતા.

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નબેંક

**પૃથક્કરણની રીત-** તારવણી મૂલ્ય અને સરળતા મૂલ્ય

**સંશોધનના તારણો-**

➢ <u>પ્રશ્નોના અર્થઘટનના સંદર્ભમાં તારણો</u>

- ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત રચાયેલ બહુવૈકલ્પિક પ્રકારના પ્રશ્નોનું સરળતા મૂલ્યો 0.24 થી 0.95 સુધી જોવા મળ્યું હતું.
- અજમાયશ કરેલા પ્રશ્નોનું તારવણી મુલ્ય 0.04 થી 0.65 સુધી જોવા મળ્યું હતું.
- અજમાયશ કરેલા 156 પ્રશ્નો પૈકી 120 પ્રશ્નો યોગ્ય નીવડ્યા હતા.
- અજમાયશ કરેલા 156 પ્રશ્નો પૈકી 36 પ્રશ્નો અયોગ્ય નીવડ્યા હતા.

➢ <u>પ્રશ્નબેંકની અજમાયશના સંદર્ભમાં તારણો</u>

- અજમાયશ કરેલ પ્રશ્નબેંકમાં 100 વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણની સરાસરી 75.30 મધ્યસ્થ 77.00 અને પ્રમાણવિચલન 18.18 જોવા મળ્યું હતું.
- અજમાયશ કરેલ 100 વિદ્યાર્થીઓના પ્રશ્નબેંકના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ ઋણ વિરૂપતા ધરાવે છે. તેમજ કકુદતા મૂલ્યની દ્રષ્ટિએ વિતરણ સમધારણ છે.

**સંશોધનના ફલિતાર્થો-**

સામાજિક વિજ્ઞાન વિષયમાં રચાયેલા પ્રસ્તુત પ્રશ્નબેંકની મદદથી પાઠ્યક્રમ અનુસાર યોગ્ય પ્રશ્નોની પસંદગી કરી શકશે. તેમજ તરંગી વિચિત્ર અને અસ્પષ્ટ પ્રશ્નોને બદલે સ્પષ્ટ,સચોટ અને આનુષંગીક પ્રશ્નો વિદ્યાર્થીઓને પૂછી શકશે.વિદ્યાર્થીઓ માટે એકમ કસોટી સત્રાંત કસોટી અને વાર્ષિક કસોટી માટે પ્રશ્નોની પસંદગી પ્રસ્તુત પ્રશ્નબેંકમાંથી કરી શકશે.વિદ્યાર્થીઓનું સરળ, ઝડપી અને અનાત્મલક્ષી મૂલ્યાંકન કરવા માટે પ્રશ્નબેંકનો ઉપયોગ થઈ શકશે.વિદ્યાર્થીઓના સ્વ અધ્યય માટે પણ પ્રસ્તુત પ્રશ્નબેંક ઉપયોગી થઈ શકશે.વિષય શિક્ષક પોતાના વિષય તેમજ શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી

કરતા વિદ્યાર્થીઓ,શિક્ષકો તેમજ કોઈપણ વ્યક્તિને પ્રસ્તુત પ્રશ્નબેંક ઉપયોગી બનશે.વિદ્યાર્થીઓ પ્રત્યેક એકમમાંથી કેવા પ્રશ્નો પુછાઈ શકે તેની માહિતી મેળવી શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન પાઠ્યક્રમ આધારિત વિકલ્પ પ્રકારના પ્રશ્નોની રચના કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન હતો.સંશોધનની પદ્ધતિ સર્વેક્ષણ પદ્ધતિ હતી. વ્યાપવિશ્વ અને નમૂના તરીકે પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ગુજરાતી માધ્યમવાળી માધ્યમિક શાળાઓમાં 2023-24 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ-10 સ્વામીનારાયણ ગુરુકુળ, એલ. એસ. હાઇસ્કુલ, એડનવાલા હાઈસ્કૂલ, શેઠશ્રી એમ. પી. હાઇસ્કુલ, શાંતિનિકેતન હાઇસ્કુલ, સિધ્ધપુરમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ હતા. સ્વ રચિત પ્રશ્નબેંક દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી તારવણી મૂલ્ય અને સરળતા મૂલ્યને આધારે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તારણ તરીકે અજમાયશ કરેલ 100 વિદ્યાર્થીઓના પ્રશ્નબેંકના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ ઋણ વિરૂપતા ધરાવે છે. તેમજ કકુદતા મૂલ્યની દ્રષ્ટિએ વિતરણ સમધારણ છે.

**ચાવીરૂપ શબ્દો**- પ્રશ્નબેંક, પાઠયક્રમ

**48.સશોધકનું નામ- Solanki Vinodbhai Mirkhanbhai**

**માર્ગદર્શકનું નામ- Mr.P.K.Pancholi**

**કોલેજનું નામ**- શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-11 ના વિદ્યાર્થીઓ માટે વ્યસન મુક્તિ સભાનતા કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

**Construction and Effectiveness of additional Eradication Awareness Programme for Students of Standard -XI**

**સંશોધનનું ક્ષેત્ર** –શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધો-૧૧ નાં વિદ્યાર્થીઓ માટે પાવર પોઇન્ટ પ્રઝન્ટેશન આધારીત વ્યસનમુક્તિ કાર્યક્રમની સંરચના કરવી.
- ધો-૧૧ નાં વિદ્યાર્થીઓ માટે વ્યસનમુક્તિ સભાનતા માપન કસોટીની સંરચના કરવી.
- પાવર પોઈન્ટ પ્રઝન્ટેશન દ્વારા વ્યસનમુક્તિ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિ સભાનતા માપન કસોટીમાં(ઉતર કસોટી) મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિ સભાનતા માપન કસોટીમાં(પૂર્વ કસોટી ) મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની પૂર્વકસોટી અને ઉત્તરકસોટીનાં સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની પૂર્વકસોટી અને ઉત્તરકસોટીનાં સરાસરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ**- --------------------------

**સંશોધનનો પ્રકાર**- વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો**- પોશીના તાલુકા વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ષ ૨૦૨૨-૨૦૨૪ દરમિયાન ધોરણ-૧૧ માં અભ્યાસ કરતા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં અવ્યા હતા.

**ઉપકરણ**- સ્વ રચિત એકમ કસોટી લેવામાં આવી હતી.

**પૃથક્કરણની રીત**- સરાસરી, પ્રમાણવિચલન અને ટી- મૂલ્ય

**સંશોધનના તારણો-**

- ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન આધારીત વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
- પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ ને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
- પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તરકસોટી અને પૂર્વકસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યા હતા.જે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમને આભારી હતો.
- નિયંત્રિત જુથના વિદ્યાર્થીઓના ઉત્તરકસોટી અને પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-**

ધોરણ -૧૧ નાં વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ પાવર પોઇન્ટ સ્લાઇડ પ્રેઝન્ટેશન આધારિત વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક બનાવી શકાય.વ્યસનમુક્તિ સભાનતા વિકસાવવા માટે આ કાર્યક્રમનો સમાજના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરી શકાય.તેમજ સમાજમાં વ્યસન અંગેની સભાનતા વિકસાવી ઘણી જ આવશ્યક છે.તેથી સ્કૂલ કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધો-૧૧ નાં વિદ્યાર્થીઓ માટે પાવર પોઇન્ટ પ્રઝન્ટેશન આધારીત વ્યસનમુક્તિ કાર્યક્રમની સંરચના કરવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતું અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિ હતી. પોશીના તાલુકા વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ષ ૨૦૨૨-૨૦૨૪ દરમિયાન ધોરણ -૧૧ માં અભ્યાસ કરતા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં અવ્યા હતા. સ્વ રચિત એકમ કસોટી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. ટી- મૂલ્ય દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેના તારણ સ્વરૂપે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો-** વ્યસનમુક્તિ સભાનતા કાર્યક્રમ, પૂર્વકસોટી, ઉત્તરકસોટી

<u>**49.સશોધકનું નામ- Jadav Virmabhai Methabhai**</u>

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

લોકનિકેતન ટ્રસ્ટ રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ

**An Organizational Person Study Of LokniketanRatanpur Managed Educational Institutions**

**સંશોધનનું ક્ષેત્ર** - સંગઠન, વહીવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ-**

- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉદ્દભવ અને વિકાસ અંગેની વિગતો જાણવી.
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપલબ્ધ સુવિધાઓનો અભ્યાસ કરવો.
- લોકનિકેતન રતનપુર શૈક્ષણિક સંસ્થાઓમાં કેટલા ધોરણો કેટલા વર્ગો કેટલા શિક્ષકો વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેની માહિતી મેળવવી.
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષદીઠ શૈક્ષણિક પરિણામો વિગતો જાણવી.
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવવી.

**સંશોધનની પ્રશ્નો –**

- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉદ્દભવ અને વિકાસ કેવો હશે?
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપલબ્ધ સુવિધાઓ કઈ કઈ હશે?
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હશે?
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ કેટલા ધોરણો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા હશે?
- લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ દીઠ પરિણામો કેવા હશે?

**સંશોધનના ચલ-**

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણાત્મક પદ્ધતિ પૈકી વ્યક્તિ અભ્યાસ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં લોકનિકેતન રતનપુર સંસ્થાને સંશોધનના વ્યાપવિશ્વ તરીકે અને તેમાં નમૂના તરીકે સંચાલિત સંસ્થાઓને પસંદ કરવામાં આવી હતી

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નાવલી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- આ સંસ્થાઓમાં તાલીમ બદ્ધ તજજ્ઞો અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા અને સારો દેખાવ કરવા પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવે છે.
- આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું જ્ઞાન ચિરસ્થાયી બને તે માટે વિવિધ સેમીનાર, અભ્યાસ વર્તુળ અને પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.
- આ સંસ્થાઓનું છેલ્લા વર્ષોનું પરિણામ ખૂબ જ સરસ છે.
- વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃતિઓ થાય છે અને તેમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લે છે.
- આ સંસ્થાઓમાં સમૂહ પ્રાર્થના સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અને સફાઈ, વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, વૃક્ષારોપવા વગેરે પ્રવૃતિઓ થાય છે.
- આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને રહેવા માટેની સારી સગવડ છે. વિદ્યાર્થીઓને છાત્રાલયમાં ઘર જેવું વાતાવરણ અને સગવડ પૂરી પાડવામાં આવે છે.
- આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે ભૌતિક સાધનો પૂરતા પ્રમાણમાં પૂરા પાડવામાં આવે છે.
- આ સંસ્થાઓમાં ગ્રંથાલયની સુવિધા સારા પ્રમાણમાં છે.

**સંશોધનના ફલિતાર્થો-**

આ સંસ્થા સંચાલિત સંસ્થાઓનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય.સંપૂર્ણ વિકસિત સંસ્થાઓમાં વ્યકિત અભ્યાસ કરીને સંસ્થાઓનો સંપૂર્ણ વિકાસ કેવી રીતે થાય છે. તે જાણીને અવિકસિત સંસ્થાઓને વિકસિત સંસ્થાઓનું ઉદાહરણ આપી માર્ગદર્શન પાડી શકાય.વ્યકિત અભ્યાસથી સંસ્થાકીય સિધ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય.સંસ્થાઓના વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપી શકાય.Placement cell શરૂ કરવો જોઈએ.શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓને સહકાર આપી વધુને વધુ વ્યવસાયલક્ષી શિક્ષણ પૂરૂ પાડવું જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધન લોકનિકેતન ટ્રસ્ટ રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસહતું. જેનો લોકનિકેતન રતનપુર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો ઉદ્દભવ અને વિકાસ ,સુવિધાઓનો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન **હતો** સંશોધનની પદ્ધતિની વર્ણાત્મક પદ્ધતિ પૈકી વ્યક્તિ અભ્યાસ હતું. વ્યાપવિશ્વ લોકનિકેતન રતનપુર સંસ્થાને સંશોધનના વ્યાપવિશ્વ તરીકે અને તેમાં

નમૂના તરીકે સંચાલિત સંસ્થાઓને પસંદ કરવામાં આવી હતી.ઉપકરણ સ્વ રચિત પ્રશ્નાવલીહતી. માહિતીનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંસ્થાઓમાં સમૂહ પ્રાર્થના સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અને સફાઈ, વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, વૃક્ષારોપવા વગેરે પ્રવૃતિઓ થાય છે. વિદ્યાર્થીઓને રહેવા માટેની સારી સગવડ છે. વિદ્યાર્થીઓને છાત્રાલયમાં ઘર જેવું વાતાવરણ અને સગવડ પૂરી પાડવામાં આવે છે. સંપૂર્ણ વિકસિત સંસ્થાઓમાં વ્યકિત અભ્યાસ કરીને સંસ્થાઓનો સંપૂર્ણ વિકાસ કેવી રીતે થાય છે. તે જાણીને અવિકસિત સંસ્થાઓને વિકસિત સંસ્થાઓનું ઉદાહરણ આપી માર્ગદર્શન પાડી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** લોકનિકેતન ટ્રસ્ટ, સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ, વ્યક્તિ અભ્યાસ

**50.સશોધકનું નામ- Rajput Vishnuba Pratapsinh**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી**: 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધોરણ- 5 માં અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની રચના અને અસરકારકતા

**Construction And Effectiveness Of English Vocabulans Development Program For The Students Of Standards – 5**

**સંશોધનનું ક્ષેત્ર** - પ્રાથમિક શિક્ષણ, ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-5ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયના શબ્દ ભંડોળ કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ-5ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા જાણવા સિદ્ધિ કસોટીની રચના કરવી.
- ધોરણ-5ના વિદ્યાર્થીઓ પર અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની અજમાયશ કરવી.
- ધોરણ-5ના અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની જાતિયતા પર અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- ધોરણ-5ના વિદ્યાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-5ના કુમારો અને કન્યાઓના ઉત્તર કસોટીના પરિણામમાં સાર્થક તફાવત નહીં હોય.
- ધોરણ-5ના કુમારો અને કન્યાઓના પૂર્વ કસોટીના પરિણામમાં સાર્થક તફાવત નહિ હોય.
- ધોરણ-5ની કન્યાઓમાં પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પરિણામોની તુલનામાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ**-સ્વતંત્ર ચલ - શબ્દભંડોળ કાર્યક્રમ, પરતંત્ર ચલ – ઉત્તર કસોટીના પ્રાપ્તાંક, અંકુશિત ચલ- ધોરણ, વિષય, વિસ્તાર

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાની વડગામ તાલુકાની પ્રાથમિક શાળાના વર્ષ 2022-23 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસ કરતા ધોરણ-5 ના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં વડગામ તાલુકાની અનુપમ પ્રાથમિક શાળાના ધોરણ-5 ના કુલ 40 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

**ઉપકરણ-** શિક્ષક રચિત પૂર્વ-ઉત્તર કસોટી, ઉત્તર કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-**

- અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની માવજત આપતા પહેલા કરતા કાર્યક્રમની માવજત આપ્યા પછી વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વિકાસ થયો હતો.

- ધોરણ-5 ના કુમારોમાં કાર્યક્રમની માવજત આપતા પહેલા કરતા કાર્યક્રમોની માવજત આપ્યા પછી શબ્દભંડોળ વિકાસ થયો હતો.
- ધોરણ-5 ની કન્યાઓમાં કાર્યક્રમની માવજત આપ્યા પહેલા કરતા કાર્યક્રમોની માવજત આપ્યા પછી તેમના શબ્દભંડોળમાં વધારો થયો હતો.
- ધોરણ-5 ના વિદ્યાર્થીઓના કાર્યક્રમોની માવજત આપ્યા પહેલા કરતા કાર્યક્રમની માવજત આપ્યા પછીના સરેરાશ અંકો ઊંચા હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળનું ધારણ વધારવા માટે શબ્દભંડોળ કાર્યક્રમ કે જેમાં ખૂટતા મૂળાક્ષરો મૂકી શબ્દ બનાવો, વિરૃદ્ધાર્થી શબ્દો આપો, ચોક્કસ મૂળાક્ષરથી શરૂ થતા સ્પેલિંગ, અંગ્રેજી શબ્દાર્થ આપો, રોજિંદા વ્યવહારમાં ઉપયોગી વસ્તુઓના અંગ્રેજી અર્થ મેળવો, આવી અનેક પ્રવૃત્તિ કરાવી શકાય.વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ વિભાગે અંગ્રેજી ભાષાના નિષ્ણાંતો પાસેથી વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની સંરચના કરાવવી જોઈએ .અન્ય ધોરણોમાં પણ આ પ્રકારનો શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ અમલ કરી શકાય.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-5ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયના શબ્દ ભંડોળ કાર્યક્રમની રચના કરવી અને અંગ્રેજી શબ્દ ભંડોળ વિકાસ કાર્યક્રમની અસરકારકતા જાણવા સિદ્ધિ કસોટીની રચના કરવાનો હતો. સંશોધનનો પ્રકાર**નો** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક હતો. પ્રાયોગિક સંશોધન બનાસકાંઠા જિલ્લાની વડગામ તાલુકાની પ્રાથમિક શાળાના વર્ષ 2022-23 ના શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસ કરતા ધોરણ-5 ના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં નમૂનો વડગામ તાલુકાની અનુપમ પ્રાથમિક શાળાના ધોરણ-5 ના કુલ 40 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે શિક્ષક રચિત પૂર્વ-ઉત્તર કસોટી, ઉત્તર કસોટી. માહિતીનું પૃથક્કરણ ટી- કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. અંગ્રેજી શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમની માવજત આપતા પહેલા કરતા કાર્યક્રમની માવજત આપ્યા પછી વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળ વિકાસ થયો હતો.

**ચાવીરૂપ શબ્દો-** શબ્દભંડોળની વ્યાખ્યા, શબ્દભંડોળ વિકાસ કાર્યક્રમ, શબ્દભંડોળ વિકાસ માપન કસોટી

**51.સશોધકનું નામ- Dave Rutu Madhusudanbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.J.L.Barad**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

ધો-૧૦ ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના

**Construction of Question Bank Based on Syllabus of Gujarati Subject of Std.10**

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન તથા વિજ્ઞાન શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધોરણ-૧૦ ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંકની રચના કરવી.
- ધોરણ-૧૦ ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત બહુ વિકલ્પ પ્રકારના પ્રશ્નોની રચના કરવી.

**સંશોધનના પ્રશ્નો–**

- ધોરણ-૧૦ ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોની કલમ પૃથકકરણના આધારે યોગ્યતા શું હશે?
- કલમ પૃથક્કરણ અને વિકર્ષક અસરકારકતા અંકના આધારે પ્રશ્નબેંકના તમામ પ્રશ્નોની યોગ્યતા શું હશે?
- વિષય શિક્ષકોના પ્રશ્નબેંક વિશે અભિપ્રાયો શું હશે?

**સંશોધનના ચલ-** -------------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** N.C.E.R.T. નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનો વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કર્યો હતો. ધોરણ-10 ના ગુજરાતી વિષયના 24 પ્રકરણો નમુના તરીકે લીધા હતા. આ ઉપરાંત તજજ્ઞ અભિપ્રાય માટે 10 ગુજરાતીના શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત પ્રશ્નબેંક

**પૃથક્કરણની રીત-** સાદી- ટકાવારી

**સંશોધનના તારણો-**

- પ્રશ્નબેંકમાં રચવામાં આવેલા પ્રશ્નોએ તજજ્ઞીય અભિપ્રાયના આધારે યોગ્ય હતા.
- પ્રશ્નબેંકમાં રચવામાં આવેલા પ્રશ્નો અગાઉના ત્રણ વર્ષની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રમાં પુછાયેલા પ્રશ્નોના આધારે યોગ્ય હતા.
- પ્રશ્નબેંકના 175 પ્રશ્નોમાંથી 150 પ્રશ્નો યોગ્ય નીવડ્યા હતા.
- પ્રશ્નબેંકના 175 પ્રશ્નોમાંથી 25 પ્રશ્નો અયોગ્ય રહ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રાશ્નિકોને પ્રશ્નબેંકની મદદથી પ્રશ્નપત્રમાં ગુજરાતી પાઠયક્રમ પરના યોગ્ય પ્રશ્નો મૂકી શકશે. તરંગી, વિચિત્ર, અસ્પષ્ટ અને દ્વિધાયુક્ત પ્રશ્નોને બદલે આનુષંગિક અને યથાર્થ પ્રશ્નો પૂછી શકાશે.અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે.શિક્ષણને અસરકારક બનાવવામાં અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે અને પ્રશ્નોની સુસંગતતા અને યથાર્થતા ચકાસી શકાશે.શિક્ષક વડે થયેલું અધ્યાપન કાર્ય કેટલું અસરકારક રહ્યું  તે જાણવા માટે પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકાશે.શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે.વિદ્યાર્થીઓ પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-૧૦ ના ગુજરાતી વિષયના પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંકની રચના અને બહુ વિકલ્પ પ્રકાર રચનાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન અને .સંશોધનની પદ્ધતિની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. N.C.E.R.T. નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનો વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કર્યો હતો. ધોરણ-10 ના ગુજરાતી વિષયના 24 પ્રકરણો નમુના તરીકે લીધા હતા. આ ઉપરાંત તજજ્ઞ અભિપ્રાય માટે 10 ગુજરાતીના શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. ઉપકરણમાં સ્વ રચિત પ્રશ્નબેંકની રચના કરવામાં આવી હતી. માહિતીનું પૃથક્કરણ સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું. સંશોધન તારણ પ્રશ્નબેંકમાં રચવામાં આવેલા પ્રશ્નો અગાઉના ત્રણ વર્ષની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રમાં પુછાયેલા પ્રશ્નોના આધારે યોગ્ય હતા.

**ચાવીરૂપ શબ્દો-** ધોરણ-૧૦,ગુજરાતી, પાઠ્યક્રમ, પ્રશ્નબેંક સંરચના


**52.સશોધકનું નામ- Bhatiya Palak Karsanbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.C.M.Trivedi**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્


**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

**પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ પર વિદ્યાર્થીઓના અભિપ્રાય પરનો તુલનાત્મક અભ્યાસ**

A Comparative Study of student opinion on-traditional teaching methods and online teaching Methods

**સંશોધનનું ક્ષેત્ર** - શૈક્ષણિક ટેકનોલોજી, પ્રાથમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ અને ઓનલાઈન શિક્ષણ અંગેના અભિપ્રાયો જાણવા માટે ઉપકરણની રચના કરવી.
- ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો જાણવા.
- ધો-7 ના વિદ્યાર્થીઓના ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો જાણવા.
- ધો-7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિમાં વિવિધ રીતે પડતી મુશ્કેલીઓ અંગેના અભિપ્રાયો મેળવવા.

**સંશોધનની પ્રશ્નો–**

- ધો-7 વિદ્યાર્થીઓનો પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાય જાણવા માટે રેચલ ઉપકરણ અસરકારક નિવડશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો કેવા હશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓના ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો કેવા હશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ નડી હશે ?
- ધો-7 ના વિદ્યાર્થીઓમાં પરંપરાગત શિક્ષણ અને ઓનલાઈન શિક્ષણ અંગેના અભિપ્રાયોમાં ભેદ જોવા મળશે કે કેમ ?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર પરતંત્ર ચલ- અભિપ્રાયાવલી

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત અભ્યાસમાં પાલનપુર તાલુકાની કુલ-182 સરકારી શાળાના વિદ્યાર્થીઓ પૈકી યાદૃચ્છિક નમૂના પસંદગીથી 5-શાળાઓના 100 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં અવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત અભિપ્રાયાવલી

**પૃથક્કરણની રીત-** કાઇવર્ગ

**સંશોધનના તારણો-**

- 1.59(59%)વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી કરવવામાં આવતા શિક્ષણકાર્યને સમજવામાં સરળતા અહેતી હતી અને (35%)વિદ્યાર્થીઓને સમજવામાં સરળતા રહેતી ન હતી.2.41(41%)વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ સુવિધા ઉત્સાહનો અભાવ જોવા મળતો નથી અને 32(32%)વિદ્યાર્થીઓનઓનલાઈન શિક્ષણ સુવિધા જનક લાગે છે.3.54(54%)વિદ્યાર્થીઓને વધુ પડતું ઓનલાઈન શિક્ષણ મેળવવાથી આંખોને નુકશાન થાય છે. અને 18 (18%) વિદ્યાર્થીઓને વધુ પડતું ઓનલાઈન શિક્ષણ મેળવવાથી આંખોને નુકસાન થતું નથી જ્યારે 28(28%)વિદ્યાર્થીઓ આ વિધાનમાં તટસ્થ રહ્યા હતા.
- 4.44(44%) વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પધ્ધતિમાં પોતાની અનુકૂળતાએ અભ્યાસ કરી શકે છે અને 19(19%) વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિમાં પોતાની અનુકૂળતાએ અભ્યાસ કરી શકતા નથી જ્યારે 37(37%)વિદ્યાર્થીઓ આ વિધાનમાં તટસ્થ રહ્યા હતા.
- 5.56(56%) વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી કલ્પનાશક્તિમાં વધારો થાય તેવું લાગતું નથી જેમાં 22 (22%) વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી કલ્પનાશક્તિમાં વધારો થતો લાગે છે જ્યારે 22 (22%) વિદ્યાર્થીઓ આ વિધાનમાં તટસ્થ રહ્યા હતા.
- 6.35 (35%) વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી ભણવામાં રસ પડતો નથી જેમાં 36 (36%) વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી ભણવામાં રસ પડે છે જ્યારે 29 (29%) વિદ્યાર્થીઓ આ વિધાનમાં તટસ્થ રહ્યા હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે, પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ બાબતે ધો-7 ના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જુદાજુદા જોવા મળ્યા હતા. મેળવેલી માહિતીના આધારે એવું જાણવા મળ્યું હતું કે મોટા ભાગના વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી વધુ અનુકૂળતા ધરાવતા હતા. જ્યારે કેટલેક અંશે વિદ્યાર્થીઓ બંન્ને પદ્ધતિઓ સાથે સાનુકૂળતા ધરાવતા જોવા મળ્યા હતા.વળી જો જાતિવાર જોવા જોઈએ તો છોકરાઓ કરતાં છોકરીઓને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ સરળ લાગી હતી. તેમ જ છોકરાઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સરળ લાગી હતી. તેમાં પણ કેટલેક અંશે બંન્ને પક્ષોમાં વિદ્યાર્થીઓ તટસ્થ રહ્યા હોય એવું જાણવા મળ્યું હતું.

**ઉપસંહાર-**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ અને ઓનલાઈન શિક્ષણ અંગેના અભિપ્રાયો જાણવા માટે ઉપકરણની રચના અને ધો-7 ના વિદ્યાર્થીઓના પરંપરાગત શિક્ષણ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ અંગેના અભિપ્રાયો જાણવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો અને સંશોધનની પદ્ધતિ સર્વેક્ષણ હતી. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની કુલ-182 સરકારી શાળાના વિદ્યાર્થીઓ પૈકી યાદૃચ્છિક નમૂના પસંદગીથી 5-શાળાઓના 100 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં અવ્યા હતા. સ્વ રચિત અભિપ્રાયાવલી દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. પ્રસ્તુત માહિતીનું કાઇવર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તારણ સ્વરૂપે જોવા મળ્યું હતું 59% વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી કરવવામાં આવતા શિક્ષણકાર્યને સમજવામાં સરળતા રહેતી હતી અને 35% વિદ્યાર્થીઓને સમજવામાં સરળતા રહેતી ન હતી. 35% વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી ભણવામાં રસ પડતો નથી જેમાં 36% વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી ભણવામાં રસ પડે છે જ્યારે 29% વિદ્યાર્થીઓ આ વિધનમાં તટસ્થ રહ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો-** પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ

**53.સશોધકનું નામ- Bhatiya yamini Karsanbhai**

**માર્ગદર્શકનું નામ- Dr.P.B.Patel**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,પાલનપુર

**વર્ષ/ યુનિવર્સિટી/ ડિગ્રી:** 2022-24 / હે. ઉ. ગુ. યુનિ, પાટણ / એમ.એડ્

**સંશોધનનું શીર્ષક(ગુજરાતી-અંગ્રેજી)-**

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના અંગ્રેજી વિષય શીખવતા શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ અંગેનો અભ્યાસ

**A study of vocabulary in English for the teachers teaching Englishsubject in primary school of banaskantha district**

**સંશોધનનું ક્ષેત્ર –** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-**

- પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શબ્દ ભંડોળ કસોટીની રચના કરવી.
- શબ્દ ભંડોળ કસોટીની અજમાઈશ કરી અંતિમ સ્વરૂપ આપવું.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ પર જાતિની અસર તપાસવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ પર શાળાના વિસ્તારની અસર તપાસવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ પર શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ પર શિક્ષકોના શૈક્ષણિક અનુભવની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ –**

- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળના પ્રાપ્તાંકોની સરાસરીમાં જાતિની દ્રષ્ટિએ અર્થસૂચક તફાવત નહીં હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળના પ્રાપ્તાંકોની સરાસરીમાં વિસ્તારની દ્રષ્ટિએ અર્થસૂચક તફાવત નહીં હોય.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળના પ્રાપ્તાંકોની સરાસરીમાં શૈક્ષણિક લાયકાતની દ્રષ્ટિએ અર્થસૂચક તફાવત નહીં હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળના પ્રાપ્તાંકોની સરાસરીમાં શિક્ષકોના શૈક્ષણિક અનુભવની દ્રષ્ટિએ અર્થસૂચક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ - શબ્દભંડોળ કાર્યક્રમ, પરતંત્ર ચલ – શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંક, અંકુશિત ચલ- જાતિ, ધોરણ, વિષય, વિસ્તાર

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે નમૂના અંગેની સ્પષ્ટતા આ મુજબ કરી છે. પ્રસ્તુત બનાસકાંઠા અભ્યાસમાં વ્યાપવિશ્વ માંથી નમૂના તરીકે બનાસકાંઠા જિલ્લાના તમામ નવ (૯) તાલુકાઓ માંથી સહેતુક રીતે શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૪૬ - સ્ત્રી શિક્ષકો અને ૩૭ - પુરુષ શિક્ષકો જેમાં ૪૮-ગ્રામ્ય વિસ્તારના અને ૩૫-શહેરી વિસ્તારની શાળાઓના શિક્ષકોનો સહેતુક રીતે સમાવેશ કરવામાં આવ્યો છે

**ઉપકરણ-** સ્વ રચિત શબ્દ ભંડોળ કસોટી

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-**

- પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકોમાં જાતિની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં અંગ્રેજી શબ્દભંડોળની બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરુષો ચડિયાતા જોવા મળ્યા હતા.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકોમાં વિસ્તારની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં શહેરી વિસ્તારના શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો ચડિયાતા સાબિત થયા હતા.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળના પ્રાપ્તાંકોમાં શૈક્ષણિક અનુભવની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો કરતાં ચડિયાતા સાબિત થયા હતા.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળના પ્રાપ્તાંકોમાં શૈક્ષણિક લાયકાતની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં પી.ટી.સી. ની લાયકાત ધરાવતા શિક્ષકો કરતાં અન્ય (પી.ટી.સી. સિવાયની) લાયકાત ધરાવતા શિક્ષકો ચડિયાતા સાબિત થયા હતા.

**સંશોધનના ફલિતાર્થો-**

શિક્ષકોએ ભાષાનું અધ્યાપન કરાવતી વખતે રચનાત્મક દ્રષ્ટિબિંદુ કેળવતા શીખવું જોઈએ. શિક્ષકોએ અંગ્રેજી અભ્યાસક્રમ અધ્યાપન વસ્તુમાંથી સર્જનાત્મક વિગતોની અલગ નોંધ કરી તેના માટે વિદ્યાર્થીઓને શબ્દરચના માટે પ્રવૃત કરવા જોઈએ.શિક્ષકોએ પોતાનું અંગ્રેજી શબ્દભંડોળ સમૃદ્ધ થાય તે માટે યોગ્ય પગલાં ભરવા જોઈએ. શિક્ષકોએ અંગ્રેજી ભાષાના અધ્યાપન કાર્ય માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જેથી અંગ્રેજીનું શિક્ષણ રસપ્રદ બની રહે. શિક્ષકોએ શાળામાં અંગ્રેજી વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચર્ચા સભા અને અંગ્રેજીનો વ્યાપ વધારતી પ્રવૃતિઓ યોજવી જોઈએ.

**ઉપસંહાર-**

પ્રસ્તુત સંશોધનનો હેતુ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શબ્દ ભંડોળ કસોટીની રચના કરવી અને પ્રાથમિક શાળાના શિક્ષકોના અંગ્રેજી શબ્દ ભંડોળ પર જાતિ, વિસ્તાર, શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવની અસર તપાસવાનો હતો. સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન હતો અને સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતુ. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાંથી નમૂના તરીકે બનાસકાંઠા જિલ્લાના તમામ નવ (૯) તાલુકાઓમાંથી સહેતુક રીતે શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૪૬ - સ્ત્રી શિક્ષકો અને ૩૭ - પુરુષ શિક્ષકો જેમાં ૪૮-ગ્રામ્ય વિસ્તારના અને ૩૫-શહેરી વિસ્તારની શાળાઓના શિક્ષકોનો સહેતુક રીતે સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્વ રચિત શબ્દ ભંડોળ કસોટી દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. સાદી ટકાવારીથી પૃથક્કરણ કર્યું હતું. જેના તારણો પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકોમાં જાતિની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા

મળ્યો હતો. જેમાં અંગ્રેજી શબ્દભંડોળની  બાબતમાં સ્ત્રીઓ કરતાં પુરુષો ચડિયાતા જોવા મળ્યા હતા. પ્રાથમિક શાળાના શિક્ષકોના શબ્દભંડોળ કસોટીના પ્રાપ્તાંકોમાં વિસ્તારની દ્રષ્ટિએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. જેમાં શહેરી વિસ્તારના શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો ચડિયાતા સાબિત થયા હતા.

**ચાવીરૂપ શબ્દો**- અંગ્રેજી શબ્દ ભંડોળ, શિક્ષકો, પ્રાથમિક શાળા

# સુવર્ણજયંતી મહોત્સવની ઉજવણી

અમને જણાવતા આનંદ થાય છે, કે શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ આ વર્ષે 2024-25 માં પચાસ વર્ષ પૂર્ણ કર્યા તેના ભાગરૂપે સુવર્ણજયંતીની ઉજવણી કરી રહ્યા છે. શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળની સ્થાપના 3 ફેબ્રુઆરી 1971 ના રોજ શિક્ષણના એક ઉમદા વિચારથી ખેડૂત વર્ગ દ્વારા થઈ હતી. એક છાત્રાલયથી શરૂઆત કરેલ હતી અને આજે ગુજરાત રાજ્ય અને પાલનપુર શહેરની એક જાણીતી સંસ્થામાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. પાંચ દાયકાની આ સંસ્કાર અને શિસ્ત સાથેના શિક્ષણની વિકાસ યાત્રામાં આ સંસ્થામાં કુમાર અને કન્યા છાત્રાલય, બાલમંદિરથી ધોરણ-12 સુધી ગુજરાતી માધ્યમ, બાલમંદિરથી ધોરણ-12 સુધી અંગ્રેજી માધ્યમ, બી.એડ્. કોલેજ, એમ.એડ્. કોલેજ, બી.એસસી. કોલેજ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને એમ.એસસી. કોલેજ સાથે કુલ મળીને 3850 વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ લઇ રહ્યા છે. આ સંસ્થામાં 175 કર્મચારી ગણ કામ કરી રહ્યા છે. વર્તમાન સમયને અનુરૂપ સેન્ટ્રલ ઈ.-લાયબ્રેરી નિર્માણ માટે ગતિવિધિ શરુ કરી દીધી છે. આ 50 વર્ષમાં આ સંસ્થાએ સફળતાના મોટા શિખરો સર કર્યા છે.

આ કાર્યક્રમના ઉપલક્ષમાં નામકરણ દાતા રૂમના દાતા, શૈક્ષણિક સાધનોના દાતા તથા નાના-મોટા તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના 50 વર્ષમાં સેવા આપેલ સંસ્થાના ભૂતપૂર્વ હોદ્દેદારો, ભૂતપૂર્વ કારોબારી સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ ગુરુજીઓ, ભૂતપૂર્વ કર્મચારીઓ અને સરકારના સારા હોદ્દા પર બિરાજમાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન કારોબારી સભ્યશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. 1970 થી 2023 સુધીના તમામ ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. સંસ્થાના વર્તમાન હોદ્દેદાર અને વર્તમાન કારોબારી દ્વારા સંસ્થામાં કાર્યરત તમામ શૈક્ષણિક, બિનશૈક્ષણિક અને સંસ્થાની સેવામાં કાર્યરત તમામ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉદાર હાથે દાન આપનાર તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.





# શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

## સંપાદક મંડળ

### માર્ગદર્શક અધ્યાપકશ્રીઓ



ડો. પિનાક્ષીબેન બી. પટેલ



શ્રી પિયુષકુમાર કે. પંચોલી



શ્રી જયંતિભાઈ વી. પટેલ



શ્રી ચેતનકુમાર જે. રાવલ



ડો. જ્યોત્સનાબેન એલ. બારડ



શ્રીમતી રાજુબેન જે. પટેલ

*We want the education by which character is formed, strength of mind is increased, the intellect is expanded, and by which one can stand on one's own feet.*

- ***Swami Vivekananda***

**Publisher:-**

Shri BKKPSM TRUST, Karnavat School Campus, Gobri Road, Palanpur-385001, Dist. – Banaskantha (Gujarat)